કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનાં ગુજરાતી ઘરોનું અગ્રણી માસિક ૨૮૦




નૃત્યાભિનયનું રેખાંકન
(કલાકાર · શ્યાવક્ષ ચાવડા)

આવતી કાલનાં નાગરિકોનું માસિક

સંસ્થાપક રવિશંકર રાવળ · વર્ષ ચોવીસમું · અંક ચોથો · એપ્રિલ ૧૯૪૭ · તંત્રી · બચુભાઈ રાવત



ગાય વિયાઈ (કલાકાર • શ્યાવક્ષ ચાવડા) 'કુમાર' અંક ૨૮૦નું મુખચિત્ર



ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો તથા પ્રકીર્ણ

ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ..ાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂ. ૭; પરદેશમાં રૂ ૯-૦-૦ અથવા ૧૪ શિલિંગ. છૂટક નકલના બાર આના.

જાહેરખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ કંપની, મૉડેલ ટૉકીઝ સામે ગાંધીરોડ, અમદાવાદ.

ગુજરાતનું પાટનગર
અમદાવાદ

દેશના ધોરી વ્યાપારમાર્ગ ઉપરની પોતાની કેન્દ્રવર્તી ભૌગોલિક સ્થિતિથી, અને અદ્યતન ઉદ્યોગનગર હોવા છતાં એતદ્દેશીય સંસ્કૃતિનાં વહેણનો જીવંત ને પ્રબળ સ્રોત ધરાવવાને કારણે, અમદાવાદ જ ગુજરાતનું પાટનગર રહ્યું છે, રહેવાનું છે અને આગામી યુગમાં સોળે કળાએ વિકસવાનું પણ છે.

છતાં એને વિષે આપણે કેટલું સાચું જ્ઞાન ધરાવીએ છીએ? એનો વિવિધરંગી ઇતિહાસ, એનાં ઊંડાં સંસ્કારવહેણ અને એની પુરાણી શિલ્પ–સ્થાપત્યની સમૃદ્ધિથી ખુદ અમદાવાદીઓ પણ સંપૂર્ણ જાણકાર કેટલા હશે? માત્ર એની શિલ્પ–સ્થાપત્યની સમૃદ્ધિની જ વાત કરીએ તો, એ શહેરના સ્થાપક બાદશાહ અહમદશાહના ખુદના અવશેષ સંઘરતા મકબરાથી માંડીને છેક હઠીભાઈની વાડી અને સ્વામીનારાયણના મંદિર સુધીનાં હજી એક જ સૈકા ઉપરનાં મંદિરોમાં આપણી પરંપરાગત વાસ્તુકલાનો જે સમૃદ્ધ વારસો સિલસિલાબંધરીતે જળવાયો છે તે પોતે જ એક મૂક પણ રસભર ઇતિહાસગ્રંથ છે.

જગતમાં બેનમૂન પત્થરી કોતરકામવાળી ગણાએલી સીદી સૈયદની મસ્જિદની જાળીઓ, અને સપ્રમાણ શિલ્પના અનન્ય નમૂનારૂપ રાણી રૂપમતિની મસ્જિદથી માંડીને જલાગારો તથા ગરનાળાંઓમાં પણ છુટ્ટે હાથે વેરાએલી કળાલક્ષ્મીના અવશેષો ધરાવતી અડાલજની વાવ તથા કાંકરિયા તળાવ સુધીનાં અમદાવાદનાં શિલ્પ–સ્થાપત્યો હજી યે આપણા એ પાટનગરની પુરાતન જાહોજલાલીની વાચા બનીને ઊભાં છે.

તમે એ બધું નજરે ન જોયું હોય, કે ન જોઈ શકો તેમ હો તો એનું એક સચિત્ર આલ્બમ બહાર પડ્યું છે. એમાં, 'ગુજરાતનું પાટનગર–અમદાવાદ' નામના મહાગ્રંથના લેખક શ્રી રત્નમણિરાવ ભીમરાવે ખુદે આલેખેલી એ નગરની ઇતિહાસરેખા રૂપ પ્રસ્તાવના સાથે બાવન સુંદર ચુનંદા ફોટોગ્રાફો તે તે સ્થળનાં વર્ણનો સાથે આર્ટ પેપર ઉપર સુઘડ છપાઈ સાથે સંઘરાયા છે. ગુજરાતનું અને તેના ઇતિહાસ, સંસ્કૃતિ તથા કલાલક્ષ્મીનું ગૌરવ હૈયે ધારનાર એકેએક ગુજરાતીએ એ આલ્બમ વસાવવું જોઇએ. કિંમત માત્ર બે રૂપિયા [પોસ્ટેજ જુદું]. કુમાર કાર્યાલય લિમિટેડ, (૧૪૫૪, રાયપુર, અમદાવાદ)માંથી જ એ મળશે.









શિલ્પમાં અંગ-ભંગ

હિંદી કલાનાં રૂપરહસ્ય સમજાવતી લેખમાળાના આ અંકમાંના છપાતા 'અસ્થિવિજ્ઞાન'માં શિલ્પમૂર્તિઓના 'દેહ ભંગ'ની જે ચર્ચા કરી છે તેને અનુસંધાને આ સાથેનાં ચિત્રો ઘણાં રસદાયક થઈ પડશે. શિલ્પીની પ્રતિમામાં જે સૌથી મધુર તત્ત્વ, તે તેના અંગનો મરોડ. માણસની જીવનપ્રવૃત્તિઓની ગતિશીલતામાં કે અમુક ભાવોના પ્રકટીકરણ વેળા માનવદેહના જે નાનાવિધ અંગ-મરોડો રચાઇ રહે છે તેમાં જ માનવદેહનાં સૌન્દર્યનું ખરૂં માધુર્ય પ્રકટી ઊઠે છે. પ્રાચીન શિલ્પગ્રંથોમાં અંગભંગની એ લાવણ્યલીલાનાં શાસ્ત્રીય નામાભિધાન વગેરે આપેલાં છે અને ભારતના શિલ્પીઓએ તો તે પછી છુટે હાથે મબલખપણે એ લીલા વિસ્તારી છે. માણસ બે પગ ઉપર સરખો ભાર રાખીને એવી રીતે સ્થિર ઊભો રહે કે તેના શરીર સોંસરી એક સૂત્રરેખા (ઓળંભો) નાખવામાં આવે તો શરીર બે સરખા ભાગમાં વહેંચાઈ જાય, એ સ્થિર દશામાં પણ એક પ્રકારનુ સૌંદર્ય રહેલું છે તેનું ઉદાહરણ મથાળાનું પહેલું ચિત્ર છે, અને તેને 'સમપાદ ભંગ' કહે છે. પણ એક કરતાં બીજા પગ ઉપર વધારે ભાર આવે એ રીતે જરા ઢળતા દેહથી માણસ જ્યારે ઊભો રહે છે ત્યારે તેનો દેહ એક તરફ ઢળીને શરીરનો એક લાવણ્યભર્યો ભંગ રચી રહે છે (મથાળાનું બીજું ચિત્ર). એને 'આભંગ' અથવા 'ઈષત્‌ભંગ' કહે છે. મથાળે ત્રીજા ચિત્રમાં દર્શાવેલી મૂર્તિનું શરીર એથી પણ આગળ જઇને દેહના ત્રણ ભંગ પ્રકટ કરે છે: માથાથી છાતી સુધીનો, છાતીથી પેડુ સુધીનો અને પેડુ નીચે પગનો. આ દેહમરોડને 'ત્રિભંગ' કહે છે, અને શિલ્પીએ તે શાસ્ત્રોક્ત પદ્ધતિ અનુસાર રચેલો છે. એ પરથી પછી હિંદી કલાકારોએ ત્રિભંગનાં જે અનેકવિધ સ્વરૂપોની લીલા સર્જી છે તે પૈકીના એક 'અતિભંગ'નું ઉદાહરણ ડાબી બાજુના ચોથા આલેખનમાં ઉતાર્યું છે. (Courtesy : Indian Artistic Anatomy by A N.Tagore)



કવિ મેઘાણીને

• કરાલ •

આ ભૂમિના સુપ્ત પ્રાણને—
ધૂળ મહીં જે ઢળી ગએલાં,
કાળ તણાં જાળાંઓમાં જે ફસી પડેલાં,
ખંડેરોમાં વસી ઢળેલાં,—
અગ્નિના દેવતને પાછું
માનવ-વેષે અવતરવાનું
થયું જાગવાનું મન, ને આ
ધરતીના ધાવણમાંથી તું
(અમૃતનો જ્યમ કુંભ લઇને
સમુદ્રમાંથી પ્રગટેલા ધન્વંતરિ, એવો)
પૃથ્વીના ગર્ભથી પ્રગટ્યો
તું મેઘાણી.

તારો શબ્દ પડ્યો, ને જૂનાં
ગરક થએલાં કાળબ્હેણમાં,
ગારદ બનિયાં પૃથ્વીપેટમાં,
સ્મશાનની જે રાખ બનેલા,
જાગ્યાં સૌ જો આંખ ચોળતાં:
જોગંદર કૈં જટા ધુણાવી,
જોદ્ધાઓ સમશેર વીંઝતા
હણહણતા તોખાર ખેલવી
જોબનવંતા, કિશોરની લાલીબીનાં યે;
ભજનોની રમઝટ વરસાવી
ભક્તવૃંદ પણ ઉઠ્યાં હસીને.
શંખનાદ વાગ્યો જ્યાં તારો
સોરઠના સીમાડા ભરતા
પથ્થરથી પ્રગટ્યા પ્રાણો ને
થઈ સાબદા
તારી સંજીવનસૃષ્ટિમાં
તારા રંગભર્યા મેળામાં
થયા મ્હાલતા.

નવશ્રદ્ધા હે!
અતીતને અંજલિ છાંટી તેં
ભરી ચેતના.
ખંડેરોમાં રઝળી રઝળી
તેં પાડ્યો છે સાદ, ભુલાયા
ખોવાયાંને આર્ત ચીસથી.
અને દેખ જો!
હોંકારા યે હાડ આપતાં
પોતીકા પરખંદાને આ
અહીં પિછાની.

પ્રાચીનોને પુરસ્કારતો
જર્જરિતને નવપલ્લવમાં
પલોટતો તું,
પુનરુત્થાન મહીં ડૂબીને
વર્તમાનને તેં નવ ઠેલ્યો.
ફડફડમાન આશાઓનાં તેં
હેતે સ્નેહમયી માતા શાં
અહીં ઝુલાવ્યાં
રંક પારણાં;

નાનકડી બાળાનાં ગૂંથ્યાં
ફૂલ વેણીનાં.

અને ગડગડ્યાં
કાળ-નગારાં જુલ્મ તણાં જ્યાં,
તારે હૃદય સદા ય વસેલી
તારે અનગળ પ્રેમ રસેલી
લોકમેદની હુકળી ઊઠી.
બુલંદ ગાયક!
તારા રણલલકાર સુણીને
રહી શક્યું ના કો ઘરખૂણે;
માનવસિંધુની છોળોએ
ગીત વહ્યાં ઘુઘવાટા કરતાં
શક્તિ પ્રેરતાં, શત્રુ ડારતાં,
અમોઘ ને દુર્ધર્ષ પ્રતાપી
વાણીતીર તણાં સંધાને
કાર્તિકેય આ!

મહાદીપ તું!
નાનકડા આ ઘરમાં આવી

(પાછળ

શીમળાને*

• મંદા-સ્રગ્ધરા—શાલિની •

ભિખ્ખુ થૈને તવ સમિપ જ્યાં આવિયો માઘ-વાયુ
તેને તારૂં પરણુ તણું તેં દૈ દીધું ઉત્તરીય.
ને તારી નગ્ન કાય!—
જ્યહીં ગતિ ન રેખા તણી,
ભંગ હીન!
કાંટા કાંટા થકી જરઠ શી દર્શને થૈ વિરૂપ!

તારૂં કિંતુ સર્વ તે તેં સમર્પ્યું.
હૈયે તેનો ધ્રુવ-મધુર આનંદ શો ઊભરાય!
કાંટે કાંટે ફૂલ રતુમડાં ફોરતાં શાં અસંખ્ય!
જાણે તારૂં હાસ્ય કો ધન્યતાનું
—સ્પર્શ્યે અગ્નિશિખા શું—
મ્હોરી ઊઠ્યું ધરી અનુપ સોહામણું દિવ્ય રૂપ.

રાજેન્દ્ર શાહ

* શીમળાના વૃક્ષનાં બધાં જ પાન માઘ માસમાં ખરી જાય છે. તે પછી નવાં પાંદડાં ફૂટવાને બદલે ડાળેડાળે રતુમડાં ફૂલ પ્રકટી ઊઠે છે, અને વનમાં હજી બીજાં વૃક્ષોનાં પાન ખરતાં હોય છે ત્યારે આ વૃક્ષની શોભાથી વન ખીલી ઊઠે છે. હાલ ફાગણમાં એનાં એ ફૂલ હવે ખરી ગયાં છે ને ત્યાં આકડા પર જેવી રૂંડી લાગે છે તેવી રૂડી લાગી રહેલી છે.—રા૦

'તેં અજવાળ્યું સર્વ, સ્નેહની
જ્વલંત જ્યોત કંઈ દીવેટો
તેં ચેતાવી.
તેં તો કંઠ કસુંબલ રંગી
મેઘગભીરા નાદે વ્હેતો
કર્યો કવિ હે!
અમે ભિંજાયા
ન્હાયા ઓ! તરબોળ બન્યા ને
તારા સંગે
હસ્યા, રડયા, જંગે ય ઝઝૂમ્ય
મરત તૃપ્તિમાં
ડોલ્યા, ને ધરની સંપદને
સમજ્યા, આ ભૂમિનું દૈવત
એકરૂપ બનતું તુજ અંગે
મૂર્તિમંત બનતું તુજ રંગે
મુગ્ધ બની સૌ
રહ્યા નિહાળી.

મહાગૌનમાં આજે તારી
કાય ઢળી છે.
કલ્પી ના જે શકી કલ્પના
વિધિએ તેને વજ્રપ્રહારે
કહી દીધું કે, 'જો આ તારા
જો આ તારા પ્રાણપ્રિય
ગાયકની છેલ્લી
આંખ મળી છે.'
અને હજુ તો...
અરે હજુ તો!
બાકી કેવું!—હતું કેટલું?
ના એવું કૈં હવે હૃદય
ના કહેશે.
સહી શકશે ના એને.
હવે મૌનથી
ભંડારી સૌ કાળી વેદના
ધીમે વસમી
વિદાય લો કે કરો પ્રાર્થના—
આ ભૂમિના સુપ્ત પ્રાણને
જેવી રીતે તેં ઢંઢોળ્યા,
તેમ કદાપિ
લુપ્ત બને જો કદી વારસો
અહીં આપણો, ત્યારે બંધુ
ફરી જાગજે;
ધરતીનું ધાવણ પીતો તું—
અમૃતનો જ્યમ કુંભ લઇને
સમુદ્રમાંથી પ્રગટેલા ધન્વંતરિ, એવો
સોરઠને અંકે નવરૂપે
સંજીવનનો મંત્ર છાંટવા
ફરી જાગજે,
હે મેઘાણી!

મકરન્દ દવે

ઇચ્છા

ઇચ્છા એ પ્રાણીમાત્રમાં જીવન પ્રાપ્ત થતાં જ સાથેસાથ જન્મે છે અને મૃત્યુ સમયે તેનો અંત આવે છે. સમજ વધવા સાથે બાળકમાં ઇચ્છાઓ પણ વધે છે અને પુખ્ત વયે કેટલીક વાર ઇચ્છાઓની હદ પણ રહેતી નથી. એ સ્થિતિએ માનવ મન ક્રમેક્રમે પહોંચે છે. ઇચ્છા ન હોય તો જીવન ન હોય, તેમાં રસ ન હોય.

સર્વ સુખદુઃખનું મૂળ પણ ઇચ્છા જ છે. ઇચ્છા મુજબ કાર્ય કે ધાર્યું પરિણામ આવે તો સુખ થાય, અને જો વિપરીત આવે તો દુઃખ.

હદ વગરની તેમજ વિચારહીન ઇચ્છા દુઃખ કરે છે, કેમકે તે ઇચ્છા પૂરી કરાતી નથી. અને ધાર્યું પરિણામ લાવી શકાય નહિ તેથી દુઃખ થાય જ.

ઇચ્છા ઉપર મનથી કાબૂ ધરાવવો જરૂરી છે. ઇચ્છા તો એક પછી એક એમ અનેક થયા જ કરે. સાનુકૂળ અથવા પોતાને ગમતી વસ્તુઓ તથા વિષયોને જોઇને કે તેના અનુભવથી તેના પ્રત્યે મન આકર્ષાય અને તેના ભોગની ઇચ્છા ઉદ્‌ભવે. તે વખતે કઈ ઇચ્છા પૂરી કરવી અને કઇ નહિ, કઇ ઇચ્છા કરવા જેવી છે અને કઇ રોકવા જેવી, એ જો મન નક્કી કરીને ઇચ્છા ઉપર કાબૂ નથી ધરાવતું તો માનવી ને પશુમાં કશો જ ફરક રહેતો નથી. પ્રત્યેક ઇચ્છા કે આવેશને આધીન તો મનુષ્યથી ન જ થવાય.

આજનો માનવી પોતા પરનો કાબૂ ખોતો જાય છે. 'હું મને ચાહે તેમ કરીશ', 'હું સ્વતંત્ર છું', 'મારી મરજી' વગેરે કહેવું ને વગર વિચાર્યે વર્તવું એ વીસમી સદીના ઉચ્છૃંખલ મનુષ્યનું વલણ છે, ને તે ઇચ્છવાયોગ્ય નથી.

દાખલા તરીકે મને એક ચોક્કસ વસ્તુ ખાવાની ઇચ્છા થઈ. તે વસ્તુ મેં આજ દિન સુધી કદી ખાધી નથી. વળી તે વસ્તુ મારી મર્યાદા તેમજ ગજા બહારની પણ છે. છતાં મેં તે એકવાર ખાધી. મને તે ગમી ગઈ. ખૂબ ભાવી પણ ખરી પછી તો મેં તે વધુ ને વધુ ખાવા જ માંડી. તે એટલી હદ સુધી કે તબિયત બગડી અને હું માંદો પડયો. હવે આમાં વાંક કોનો?

ઇચ્છા થવી એ દોષ નથી. અને ખાવાનો કોઇ પદાર્થ ખાવો એ પણ ખોટું નથી. પણ તેની હદ સમજવી જોઇએ. વળી એ ચોક્કસ વસ્તુ શા માટે ખાવી એની પણ સમજ હોવી જોઇએ. માત્ર સ્વાદ ખાતર જ કોઈ ચીજ ખાયા કરવી તે વ્યાજબી નથી. તેમાં શરીરને પોષક તત્ત્વો છે કે નહિ તે પણ જોવું જોઇએ. જીવન કાંઈ ફક્ત ખાવા માટે નથી; ખાવું જીવવા માટે છે.

આ જ નિયમ સર્વ ઇન્દ્રિયોને લાગુ પડે છે. વળી લાલચ, ક્રોધ, ઇર્ષ્યા, દ્વેષ, લોભ, વિષયાંધતા, અંધ શ્રદ્ધા ઇત્યાદિ અનેક એવી વૃત્તિઓ પણ માણસમાં રહેલી છે. જેને વગર-વિચાર્યે આધીન થવાથી ને તેનું પ્રમાણ નહિ જાળવવાથી માણસ નુકસાન વહોરી લે છે.

મોહનલાલને ઘોડદોડની શરતનો ઘણો શોખ છે. તેનો મિત્ર રમણલાલ ઘોડદોડ કશું સમજતો નથી. ધીમેધીમે મને મોહનલાલની વાતો સાંભળી મનમાં ઇચ્છા થઈ કે, 'ચાલ! એક વાર જોઉં તો ખરો.' તે ગયો માત્ર જોવા, પરંતુ રમ્યા વગર રહી ન શકયો. આ મનનું કાબૂહીનપણું થયું. તેથી તેણે નુકસાન વહોર્યું, તે દહાડે તો તે થોડું રમ્યો, પણ પછી ચટ લાગી; અને વારંવાર જતો થયો. કેટલાક વખત પછી તો તે હજારોની બીટ મૂકતો થઈ ગયો. પાંચ વર્ષે એક દિવસ એવો આવ્યો કે તેણે હજારો રૂપિયા ગુમાવ્યા અને નાદાર થવું પડયું.

વગર મહેનતે પૈસો મળી શકતો હોય તો ઘોડદોડ (રેસ) યા સટ્ટામાંથી તે મેળવી લેવો તો સૌને ગમે છે; તેમ કરવાનું મન પણ થાય છે. પણ તેથી શું? તે વિચારને આધીન થઈ જવું? ગણત્રી, યોગ્ય સમજણ ચોક્કસ વસ્તુની જરૂરિયાત વગેરેનો વિચાર મગજમાં બેસે તો જ કોઇ કાર્ય કરવું જોઇએ, અને કોઇ પણ કાર્યથી હાનિ પ્રાપ્ત થતાં તરત તેમાં ફેરફાર કરવો જોઇએ અથવા તો તે સદંતર છોડી દેવું જોઇએ.

કોઈ પણ કાર્ય માઠું નથી, તેમ ચોક્કસ કાર્ય સારૂં જ હોય તેમ પણ માની લેવાની જરૂર નથી. કયું કામ તમે કેમ, કયાં, કેટલી હદે અને કેવી સમજથી કરો છો તેના ઉપર દરેક ચીજનો આધાર રહે છે.

આ રીતની સમજથી દરેક ઇચ્છા તેમજ કામ ક્રોધાદિ અનેક માઠી ગણાતી વૃત્તિઓ યોગ્ય રીતે કાબૂમાં લાવવાથી, તેમની મારફત લાભ પ્રાપ્ત કરી શકાય છે. ને સમજ્યા વગર તેને આધીન થવાથી નુકસાન પ્રાપ્ત થાય છે અને તેઓ શત્રુ બની રહે છે.

જમનાદાસ લાઠીવાળા

(એપ્રિલ ૧૯૪૭) ૮૮

સાગવાનનું હૈયું

★ કુમારના વાચકોના પુરાણા ને પ્રિય-પરિચિત

'સુકાની'

ની સાગરકથા

આજે ચાર વરસે ફરી 'કુમાર'નાં પાનાં ઉપર એના પુરાણા ને પ્રિય લેખક 'સુકાની'ની કલમ એક અદ્ભુત સાગરકથા આલેખવા આવી પહોંચી છે, એ અમારે મન અત્યંત હર્ષની અને ધન્ય વાત છે. હિંદની એક મોટામાં મોટી વહાણવટા કંપનીના અફસર તરીકે ભોગવતા એ ગુજરાતી વિદ્વાન નૌ-શાસ્ત્રના પણ તજ્જ્ઞ ગણાય છે અને પોતાના એ કામને અંગે ઇંગ્લંડ ગએલા ત્યાંથી આ વાર્તા લખી મોકલી છે. હિંદી મહાસાગરનાં ભયંકર તોફાનમાં સપડાએલા વહાણની એ આશ્ચર્યજનક લાગતી કહાણી તાજેતરમાં જ બનેલી એક સાચી હકીકત છે. એ વિષેનો એમનો પત્ર જ અહીં ઉતારવો ઉચિત ગણાશે:

'વાર્તાને રોજ પેડે ગૂંથવી જ પડી નથી. કેમકે એમાંની હકીકતો પોતે જ એટલી તો અદ્ભુતરંગી છે કે એને કશા રંગરોગાનની જરૂર નથી માન્યામાં નહિ આવે. પણ આ આખી યે કહાણી નરી હકીકત છે. અને તમને આ કાગળ લખું છું ત્યારે પણ એ 'ગૌરીપસા' હજી સાગર પર તરી રહ્યું છે,—જોકે એમાંના પાત્રોનાં નામ ફેરવી નાખ્યાં છે. તેમને કદાચ આ પ્રસિદ્ધિ ન ગમે. હકીકતોની રજૂઆતના વચલા ગાળા પૂરી લેવા પૂરતી, અલબત્ત, કલ્પનાને મેં કામે લીધી છે.

મારમગોવાથી માલ ભરીને એ વહાણ કોલંબો જવા ઊપડેલું, પણ ઘણા દિવસથી પત્તો ન હતો એવામાં ડચ સ્ટીમર 'સ્ટાનવાક' કોલંબોની નૈઋત્યે ૨૫૦ માઇલ પર ભરાઇ પડેલા એ વહાણના ખલાસીઓને બચાવી લઇને આવી પહોંચી. 'સ્ટાનવાક'ના કૅપ્ટને કરેલા નિવેદન મુજબ, તેણે જ્યારે ખલાસીઓને બચાવ્યા ત્યારે એ વહાણ અત્યંત બિસ્માર હાલતમાં હતું. તેનો કૂવો તૂટી ગએલો ને કંઠેડા સુધી પાણીમાં ડૂબેલું. બે કલાકથી વધુ એ ટકે એમ તેણે ધારેલું નહિ.

વહાણના નાખવાએ નોટરી પબ્લિક આગળ અત્યંત ટૂંકાણમાં અને સાદી ભાષામાં વર્ણવેલી કથા તો સાગરની એક અદ્ભુત ગાથા સમી છે. એ નિવેદનની એક નકલ મારી પાસે છે, અને ગયા સપ્ટેમ્બરમાં હું ઇંગ્લંડ આવવા ઊપડ્યો તે પહેલાં એમાંના ત્રણને હું મળેલો,—જે ત્રણને મેં આ વાર્તામાં ગૂંથ્યા છે. ખરું કહું તો, એ વહાણ ગુમ થયું અને બેતાલીસ દિવસના અજ્ઞાતવાસ પછી મિનિકોય પાસે લક્ષદ્વીપ ટાપુના એક બંદરમાં પાછું આપમેળે દેખાયું. એ બાબતની તપાસ માટે નીમાએલી તપાસસમિતિ ઉપર જ હું હતો.

આ વખતે મેં ખુશ્કી વાચકો માટે અર્થસૂચ નથી આપી, અને આપણે એ જેમ વહેલી પડતી મૂકીએ તેમ સારૂં. કે જેથી એ નૌ-ભાષાના શબ્દો જાણવાની આપણા જુવાન વાચકોની જિજ્ઞાસા જાગૃત થાય. જોકે આ વખતે એવા બહુ શબ્દો વાપર્યા નથી.

આ માસ આખરે ઊપડી એપ્રિલ અધવચે હું ત્યાં આવી પહોંચીશ. આ મળે કે તરત હવાઈ ટપાલથી પહોંચની બે લીટી લખી દેજો.'

અને હવે આ વાર્તા વાંચો. એમના લખવા મુજબ વચ્ચે કવચિત આવતા પારિભાષિક શબ્દોના અર્થ તો, જિજ્ઞાસા હશે તો સંદર્ભથી આપમેળે સમજાશે. (ન સમજાય તો જરા બેસાડવા મહેનત લેજો.) ખારવાઓની વાતચિતમાં પણ માત્ર થોડીક કચ્છી છાંટ અને ઘોષ વ્યંજનોના વપરાશથી જરાક અજાણ્યાપણું લાગશે: 'દરિયા'ને બદલે 'ધરિયા', 'બદન'ને બદલે 'મધન', 'બંદર'ને બદલે 'બત્રર', 'દલાલો'ને બદલે 'ધલાલું', 'શાબાશ'ને બદલે 'છભાસ', 'ઑલ રાઈટ'ને બદલે 'ઓર રાટ' વગેરે. પણ 'સુકાની'ની બેનમૂન ચિત્રણા તમને એની કાંકરી ખૂંચવા નહિ દે . . . . અને, ત્યજાએલું, બિસ્માર 'ગૌરીપસા' જ્યારે પવનપાણીના રમતથી ધકેલાતું, પોતાના જખમની વેદનાઓ નીચે અમળાતું જાણે જીવંત પ્રાણી હોય એમ પાછું ફરે છે ત્યારનું વર્ણન તો . . . . પણ તમે હવે વાર્તા જ વાંચવા માંડો.

આ કેવળ કપોલકલ્પિત કિસ્સો નથી. નિશાળિયા ઇતિહાસમાં જેટલી સચ્ચાઇ હોઈ શકે એટલા સાચનો એ હકદાર છે. પુસ્તકિયા તવારીખ પણ આખરે તો કિસ્સાબાજી જ છે ને?

આ આજકાલની જ વાત છે. અહીં વર્ણવેલા બનાવો તાજેતરમાં જ બની ગયા. અરજણ નાખવો, કરસન માલમ, વેરસી મામો, ગોધુ શેઠ, બધા મોજૂદ છે ને આ અદ્ભુત લાગતા કિસ્સાના સાહેદ છે.

ઇસ્વી ૧૯૪૪ની સાલ. ભયંકર બીજા મહાયુદ્ધનાં ચાર વર્ષ વીતી ગયાં હતાં. એ ચારે ય વર્ષમાં દુનિયા સારીની જહાજાત નષ્ટપ્રાય બની ગઈ હતી. માલ અને માણસ, લાવલશ્કર અને સરંજામ, એ બધું સારવા જોઈતાં વહાણો અને આગબોટોની અતાગ તંગી ફેલાઇ રહી હતી. એ તંગીને પહોંચી વળવામાં દરિયાવરદી તમામ દેશોના વાડિયાઓની કસોટી થઈ રહી હતી. ઠેરઠેર નવાં વહાણો મંડાઇ રહ્યાં હતાં. એક ક્લાઇડ (સ્કૉટલાંડની નદી)ના વાડાઓમાંથી જ દર અડવાડિયે સો આશરે જહાજો બંધાઇને કે સમારાઇને બહાર પડતાં હતાં અમેરિકામાં હેન્રી કયઝરે તો ગય દાનવી કરી દેખાડી હતી ને દર ચાર દિવસે અક્કેક જંગી જહાજ તરતું મેલવા માંડ્યું હતું! આવી અજબ વિશ્વકર્માઇમાં હીણભાગી એક આપણું હિન્દુસ્તાન જ રહી ગયું. અહીં તો વહાણો બાંધવાની જ મનાઇ કરવામાં આવી. લડાઈના હંગામનો લાભ ઉઠાવી ભારતવાસીઓ જહાજ બાંધવાના જબ્બર વાડાઓ જો પગભર કરી લે તો ભાવિમાં કેમ્સ અને વેઅર, ડમ્બાર અને ટાઈન અને ટીઝ અને ક્લાઇડના વાડિયાઓની રોજીદારીને આંચ આવી જાય, એ બીકે એ કુછાંગને ભારતની કેડારે તો જન્મતાં જ દાટી દેવામાં આવ્યા. છતાં ભારતીય પાણીમાં જહાજાતની તંગી તો હતી જ. આગબોટો મળતી નહોતી એમ નહોતું; એટલે દેશી વહાણો,—અફસરી ઇબાદતના એ 'કન્ટ્રી ક્રાફ્ટ' (એટલે કે 'ગામઠી વહાણો')—કંઈક જીવતા થવા માંડ્યા.

સૂરજ આડે અંધારાં ઊતરી પડે ત્યારે દીવેલનાં કોડિયાં ઝગમગી ઊઠે, તેમ આપણાં કંઠારી પાણીમાં દેશી કોટિયા અને ધાંઉ બતેલાનાં ઝુંડ ઝળકી રહ્યાં. લડાઇ પહેલાં સરપણાં ખાતે પણ માટ બને એવાં વહાણો લાખોની અસબાબ સારતાં થઈ ગયાં. સુકાણ તરી શકે એ તમામ ઠીઠાં 'વહાણ'માં ખપી ગયાં. સાથેસાથે નવાં વહાણો મંડાવાં લાગ્યાં. ખુદ શાહી આરમાર જૂનાં નવાં વહાણો ખરીદવા લાગી. બેડકમાં સંચાઓ બેસાડી, એકાદ બે તોપો ચડાવી, વાહારકાઠીએ આરમારી ઝંડો ચડાવી, જપાનીઓની જળવાટ ઉપર ધાઉ બતેલાની બરકંદાઝી ચોકસત, જાસૂસી મારવા નીકળી પડી. એ વેળા ક્યાંક પશ્ચિમ કંઠારના નામચીન વાડિયાઓ ને મજુથરનું અમીર પણ ઝળકી ઊઠ્યું ને ક્યાંકક્યાંક એમની કુનેહ ને કામચાબીના દીપાવે એવાં ઉમદા વહાણો પણ તૈયાર થયાં. એવા એક તાજમાં વહાણની આ અદ્ભુત [illegible] અખાણી છે.

(પૃ૦ ૧૦૬ મે)

કલાકાર શ્યાવક્ષ ચાવડા : અને એમની કલા

આ અંકના મુખચિત્ર તરીકે (તેમજ અગાઉ ર૪૧મા અંકમાં) જેમનું રંગચિત્ર આપ્યું છે તે કલાકાર શ્રી શ્યાવક્ષ ચાવડાનો તથા તેમની કલાનો આ નીચેનો પરિચય, શ્રી ચાવડાનાં ચિત્રોનું પ્રદર્શન મુંબાઈમાં ચાલતું હતું ત્યારે, મુંબાઈ રેડિયો સ્ટેશનથી મિ. વેઈન હાર્ટવેલ તથા શ્રી દિલીપ કોઠારી વચ્ચેના સંવાદના રૂપમાં આપવામાં આવેલો. એ બંને ગૃહસ્થો રસશોધક કલાવિવેચકો છે અને એમની વચ્ચેના સંવાદની આ નવતર પદ્ધતિમાં શ્રી ચાવડાની જીવનરેખા તથા તેમની કલાનાં તત્ત્વોની પિછાન રસમય ઢબે વાચકોને મળી રહે છે.



←**મિ. વેઈન હાર્ટવેલ** (ડાબી બાજુ) હજુ બે જ વર્ષ થયાં હિંદ આવેલા છે. પહેલે વર્ષે તે અમેરિકન લશ્કરમાં દિલ્હી ખાતે હતા, અને આ વર્ષથી મુંબાઈમાંની યુનાઇટેડ સ્ટેટ્સના માહિતીખાતાની લાયબ્રેરીના સંચાલક તરીકે કામ કરે છે. પોતે ધંધાદારી કલાકાર કે કલાવિવેચક નથી, પણ પશ્ચિમની આધુનિક(મૉડર્ન)ચિત્રકલાના વર્ષોના અભ્યાસી છે ને અવારનવાર કલાવિવેચનો લખે છે. હિંદમાંના વસવાટ દરમ્યાન પોતાના સમકાલીન હિંદી કલાના સતત સંપર્કમાં તેઓ રહ્યા છે. (જમણી બાજુ) **શ્રી દિલીપ કોઠારી**→ ગુજરાતની તરુણ પેઢીના એક આગળપડતા પ્રતિનિધિ છે. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની પહેલી હરોળમાં તે શિક્ષણ પામેલા, અને પછી યુરોપનાં જુદાંજુદાં કેન્દ્રોમાં સીને-કલા ને પત્રકારત્વમાં અનુભવ મેળવી આવ્યા બાદ, હાલ 'જન્મભૂમિ'ના તંત્રીમંડળમાં કામ કરે છે. કલાકારો ને કલાકૃતિઓ ઉપર તેઓ વખતોવખત સુંદર ચર્ચાલેખો આપતા રહે છે. શ્રી ચાવડાની કલાના તેઓ એક પ્રશંસક છે.



મિ. હાર્ટવેલ: હું તો મુંબાઈમાં નવોસવો આવેલો છું અને મિ. ચાવડાની કલાકૃતિઓ પહેલી જ વાર જોઉં છું. મિ. કોઠારી, તમે તો મિ. ચાવડાને લાંબા વખતથી જાણો છો, અને તેમનું બધું કામ પણ જોયું હશે. તો તેની થોડી આગલી હકીકત તો કહો.

શ્રી દિલીપ કોઠારી: એમાં શું ? કહું. શ્રી ચાવડા દક્ષિણ ગુજરાતના એક અતિ પ્રાચીન ગામ નવસારીના વતની છે. તે પારસી કોમના છે, અને તેમના પિતા કે દાદા તરફથી કળાનો આ વારસો તેમને મળ્યો હોય એમ હું ધારતો નથી. હા, એમના દાદા એક અચ્છા સુતારી કારીગર હતા, અને શ્રી ચાવડાનાં ચિત્રોમાં જે ચોક્કસાઈ અને કસબ ઊતર્યાં છે તે એ પરંપરાગત અંશને લીધે હોય. વળી નાનપણમાં સોનાને કે રૂપાને ઘૂઘરે રમવા જેવું તેમનું નસીબ નહિ, એટલે કેળવણી માટે—ખાસ કરીને કલાશિક્ષણ માટે બહુ ફાંફાં મારવાં પડેલાં. નવસારીમાં હાઇસ્કૂલનું ભણતર પૂરું કરી તે મુંબાઇની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં આવ્યા અને ત્યાંની એ કાળની પદ્ધતિ અનુસાર તાદૃશ (realistic) ચિત્રો કરવાનું શીખી લીધું. એમના સહાધ્યાયીઓએ મને કહ્યું છે કે તેઓ એ વખતે શાળામાં પારાવાર મહેનત લેતા અને ત્વરાલેખન (સ્કેચિંગ)માં બહુ કુશળતા પ્રાપ્ત કરી હતી. તેમની રેખામાં એ કાળે પણ વેગ હતો, અને તેમનું તાદૃશ પ્રણાલીનું તસ્વીરકામ ઘણું સારૂં ગણાતું. શ્રી ચાવડાને માટે બીજી એક નોંધપાત્ર વાત એ છે કે કલાકાર તરીકેની તેમની કારકીર્દિની શરૂઆતથી જ ચિત્રાલેખન ઉપરાંત બીજી સાંસ્કારિક પ્રવૃત્તિઓમાં પણ તે ખરી દિલ્લગીથી રસ લેતા. શરીર-વિકાસમાં તેમને ઘણો ઊંચો રસ છે અને ગ્રીક આદર્શ મુજબ તેને સંસ્કારનું એક અંગ ગણે છે. હિંદી શિષ્ટ સંગીતની તેમણે વર્ષો સુધી તાલીમ લીધી છે અને હિંદના જે ગણ્યાગાંઠ્યા ચિત્રકારો હિંદી શાસ્ત્રીય સંગીતના ખરા જ્ઞાતા છે તેમાં તેમનું સ્થાન છે. હિંદી તેમજ અંગ્રેજી સાહિત્યના જૂના-નવા પ્રવાહોથી તે પરિચિત રહેવાનો પ્રયત્ન કરે છે. અને કલાકારના કામમાં પ્રતિબિંબિત થતા આ બધા સંસ્કાર તેનું વ્યક્તિત્વ ઘડવામાં કાંઈ ઓછા અગત્યના નથી.



કલાકાર શ્યાવક્ષ ચાવડા

મિ. હાર્ટવેલ: પણ તમે વચ્ચે એમની પદ્ધતિસરની કલાની તાલીમ વિષે વાત કરતા હતા ને?

શ્રી કોઠારી: હા, હવે હું એ વાત પર જ આવું છું. જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં પાંચ વર્ષની તાલીમ બાદ તે એક પારસી સંસ્થાની મદદ લઈને કલાના વિશેષ અભ્યાસ માટે ઈંગ્લંડ ગયા, અને ત્યાંની જાણીતી સ્લેડ સ્કૂલમાં દાખલ થઇ ત્યાંનો ત્રણ વર્ષનો અભ્યાસક્રમ બે વર્ષમાં પાસ કરી દીધો. વળી ત્યાં ચિત્રકલાની મૂલગત તાલીમ ઉપરાંત રંગભૂમિને અનુષંગી વેશભૂષા અને નેપથ્યવિધાન, લીથોગ્રાફી (શીલામુદ્રણ), જૂનાં ચિત્રોનું સમારકામ તથા ભીંતચિત્ર-





શ્રી ચાવડાની ઉઠાવદાર લાક્ષણિક શૈલીનાં બે ચિત્રો:
ડાબી બાજુ: દેવદૂતો; ઉપર—દક્ષિણ ગુજરાતનાં વૃદ્ધ દંપતી.

કળા ના અભ્યાસક્રમો પણ એમણે લીધેલા. મને એમણે એક વખત કહેલું કે પોતે લંડનમાં હતા તે દરમ્યાન તે રોજના અઢાર અઢાર કલાક કામ કરતા, અને એવા પણ દિવસો ગયેલા જ્યારે એમને ભાગ્યે જ ત્રણચાર કલાક ઊંઘવાનું મળ્યું હોય. પશ્ચિમી સંસ્કૃતિમાંથી જેટલું ખેંચી શકાય તેટલું ખેંચી લેવાનો એમણે પ્રયત્ન કર્યો છે. પછી તે પારીસ ગયા અને નવ મહીનાં ત્યાંની એકેડેમી દ લા ગ્રાન્દ શુમીએરમાં અભ્યાસ કર્યો. પણ યુરોપમાંના વસવાટે તેમની કલાકારદૃષ્ટિ ઉપર અભિનવ અસર કરી. તે હિંદ પાછા આવ્યા ત્યારે હિંદી સંસ્કૃતિ અને હિંદી કલા પ્રતિ નવો ભાવ અને નવી ભક્તિ લઈને આવ્યા. તેમને શ્રદ્ધા પ્રકટી કે પોતાની કલાનાં સાચાં મૂળ પોતાના દેશની ધરતી અને સંસ્કૃતિમાંથી જડશે અને ત્યાં જ ઊગશે. જો કે હિંદમાં કેટલાક ટીકા કરે છે કે તેમની કળા પૂર્ણ દેશીય પ્રકારની નથી અને તેમને થએલી આ નવી પ્રતીતિ માત્ર બુદ્ધિજનિત દલીલ જ છે. તમારો એ બાબતમાં શો મત છે, મિ. હાર્ટવેલ?

મિ. હાર્ટવેલ: એમના સ્ટૂડિયોની મુલાકાત બાદ મારી પહેલી જ લાગણી એ થઈ કે આજ અઢાર મહીનાથી હું હિંદમાં છું તેમાં આ પ્રથમ જ કલાકારનું કામ મેં એવું જોયું કે જેણે આધુનિક હિંદની પ્રામાણિક છબી આલેખી હોય. દિલ્હી અને મુંબાઈમાં મેં જે અનેક પ્રદર્શનો જોયાં છે તેમાં માત્ર બે પૈકી એક શૈલી નજરે પડી છે: કાં તો રાજપુત અને અજંતાની લઢણની અનુકરણપરંપરા, અથવા તો યુરોપી ઢબમાંનાં અગ્રગ તત્ત્વોની ગુલામી ચાલની નકલ. ચાવડાએ આજે લીધેલો માર્ગ આવા આંધળિયા વેડાથી મુક્ત છે. એમણે પ્રકટાવેલી શૈલી એ રીતે અનન્ય લાગે છે કે આપણી આસપાસ આપણે જે હિંદુસ્તાન જોઈએ છીએ તેના જ ઝબકારા તેમણે તેમાં ઝીલ્યા છે. એમના ચિત્રોનું પ્રદર્શન જોયા પછી મને ખાતરી થઈ કે એ સદા આ જ શૈલીને વળગી નથી રહ્યા. હેં મિ. કોઠારી, તેઓ પેલી જૂની શૈલીઓની નકલો કરવાની ચરેડમાં પડેલા ખરા કે?

શ્રી કોઠારી: એમણે ઇરાદાપૂર્વક ચાહીને તો કદિ કોઈ શૈલીની નકલ નથી કરી, સિવાય કે સર જે જે. સ્કૂલમાં જે કાંઈ કરવું પડ્યું હોય. જો કે કેટલાક મિત્રો કહે છે કે તેમના કામમાં અમૃત શેર ગિલ અને જામિની રાયની છાંટ આવે છે. પણ મેં જોયું છે કે ચિત્રોમાં જેઓ કેવળ રૂપકડા વેડા જ શોધતા હોય છે તેઓ મિ. ચાવડાના કામથી નિરાશ થયા છે. એક રસિક સૌન્દર્યજ્ઞાતાની દૃષ્ટિથી તમને, મિ. હાર્ટવેલ, ચાવડાના કામનું સાચું મૂલ્યાંકન શું લાગ્યું છે? એમનું કામ અનન્ય અને અભિનવ પ્રકારનું છે એમ તો તમે કહો છો; પણ સાથે તેમાં એટલું સૌંદર્યતત્ત્વ છે ખરૂં?

મિ. હાર્ટવેલ: મારે રૂપ-રસ જ માણવો હોય તો એકાદ નૃત્યગાનની ટેક્નીકલર ફિલ્મમાં જ વખત કાઢું. ખરી કળાનું પારખું તેના રૂપકડા વેડામાં નથી. અને મને તો કહેતાં ખુશી ઉપજે છે કે મિ. ચાવડાનું કામ એ કોટિમાં બેસાડાય તેવું નથી તેનામાં નવીનતા છે તે સાથે, મને લાગે છે કે, સુંદરતા પણ છે; તે આ રીતે, કે પોતે જોએલી સૃષ્ટિની છાપ તે તેની ખરી રંગાવટમાં રજૂ કરી દે છે, અને બધા સાચા કલાકારની માફક પોતાની રૂપરચનાશક્તિ વડે પોતાની એ છાપને એવું સ્વરૂપ આપે છે કે જે કોઈ ચોકસાઈભરેલો કલર-કૅમેરા પણ ન આપી શકે. મારો મુદ્દો સ્પષ્ટ કરવા માટે શ્રેષ્ઠ ઉદાહરણ તરીકે, હું ધારૂં છું કે મિ. ચાવડાનું 'રોજિંદુ કામ' નામનું ચિત્ર રજૂ કરી શકાય. કેમ મિ. કોઠારી? હું ભૂલતો ન હોઉં તો મિ. ચાવડાના કામના શ્રેષ્ઠ નમૂના તરીકે એ જ ચિત્ર ગણાવી શકાય ને?

શ્રી કોઠારી: ખરૂં; તેમની નીવડેલી કૃતિઓ પૈકીનું એ સર્વે જ શ્રેષ્ઠ ચિત્ર છે. તેમને પ્રિય છે તે પટ-રચના, રંગ-વિભેદની રમત, લોકજીવનનું આલેખન કરવાની તેમની ઉલટ, અને પોતાના વિષયનો પાકો ખ્યાલ.—એ બધાંનો એકમેળ એ ચિત્રમાં ઊઠ્યો છે. ૩॥×૪ ફૂટના માપના એ ચિત્રમાં દક્ષિણ ગુજરાતના ગામડાની દુબળા જાતિની બે છોકરીઓ ડાંગર છડતી ચીતરી છે. તેમના હાથમાંનાં બે સાંબેલાં વારાફરતી ઊછળી રહ્યાં છે. પાછળ, ગામડાંમાં હોય છે એવી દાણા ભરવાની માટીની ત્રણ કોઠીઓ છે. રંગોમાં મોટી ભભક અને ચમક નથી તેથી સાદાં નિર્વ્યાજ ગ્રામજનના ઘરના ઓસરાળ-નું શાંત શીતળ વાતાવરણ નીપજી રહે છે. એમાં મનુષ્ય ચિત્રણા



પ્રદર્શનની દીવાલ પર શ્રી ચાવડાનાં ચિત્રો—જે પૈકી વચ્ચેના મોટા ચિત્રનો નિર્દેશ આલેખમાંની કલાચર્ચામાં થયો છે.

તમને કેવી લાગે છે, મિ. હાર્ટવેલ? એ પાત્રો તમને ગમે છે?

મિ. હાર્ટવેલ: રૂપ-સૌંદર્યનું જે શિષ્ટ ધોરણ કહેવાય છે એ દૃષ્ટિએ જોઈએ તો ગ્રામજીવનના આ દૃશ્યમાંની બંને કન્યાઓ ભલે રૂપાળી નથી. પરંતુ રોજનું કામ કરતાં એ જે ઢબે બેઠી છે તે એમની સ્વાભાવિક બેઠકમાં પણ ખરૂં સૌષ્ઠવ અને લાવણ્ય છે. સામાન્ય ઓછડતી નજરે જોનારના કરતાં વધારે ઊંડી નજરે ચાવડાએ એ છોકરીઓનું અવલોકન કર્યું છે. એ પાત્રોમાં એમણે ખુદ એ જીવનનું પ્રતીક દીઠું અને એમના સાદા સુતરાઉ ચોળી–ચણિયામાં જ એમને દર્શાવીને એ જીવનનું પ્રામાણિક સૌન્દર્ય ઉતાર્યું. એમની સ્કેચબુક (ત્વરાચિત્રોની નોંધવહી)ના પાનાં જોતાં લાગે છે કે મિ. ચાવડા ગુજરાતનાં ગામડાંઓમાં બહુ શોધક દૃષ્ટિ ચલાવે છે.

શ્રી કોઠારી: હા, ખરી વાત. મિ. ચાવડાની સ્કેચબુકોમાં કલારસિકો તેમજ કલાકારો બંનેના અત્યંત રસભર સામગ્રી ભરેલી હોય છે. તમે જોયું હશે કે એમણે સીધા ફાઉન્ટનપેનથી એ ચિત્રો કરેલાં છે, છતાં એમની એ રેખાઓમાં કાબેલ પીંછીની કુમાશ તેમજ ઉઠાવ બંને છે. લોકજીવન એ બહુ સૂક્ષ્મપણે નિરખે છે અને તેમની રંગભરી રુઢિઓની અતિ બારીકમાં બારીક વિગતો પણ નોંધવાનું ચૂકતા નથી. આ લોકોના ઘરેડિયા જીવનમાં બીજા કલાકારોને તો કાંઇ રસ જ ન પડયો હોત. તેઓ તો કોઈ કલાત્મક ચિત્ર રચવા કાં તો પુરાણો કિસ્સો ખેંચી લાવે છે યા તો બીનકુદરતી પ્રસંગ ગોઠવી કાઢે છે. વચ્ચે એક બીજી વાત, મિ. હાર્ટવેલ. તમે એ જોયું ને, કે મિ. ચાવડાના કામમા બે વસ્તુઓનો અભાવ છે? એક તો એ, કે તે જુવાન હોવા છતાં તેમનાં ચિત્રોમાં કામુકતાનો અંશ પણ નથી; અને બીજું એ કે તેમનાં ચિત્રોમાં એક પ્રકારની અટલ ગતિશૂન્યતા જણાય છે. આ બે બાબતોના અભાવથી એમની કળાનું મૂલ્ય કોઇ રીતે ઓછું ઊતરે એમ તમને લાગે છે?

મિ. હાર્ટવેલ: તમારા પહેલા મુદ્દાની બાબતમાં કહું તો એ એક નિરાંત છે કે મુગ્ધ કન્યાઓ ને મનોહર પ્રેમિકાઓના દહાડા એમનાં ચિત્રોમાં નથી. એથી હવે ધરાઈ ગયા છીએ. હિંદી ચિત્રોમાં રાધાકૃષ્ણને નામે એ જે પ્રણયવ્યવહાર ચાલે છે તેમાંથી મુક્ત થવા માટે મિ. ચાવડાને ધન્યવાદ ઘટે છે. બીજી જે ગતિશૂન્યતા તમે કહી, એ મારા ખ્યાલમાં આવી જ છે, અને તે કલાકારની સિદ્ધિમાં અમુક અંશે ખામી ગણાય પણ ખરી. છતાં તેમનાં કેટલાંક માનવપાત્રો જોશો તો તે અચલ હોવા છતાં તેની રેખાઓ બહુ વેગવંતી અને સ્ફૂર્તિમાન લાગશે અને તેથી ચિત્રમાં ધમક આવતી જણાશે

શ્રી કોઠારી: એ વાત ખરી છે, તમારી. રેખાંકનો ને ત્વરાલેખનો (સ્કેચો) માં તો કોઇ પણ માણસ હાથનો સપાટો બતાવી શકે, પણ જ્યારે એને રંગચિત્રમાં ઉતારવાનું આવે ત્યારે પીંછીમાંના રંગના લચકો ભારે બની જાય છે! અલબત્ત, ચિત્રોના સમતોલ રચનાબંધથી તેમાં જે શાંતિ ને વિરામ નિપજે છે તે પેલી ગતિહીનતાને વિસરાવી દે છે. એક બીજી વાત પૂછું. ચાવડાનાં ચિત્રો જો આજે ન્યૂ યૉર્કમાં બતાવવામાં આવે તો અમેરિકન પ્રજાનો શો અભિપ્રાય બંધાય?

મિ. હાર્ટવેલ: કુલુ પ્રાતનાં એમણે કરેલાં જલરંગી ચિત્રોની માળા તો અમેરિકનોને નવી ન લાગે; કેમકે એમાં તો એમને પરિચિત શૈલીનાં, પર્વત, ખીણ અને જંગલનાં છાયાપ્રકાશનાં આલેખનો છે. પણ ગુજરાતનું ગ્રામજીવન આલેખતાં એમનાં આ છેલ્લાં ચિત્રોની અભિનવ વિલક્ષણતા અમેરિકનોને જરૂર આકર્ષે. એમાં વિલક્ષતા ભલે રહી, છતાં મને લાગે છે કે ન્યૂયૉર્કની ગૅલેરીઓ ખૂંદતો કલારસિક આદમી પણ હમણાં આપણે ચિત્રોના રસતત્ત્વની જે વાતો કરી તે એમાં પારખી કાઢવાનો.

શ્રી કોઠારી: એ ખરૂં જાણવા જેવું કહ્યુ, મિ. હાર્ટવેલ. મિ. ચાવડાનું કામ જોતાં મને લાગ્યું છે કે અમે જેને હિંદી કલમ કહીએ છીએ તે અર્થમાં તે હિંદી નથી. એમની કલાને 'આંતરરાષ્ટ્રીય-હિંદી' (ઇન્ડો ઇન્ટરનૅશનલ) અથવા તો પાશ્ચિમાત્ય-હિંદી (ઈન્ડો વેસ્ટર્ન)



શ્રી ચાવડાના બળવાન રેખાંકનનો નમૂનો

કહી શકાય. આજની દુનિયામાં હવે કોઈ પણ પ્રકરણ માનસનો કલાકાર બહારની અસરોથી મુક્ત રહી શકવાનો નથી. દાખલા તરીકે શ્રી ચાવડા જે સાધનસામગ્રી વાપરે છે તેનો જ વિચાર કરો. તમે જાણો છો કે હિંદી ચિત્રો મોટે ભાગે જળરંગી જ હોય છે. પણ શ્રી ચાવડાનું પ્રિય વાહન તો તૈલરંગો ને ટેમ્પેરા (ચિકટ દ્રવ્યથી મિશ્રિત બની રંગો) છે. જળરંગી ચિત્રો પણ તે કરે છે ખરા—ખરું કહીએ તો ભાગ્યે એવું સાધન હશે જે તે ન વાપરતા હોય; પણ તેમની પસંદગી તો તૈલરંગો પર જ ઊતરે. એ જ રીતે ચિત્રરચનામાં યે પટગૂંથણી માટે એમનો આગ્રહ, વિષયને સાદો બનાવવાની એમની હથોટી ને અલંકારોનો તો લગભગ અભાવ, આ બધાં એમની કલાને પશ્ચિમી ઢબવાળો આંતરરાષ્ટ્રીય ઝોક આપી રહે છે. તમે આ બાબતમાં મળતા થાઓ છો ખરા?

મિ. હાર્ટવેલ: આપણે વાતો શરૂ કરી ત્યારે મારી પ્રથમ પડેલી છાપ એ જ મુદ્દાને સંપૂર્ણ ટેકો આપે છે. હું તો આગંતુક છું. હિંદી રૂઢિઓ કે પરંપરા વિષે કશું જાણું નહિ; અને મારા એ અજ્ઞાનને લીધે હિંદી ચિત્રકળાને પૂરી સમજવામાં કે તેની કદર કરવામાં સફળ પણ ન થાઉં. છતાં શ્રી ચાવડાનું કામ જોઈ મારા મન પર તત્ક્ષણ જે પ્રિય છાપ પડી તે એ કે રાષ્ટ્રીય મર્યાદાઓને વટાવીને તેની યે પાર પોતાનો અવાજ કઢાવવાની શક્તિ તે ધરાવે છે. (અનુવાદક **ર.મ.રા.**)



શ્રી ચાવડાનાં ત્રણ પૅનલ-ચિત્રો: ઉપર-ચાકુની દુકાન; વચ્ચે સરાણિયો; નીચે-દળણું.

આપણી વનસ્પતિ

[૨]


માસે માસે એક એક વનસ્પતિનો પરિચય આપતી લેખમાળા

લેખક - પ્રો. જયંતીલાલ દેવશંકર ઓઝા એમ. એસસી.

ખાખરો



ખાખરાનાં પાન



ફૂલ



શીંગ

વસંતઋતુમાં કેસૂડાનાં ફૂલ તો કોણે નહિ જોયાં હોય? દેવમંદિરોના ઉત્સવોમાં તથા હોળીખેલનમાં તેના રંગના વપરાશ તો જાણીતો છે. એ ફૂલ ખાખરાનાં. હિંદમાં ઘણે ઠેકાણે તે ઊગે છે. પણ. પશ્ચિમઘાટ અને મધ્ય હિંદનાં જંગલોમાં તે ખૂબ થાય છે. પાનખરમાં તેનાં બધાં પાન ખરી પડ્યા બાદ તેના પર કેસરી રંગનાં કેસૂ ફૂલ પૂરબહારમાં ખીલે છે ત્યારે સૂર્યના તેજસ્વી પ્રકાશમાં એનાં ઝુમખાં એવાં તો ભભૂકી ઊઠે છે કે જંગલમાં ઠેરઠેર લાગેલી અગ્નિજ્વાળા જેવો દેખાવ થાય છે. જંગલમાં એ દૃશ્ય અદ્ભુત હોય છે. આથી અંગ્રેજો તેને 'ફ્લેઈમ ઑવ ધ ફૉરેસ્ટ' કહે છે એનું શાસ્ત્રીય નામ બ્યૂટીઆ ફ્રૉન્ડોસા (Butea Frondosa Konig).

સમાજમાં ખાખરો પવિત્ર વૃક્ષ ગણાય છે ને ચંદ્રમાને અર્પણ થએલું ગણાય છે એ બાજ પક્ષીનાં પીછાંમાંથી ઉત્પન્ન થએલું કહેવાય છે. ને તેમાં દેવોને પ્રિય સોમરસ હોવાનું મનાય છે. વેદોમાં એને વિષે ઘણો ઉલ્લેખ આવે છે હિંદુ ધર્મવિધિઓમાં પણ તેનો ઉપયોગ થાય છે. ખાખરાનાં સૂકાં ડાખળાં પવિત્ર અગ્નિને પ્રદીપ્ત રાખવામાં વપરાય છે ઉપનયનસંસ્કારના વિધિ વખતે બ્રાહ્મણ બાળકના હાથમાં ખાખરાનો પવિત્ર દંડ મૂકવામાં આવે છે. બ્રાહ્મણ સંન્યસ્ત ધારણ કરે ત્યારે તેને ખાખરાના પાનમાં ભોજન લેવું પડે છે. ખાખરાના પાનને ત્રણ પાંદડાં હોય છે. જેમાંનું વચલું વિષ્ણુનું. ડાબું બ્રહ્માનું ને જમણી તરફનું શિવનું પ્રતિનિધિત્વ સૂચવતા ગણાય છે.

હિંદ ઉપરાંત બ્રહ્મદેશમાં પણ તે થાય છે. ખાસ કરીને ડુંગરાળ પ્રદેશમાં તે ખૂબ થાય છે, પણ અત્યંત સૂકા પ્રદેશોમાં તે ક્વચિત નજરે પડે છે હિમાલયમાં ૩૦૦૦ ફીટ ઊંચાઈએ અને દક્ષિણ હિંદમાં ૪૦૦૦ ફીટ ઊંચાઈએ પણ તે જોવામાં આવે છે. ઝાડની ઊંચાઈ ૨૦ થી ૪૦ ફીટ સુધી. થડ વાંકું અને તે પર ડાળીઓ અનિયમિત. છાલ રાખોડી રંગની ખરબચડી. પાન સંયુક્ત અને ત્રણ પાંદડાંવાળાં દરેક પાંદડું જાડું અને ઉપરની બાજુએ લીસું તથા નીચેની બાજુએ રુંવાવાળું. છેડાનું પાંદડું ૪થી૮ ઈંચ લાંબું અને તેટલું જ પહોળું તેમજ સહેજ લંબગોળાકાર. બાજુનાં બે પાંદડાં મુકાબલે વધુ ગોળાકાર. નીચેના ભાગમાં સહેજ વધારે પહોળાં. ૪થી૬ ઈંચ લાંબાં અને ૩થી૪ ઈંચ પહોળાં હોય છે. મુખ્ય પાનની દાંડીની લંબાઈ ૪થી૬ ઈંચ અને દરેક પાંદડાની દાંડીની લંબાઈ આશરે પા ઈંચ જેટલી.

ફૂલો કેસરી રંગનાં, પણ તેની કળીઓ કાળી. જાન્યુઆરીથી માર્ચ અગર એપ્રિલમાં ફૂલો પૂર બહારમાં ખીલી ઊઠે છે. ફૂલોના ઉદ્ગમ વખતે વૃક્ષ સંપૂર્ણરીતે પાનરહિત થઈ જાય છે. એનાં ફૂલો મુખ્યત્વે વૃક્ષની ટોચે થાય છે.

ખાખરો શીંગી અથવા શીંગોવાળા વર્ગની વનસ્પતિ છે. તેનું ફળ શીંગ રૂપે થાય છે તે શરૂઆતમાં આછી લીલી અને પક્વ થયે બદામી અગર ભૂખરી હોય છે અને તેમાં એક બીજ હોય છે.

ખાખરો ઉપયોગી વૃક્ષ છે. તેનાં સુંદર ફૂલ વસંતમાં શણગાર માટે વપરાય છે. તેના થડમાંથી કુદરતીરીતે અગર તો છેદ કરવાથી લાલ ગુંદર નીકળે છે, તે ઔષધ તરીકે તેમજ રંગવાના અને ચામડાં કમાવવાના ઉદ્યોગમાં વપરાય છે. તે 'બંગાલ કીનો' (Bengal Kino) નામે બજારમાં વેચાય છે તેમાં કાથા જેવા શ્રેષ્ઠ બાધક (astringent) ગુણો રહેલા છે. ખાખરાના મૂળમાંથી કાઢેલો અર્ક આંખના રોગો માટે ઔષધ તરીકે વપરાય છે. તેનાં મૂળમાંથી રેસાઓ કઢવામાં આવે છે તેનો ઉપયોગ મજબૂત દોરડાં બનાવવામાં થાય છે. પાનનો ઉપયોગ પત્રાવળાં અને દડિયા બનાવવામાં થાય છે. ભેંસો અને હાથીને તે ચારામાં અપાય છે તેમજ ખાતરમાં પણ તેનો ઉપયોગ થાય છે. તેની છાલ અને બીજનો ઉપયોગ સર્પદંશ ઉપર અને ડાંખળાંની રાખનો ઉપયોગ વીંછીના દંશ ઉપર થાય છે. ખાખરાના બીજનો ભૂકો મધ સાથે મેળવી કૃમિનાશક ઔષધ તરીકે વપરાય છે અને તે અંગ્રેજી દવા સેન્ટોનાઈનની ગરજ સારે છે. આયુર્વેદ અને યુનાની ગ્રંથોમાં કૃમિનાશક ઔષધ તરીકે તેની ઘણી તારીફ છે.



ખાખરાનાં પાન ફૂલ અને શીંગ

ખાખરાનાં ફૂલોને ફટકડી સાથે ઉકાળવાથી પીળો રંગ બને છે અને તેમાં આલ્કલી ઉમેરવાથી ઘેરો કેસરી રંગ બને છે, જે કાપડ રંગવામાં વપરાય છે. ખાખરાનું લાકડું સામાન્યરીતે દેખાવમાં સાગને મળતું આવે છે અને તે મકાનનાં બાંધકામમાં વપરાય છે.

કલાના રૂપરહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવતી લેખમાળા

અસ્થિ-વિજ્ઞાન

શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીના મૂળ પરથી
અનુવાદક સૌ. શ્રી અપર્ણાબેન ત્રીવેદી

૨-અંગમરોડ

આજ, મૂર્તિરચનામાં અસ્થિવિજ્ઞાન જાણવું ઘણું ઉપયોગી હોવા છતાં પણ દેહના કે તેના અવયવોના કેવળ વૈજ્ઞાનિક તત્ત્વ ઉપર કંઈ શિલ્પના રૂપતત્ત્વની પ્રતિષ્ઠા થઇ નથી. શિલ્પરૂપના ચાક્ષુષ (માત્ર નજરે દેખાતા) વ્યવહાર-રૂપનં. એવી **વૈજ્ઞાનિક મૂર્તિના અવલંબન ઉપર શિલ્પની રચના કરી શકાતી નથી. શિલ્પનું રસ-રૂપ તો છે કલ્પનાથી રૂપાન્તરિત થએલું 'રૂપ' જ. તે કંઇ વૈજ્ઞાનિક રસ્તે મેળવી શકાતું નથી; તેની શોધ તો કલ્પનાના રસ્તે જ કરવી પડે છે.** જેમ વ્યાકરણ-પિંગળના નિયમો કંઠસ્થ કરવાથી મોટા કવિ થઇ શકાતું નથી, તેમ માત્ર અસ્થિ-વિદ્યાના નિયમો મોઢે કરવાથી મોટા શિલ્પી થવાતું નથી. ઈટાલીના એક બીજા મહાન શિલ્પીએ કહ્યું છે કે 'Learn Anatomy and then forget it' (અસ્થિવિદ્યા શીખી લો ને પછી તે ભૂલી જાઓ).

પણ અસ્થિવિદ્યાના જ્ઞાને શિલ્પીને મૂર્તિરચના માટે એક મધુર વસ્તુ આપી છે: એ છે ભાવના આવેશમાં દેહના નાના પ્રકારના સુંદર 'ભંગ'ની—'મરોડ'ની (flexionની) કલ્પના. (ચિત્ર ૨૬, ૨૭, ૨૮) માણસ જ્યારે સ્થિર થઇને ઊભો રહે છે ત્યારે કોઇક વખત તે બે પગ ઉપર સરખો ભાર રાખીને ઊભો રહે છે, તો કોઇક વખત એક પગ ઉપર બધો ભાર રાખી ઊભો રહે છે. એવે વખતે તેનો બીજો પગ ભારમુક્ત થઇને સ્વેચ્છાપૂર્વકનો એક મરોડ રચી રહે છે. અંગમરોડની એવી જુદીજુદી 'ભંગી'ઓમાં માનવદેહ જાતજાતનાં સુંદર રૂપમાં પ્રકાશી ઊઠે છે, અને એ રૂપરસનું પાન કરીને શિલ્પી, અવસ્થા અનુસાર અને ભાવની પ્રેરણાથી, પોતાના કલ્પિત રૂપને જુદાજુદા 'મરોડ'માં વિભક્ત કરીને નવનવા રસની સૃષ્ટિ સર્જે છે.

આપણા માથાની વચમાંથી આખા શરીર સોંસરી—axis—નીકળતી જો એક સૂત્રરેખા (plumb-line)--ઓળીંબો—નાખવામાં આવે તો તેનાથી આપણું શરીર બે સરખા ભાગમાં વિભક્ત થાય છે. તે જ્યારે એ રીતે બે સરખા ભાગમાં વિભક્ત થાય ત્યારે બંને પગ ઉપર સરખો ભાર પડે છે (ચિત્ર નં. ૨૬). આ મરોડ-ભંગ-નું નામ 'સમપાદ ભંગ'. પણ જ્યારે બ્રહ્મસૂત્ર (axis-line)ની એક બાજુ કરતાં બીજી બાજુના અવયવો વાંકા હોય, ત્યારે એક પગ પર જ શરીરનો ભાર પડે છે. એવે વખતે રચાતા મરોડનું નામ 'આભંગ' અથવા 'ઈષત્ ભંગ'. (ચિત્ર નં. ૨૭). જો દેહ ત્રણ જુદાજુદા 'મરોડ'માં વિભક્ત થાય, તો તેનું નામ 'ત્રિ-વંક' અથવા 'ત્રિભંગ'. ગ્રીક શિલ્પમાં પણ આ 'આભંગ'નાં ઘણાં સુંદર ને સુમધુર નિદર્શનો છે.

(ચિત્ર નં. ૨૮). આ 'દેહ-ભંગ' એ શિલ્પીની પ્રતિમાના પ્રાણસકલ જેવો છે. અંગમરોડને સુંદરરીતે રૂપ આપવાથી જ તે શ્રેષ્ઠ પ્રતિમામાં પરિણત થાય છે. (Sculpture is a fine gesture attitudinized.)

પણ પૂર્વદેશના શિલ્પીઓ પોતાની મૂર્તિકલ્પનાને અસ્થિવિદ્યાના કાયદાકાનૂનો અને પરિધ વડે સીમાબદ્ધ કરતા ન હતા. સ્વાભાવિક પરિચિત રૂપમાં જે બધી આકૃતિઓ જોવામાં આવે છે તેને પરિવર્તિત કરી, પરિશુદ્ધ (refine) કરી, માણસની સ્વાભાવિક આકૃતિને અવયવોનું અતિક્રમણ કરી, એક નવા આદર્શની, એક નવી કલ્પનાની રમણીય મૂર્તિ આ દેશના શિલ્પીઓ ઘડે છે, કે જે, નજરે જોએલી માણસની મૂર્તિનું હૂબહૂ અનુકરણ નથી હોતું. એક રીતે આ નવું જ સર્જન છે. આ કાલ્પનિક માર્ગ લેવામાં પૂર્વ દેશના શિલ્પીઓનો હેતુ તો એ જ કે માણસના અવયવોના જે બધા દોષભર કે આંખને પીડાદાયક અંગ-પ્રત્યંગો હોય તેને કાઢી નાખી, ઢાંકી દઈ, એક ઉચ્ચતર આદર્શના કાલ્પનિક રૂપનું સર્જન કરવું. તેઓ માણસની મૂર્તિનું અતિક્રમણ કરી, એક અતિમાનવના આદર્શવાળું કાલ્પનિક રૂપ ઘડે છે. ભારતના શિલ્પીઓની કલ્પિત દેવદેવીઓની મૂર્તિમાં એક નવા જ પ્રકારની, એક ઉન્નતતર, એક સૂક્ષ્મતર, એક સુન્દરતર મૂર્તિકલ્પનાનો આભાસ રહેલો છે. ગ્રીક દેશના દેવતાની કલ્પના વ્યાયામશાળાના બલિષ્ઠ મનુષ્યદેહના ઉપર પ્રતિષ્ઠિત થએલી છે. (જુઓ ચિત્ર નં. ૩૩માંની ઝીયુસની મૂર્તિ). પરંતુ ભારતના દેવતાની કલ્પના મનુષ્યદેહના આદર્શનું અનુકરણ નથી, પણ અતિમાનવના આદર્શની ધ્યાન-લબ્ધ કલ્પના છે. ગ્રીસના શિલ્પીનો આદર્શ છે, દૈહિક સૌન્દર્યનો આદર્શ; પૂર્વ દેશનો આદર્શ છે, આધ્યાત્મિક સૌન્દર્યનો આદર્શ. (ચાલુ)

નીચે: ડાબી બાજુ-ચિત્ર નં. ૨૬: સમપાદ ભંગ; વચ્ચે-ચિત્ર નં. ૨૭: આભંગ; જમણી બાજુ—ગ્રીસના દેવતા ઝીયુસની સુંદર આભંગ મૂર્તિ ચિત્ર નં. ૨૮







વ્રજવાણી

મરુ પંથે મળેલી મીઠી વીરડી

કલા માટે કરેલી દેહની એક દિલેર ન્યોછાવરીના અવશેષો

લેખક

રામસિંહજી કા. રાઠોડ. ડી. ડી.આર.

કચ્છમાં વણશોધ્યા અને અણનોંધ્યા કેટલા યે પુરાવશેષો હજ ગેબ પડ્યા હશે! તેમાંથી પ્રાંથડના પટમાં, પલોટાઈ વિસરાઇ ગએલા 'વ્રજવાણી'નું નામ પ્રાચીનસંસ્કૃતિના અવશેષોની નોંધણીની નામાવલિમાં નવું ઉમેરવાનું સુભાગ્ય મને અચાનક પ્રાપ્ત થયું.

ગેડી ગયો (જુઓ સામેનો નકશો) ત્યારે થયું કે પ્રાંથડનો પ્રદેશ પણ નજર નીચેથી કાઢી નાખવો. સિવાય બીજી કાંઇ નેમ ન હતી. ખારી (રણ) ન આવે એટલા માટે સારંગીએથી કોરે કોરે જવાય તેમ હતું પણ અધારુ થવા આવ્યું હોવાથી જલદી ગામસર પહોંચી જવાય એ ઇરાદે થુંબડેથી ફરી "વરજવાણી"માં રાતવાસો રહેવું એમ નક્કી કરેલું. ગેડી પછી થે'ડે સુધી જમીન બધી સમતળ, કોરી, ખડકાળ ને નીલરંગી છે અને ગેડીથી દોઢએ માઇલને અંતરે ગણેશ-ધારા આવેલું છે. ખારીમા પ્રવેશતાં ઊટે અવળ.ઇમાં એક ડગ પણ આગળ વધવાની તૈયારી ન બતાવી સારવાણે (હાંકનારે) ઘણા ય ઉપાય અજમાવ્યા, પણ ઊંટ બેકાબૂ જ રહ્યો ઊંટ મસ્તીમાં આવેલો હોઇ, ને ખારીની સપાટ જમીન વચ્ચે જો ક્યાંક સામો થાય તો તેનાથી બચવા ઝાડનું ઠૂંઠું તો શું પણ તરણું યે ત્યાં ન મળે અને ઊંટ ગુડી જ નાખે એવા સંજોગો જોઈ, ગેડી પાછા ફરવાનું ઉચિત ધાર્યું. રાત્રે પાછા ગેડી પહોંચ્યા. તે વખતે બીજો કોઈ ઊંટ કે સાથી સાથે આવવા તૈયાર ન થયો; એટલે વહેલી પરોઢે બીજો ઊંટ મળ્યો તે લઇ નીકળ્યા.


મીઠી જમીન મૂક્યા પછી તો વાટ ધોંપટ પડી છે. એટલે ઝપાટે વરજવાણીના ગોંદરે પહોંચ્યા. ત્યાં કાંઇ ખાસ આકર્ષણ ન હોવાથી વેળાસર બેલા પહોંચી જવું એમ ધારેલું પણ વરજવાણીના પાણી અને ઝાડીથી ભર્યાભર્યા કુંજ જેવા તળાવ પાસે આવ્યા ત્યારે ખારી-મીઠી જમીનના સાંધા જેવા એના પટમાં કેટલાક કોલાં.નાના થોકાથી લૂગડાં ધૂ ા તેમ ધરતી ફૂટતા જોયા. પાસે જઈ પૂછ્યું તો કહે કે 'અમે તાં થેગ* કાઢીએ સીએ.' ને પાછા તેઓ પોતાના કામે લાગી ગયા.

પણ એક જણ જ્યાં થેગ કાઢવા ધરતી ફૂટતો હતો તે સ્થળે બીજાઓના અવાજથી કાંઇક જુદો જ પડી આવે તેવો અવાજ આવતો હતો. ઊંટના સારવાણે તેને મજાકમાં કહ્યું, 'એલા, તારા નીસે હોનામોરૂં (સોનામહોરો)નો સરૂ (ચરૂ) બોલતો ઝણાય સે'

'નંઇ રે! એવાં નહીબ ચ્યાંનાં? એ તાં જુઝારાનો પાયણો નીસે હોશે, તી ઈમ અવાઝ થાય નાં!' જવાબ મળ્યો.

અને મારૂં ધ્યાન ખેંચાયું. ઊંટ પરથી નીચે ઊતરી પેલા જણને કહ્યું એટલે તેણે કૂટાયલી અટાર ખસેડી તો નીચેથી પાળિયાનો પથ્થર દેખાયો. હું જરા બારીકાઇથી જોવા લાગ્યો ત્યાં તેણે કહ્યું કે 'પણે ઢોલીથરના ઢોરામાં અને અવડી માતા પાંહે તો એવા પાયણા ગુંધ પડ્યા સે.' એમ એ સ્થળના ઢંગરંગ જોતાં તેની પ્રાચીનતા મારા મનમાં ઠસી ગઈ. પછી તો ત્યાંજ રોકાવાનો નિર્ધાર કરી બધું નિહાળી નિહાળી નજર નીચેથી કાઢી નાખ્યું.

પ્રાંથડની ઊંચી ગિરિમાળા 'નીલવા'ની દક્ષિણે, અને મોટા રણની કંધી ઉપર. ખુલ્લા ઢાળમાં જરખેજ જમીનમાં વ્રજવાણીના પુરાણા




પ્રાંથડપ્રદેશ અને તેમાં વ્રજવાણીનું સ્થાન દર્શાવતો નકશો


અવશેષો આવેલા છે ગામની વચ્ચે ઠાકોરજીનો ચોરો આવેલો છે. ચોરાનુ મકાન સાદું ખુલ્લું લીંપણવાળું છે અને તેમાં કપ્પરમાંથી ઓદી કાઢેલી મોટી મોટી છીપરો મૂકી ચારે બાજુ મોટી બારીઓ રાખેલી છે. અફાટ રણવિસ્તાર અને દૂરના ડુંગરાઓનું નિસર્ગદૃશ્ય બહુ રમણીય લાગે છે. ગામનાં ઘરોમાં અને રસ્તાના ખૂણાઓ ઉપર ક્યાંક પાળિયાના પથ્થર કે ક્યાંક પુરાણા શિલ્પકામની ઉત્તમ કારીગરીવાળા પથ્થરો જ્યાં ત્યાં ભંગાઇને વપરાએલા જોવામાં આવે છે. ગામમાં જો કાંઈ મનોહર હોય તો તે ત્યાંનું વંજુકુંજ જેવું તળાવ. તળાવને ઊંચી એવી મોટી પાળ છે અને તેમાં બાવળ, વડ અને પીલુની ગીચ ઝાડી છે. આ તળાવની પાળમાં, ત્યાંના કૂવાના પડથારમાં અને નીચે, કંઈ કેટલા યે પુરાણા સ્થાપત્યના ભંગારના પથ્થરો ઉપયોગમાં લીધેલા નજરે ચડે છે. અને એ સમૃદ્ધિનાં સંભારણાં આમ વેડફાઈ જતા જોઇ જીવ બળે છે! કાઠીઓના અને તે પછીના કાળના રાજ-પૂતોના તેમજ બીજા ઘણા ઘસાઈ ગએલા જૂનાપુરાણા પાળિયા ત્યાં જોવામાં આવે છે. તળાવકાંઠે આવડ માતાનો મઢ આવેલો છે. એ મઢ છે ત્યાં પહેલાં કોઈ ઉત્કૃષ્ટ કારીગરીવાળું શિલ્પસૌંદર્યભર્યું મોહકમંદિર હશે, એમ ત્યાં વેરણછેરણ પડેલા કોતરણીથી સભર ભર્યા પથ્થરોનો ખડકલો જોતાં લાગે. જ્યારે આ તળાવ ખોદાયું ત્યારે તેમાંથી નર્તકીઓની અને એવી બીજી આકૃતિઓ કોતરેલા પથ્થરો નીકળ્યા તેને ભોળા ગામડીઆઓએ સ્વયંભૂ માતૃકામૂર્તિઓ સમજી લઇ તેની પ્રતિષ્ઠા કરી પધરાવી. અને તેના ઉપર આગળ એકઢાળિયા સહિતનું સાદું માટીના લીંપણવાળું મઢનું મકાન ચણાવ્યું તેમાં યે પથ્થરો તો જૂના ખંડેરના જ ઉપયોગમાં લીધેલા છે. મઢને મંદિરનું રૂપ આપવા તેના ચારે ખૂણે પુરાણા મંદિરના શિખરની દેવરીઓનો

* વર્ષામાં જેના ઊગવાથી હરિભોમ બની રહે છે ને, એક પ્રકારની ઘાસ જેવી વનસ્પતિના મૂળ ઇથી મળતો ધોળા દાણા જેવો ખાદ્ય પદાર્થ.









ઉપર ડાબી બાજુ: અશ્વ અને સવારની કોતરણીવાળી છ ફૂટ લાંબી શિલા; નીચે: વ્રજવાણીનું તળાવ ખોદતાં નીકળેલા પુરાણા મંદિરના શિલ્પકામના અવશેષો. જેમાંના કેટલાકને ગામલોકોએ સ્વયંભૂ માતૃકામૂર્તિઓ માની આવડી માતાનો મઢ ચણાવી તેમાં પધરાવેલા છે. જમણી તરફ: ઢોલીથરના ઢોરા ઉપરના પાળિયાઓમાંના બેનું ત્વરિત રેખાંકન (આ લેખનો—લેખકનાં)

ઉપયોગ કર્યો છે, અને શોભતું કરવા કોતરણીવાળા પથ્થરો જેમતેમ પણ પાધરા ચણાવ્યા છે. આ આવડ માતાના મૂળ સ્થાપકો ચારણો હતા અને તેમના સમયથી ગામલોક તેને આગદેવી માની પૂજે છે અને સિંદૂર ચડાવે છે.

તળાવકાંઠે ફરતાં ફરતાં, પડી ગએલા પાળિયા જેવી દટાએલી એક શિલાના છેડાના થોડા ખુલ્લા ભાગમાં ઘોડાની આડી આકૃતિ કોતરેલી જોઈ, અને એવી ભૂલ કેમ થઈ હશે એ વિચારે નવાઈ લાગી. પાળિયામાં હમેશા તેના ઊભા ભાગે ઘોડાની કે બીજી આકૃતિ ઊભી જ હોય છે. એટલે એ આખી શિલા ખોદી કઢાવી, તો છએક ફૂટ લાંબી અને દોઢ ફૂટ જેટલી જાડી પહોળી એ પથ્થરની છાટ પર અશ્વ અને સવારની વિવિધ આકૃતિઓ આડી કોતરેલી જોવા મળી! એકીસાથે પાંચ વીરોનું સ્મરણ સાચવવા કરેલી એ ખાંભી હશે? કે ઉત્તમ કારીગરીવાળા મંદિરમાં અશ્વથરમાં કે બીજે મૂકવા કરેલું સુશોભન હશે? કદાચ છેલ્લી ધારણા વાસ્તવમાં ઠીક જણાય છે.

આ બધું જોતાં ઠીક સમય ગયો. બપોરના બાર વાગવા આવ્યા. પછી ઢોલી થરનો ઢોરો જોવા વળ્યો. 'રાત્રે ક્યારેક એ ઢોરામાં એક અવાજે વણઅટક્યો ઘૂઘરિયો વાગે છે ને બીજો પણ બુબારવ થયા કરે છે. ત્યાં તો ભૂતાવળ જાગે છે' એમ કહી ગામલોકે એવે કટાણે ત્યાં જતાં મને વાર્યો. પણ તેથી તો મારું મન વિશેષ ઉત્સુક બન્યું.

ગામની અંતરમાં આવેલા એ ઢોરા પર પહોંચી જોયું તો રતુમડી કાંકર અને શેડી માટીમાં આહીરો, કાઠીઓ તથા રજપૂતોના અને એવા બીજા ઈતર પાળિયા, કોઈ ખૂંપેલા છે, કોઈ પડેલા છે, તો કોઈ ઢગલો થઈ દટાઈ ગયા છે; અને તેમાં, એક ઢોલી તથા તેની પાછળ મરી ફીટેલી એકસો ને વીસ આહીરાણીઓના અહીં એક કાળે ઊભા કરાએલા ધરમા પાળિયા પણ ભળી ગયા છે. જેના પરથી એ સ્થળ 'ઢોલીથરનો ઢોરો' કહેવાયો તે, જીર્ણ થઈ ઘસાઈ ગએલા એ પાળિયા કયા સમયના હશે તે પારખવા પૂરતું કાંઈ સાધન ઉપલબ્ધ નથી. પણ અહીંથી મને કળા માટે અપાએલા અદ્ભુત આત્મભોગની અનન્ય એવી એક અતિ રસભરી આખ્યાયિકા લાધી ગઈ.

મુહૂર્તરાજ અક્ષયતૃતીયાનો દિવસ એ તો વસુંધરાનો પર્વણી મનાઈ છે. તે દી' સૂરજે સાખ કાઢી તે પહેલાં, કમર કસી, અખાત્રીજ માડલી જોઈ, વ્રજવાણીના આહીરો ખતપતરની ફેરવણી કરવામાં પડ્યા હતા. ટોપરૂં ખારેક નાખી ઉકાળેલી ઘેબર રાબડી રાંધી આહીરાણીઓ ગોરઉત્સવના આનંદમાં મસ્ત હતી. ફૂલ્યુંફાલ્યું વ્રજવાણી તે વખતે આબાદ ગામ હતું. વંજુકુંજમાંનાં તેનાં શિલ્પ-સમૃદ્ધ દેવમંદિરો એની સાખ પૂરતા અને ગામલોકના ઉત્સવ-આનંદમાં એનો પડઘો પડતો.

દિવસ નમવા આવ્યો ત્યારે 'ધા ધિનક ધા તિનક . . .' ઢોલ વાગવો શરૂ થયો. વ્રજવાણી એ અવાજે વિહ્વળ બન્યું. ઢોલનો નાદ સાંભળી, ગામ આખાની આહીરાણીઓ બહાવરી બની, ગમે તેવું કામકાજ પછાડી કે વાલેસરીને પણ છોડી, ઢોલે રમવા નીસરી પડી. અને એમ તો વારતહેવારે હમેશાં બનતું આવ્યું હતું. કરામત ઢોલીમાં હતી કે તેના ઢોલમાં, એ તો આજે યે કોયડો છે; પણ ઢોલી ઢોલને એવી મતથી દાંડી પીટતો કે તેમાંથી સેંકડો વર્ષ પૂર્વે શ્રીકૃષ્ણે છેડેલો ગોપીઓને ઘેલી કરતો વેણુનાદ પ્રગટતો લાગતો, ને આહીરાણીઓ રસમસ્ત બની રાસ રમવા ધસતી ઢોલી તાઢી હતો, પણ આહીરાણીઓના મને મોર હતો.

> વ્રજજણ વાણી ઈ વાંકે   ગોવિંદ શું વશ થાવા રે,
> રઢિયાળા રાધાવર સંગે   રંગે રાસ રમાવા રે.

હૈયાં હચમચી ઊઠે એવો રાસ જામ્યો. રંગતમાં રાત વીતી સવાર થવા આવી. છબીલો ને છોગાળો, લટિયર ને લટકાળો, વાંકડી મૂછો અને ઘુંઘર વાળવાળો ઢોલી વાગ્યા કર્યો ઢોલને દાંડી દીધે રાખતો હતો અને ઢોલમાંથી 'ધિન ધાગિના તિના કે . . . ધિન્ ધાગિના તિનાકે' એવો એકધારો મોહવશ કરતો અવાજ નીકળ્યા કરતો હતો. સલુણી ને સૂરીલી, નીતરતા નેહ ને દૂધાળા દેહવાળી એકસો ને વીસ આહીરાણીઓ હમચી તાલમાં ફરતી, ધરતીને ધમધમાવતી રાસમાં મચી હતી.

> વ્રજે માધા આવણાં
> ગીત ગરૂઆ ગાવણાં;
> વ્રજે માધા આવણાં
> ઢોલે રમાવણાં,
> રાસે રમાવણાં;

વર્જે માથા આવણાં
આહીરાંવિચ આવણાં
વર્જે માથા આવણાં.

રસાવતારને ફરતો જાણે મદન મહોત્સવ મંડાયો હોય એવી રમઝટ જામી હતી. કોઇ કોઇને હટી દે એમ ન હોતું. આહીરો પણ મુગ્ધ બનીને ફરતા ટોળે વળીને ઊભા ઊભા જોતા હતા

તેવામાં વેડાંગ પલાણેલો વહીવંચો ત્યાંથી નીકળ્યો. આ તાસીરો જોઈ તેનો અદેખો જીવ બળ્યો. 'એલ, ફેલ, ખેલ, ભેલ, ખલકમેં ગેલ ગેલ' એવું કાંઈક બબડતો તે આહીરો વચ્ચે આવી ઊભો. ફાટફાટ થતા જોબનવાળી ગોરી આહીરાણીઓમાં મહાલતા એ મદમાતા ઢોલીને જોઇ તેણે મોં મચકોડયું. અને જુવાનજોધ જેવા ઊભેલા એક આહીર તરફ માફૂલ થવા આંખ મિચકારી અને ચાલતી પકડી. એ આહીરનો જીવ બગડયો. તેને કમત સૂઝી તે અતાલો થઇ ઢોલી પર કૂદી પડયો અને તેના માથામાં કડિયાળી ડાંગ ફટકારી. ઉછાળા મારતું લોહી ધગધગ કરતું વહી નીકળ્યું. ઢોલી નીચે ઢળી પડયો. રસમાં એકતાન બનેલી એ એકસો ને વીસે આહીરાણીઓનાં હાથના બલ્લૈયાં પોતપોતાના કપાળમાં અફળાયાં અને તેઓ પણ બધી ઢગલો થઇ ભોંયે ઢળી પડી લોહીમાં લોહી એકાકાર થયું અને ગામમાં અધાધૂમ કેર વર્તી ગયો.

તે દી'થી આહીરો બધા અપિઓ લઈ ગામ તજી ભાગી છૂટયા અને શાપના માર્યા પ્રાંથડ છોડી 'પ્રાથડીઆ આહીરો' તરીકે બહાર જઈ વસ્યા. આજે માત્ર ઢોલીયરના ટોરામાં કાળબળે ઘસાઈ ગએલી એકસો ને વીસ આહીરાણીઓની ખાંભીઓ અને ઢોલીનો પાળિયો એ કરુણતમ ઘટનાની યાદ તાજી કરે છે અને પાયમાલ થએલું એ વ્રજવાણી, 'વરજવાણી'રૂપે ફેરવાઇ જઇને. તેમાં ઘાઘરી જેવા ગોઠણ સુધીના ચોરણા ધુમાવતા આંજણ્યા કણબીઓ વસે છે

પ્રાંથડમાં આજે પણ નાદ ફૂંકીને (મુરલી વગાડી) કાળોતરાને લેટણીઉં ખવડાવતા તથા કપિ નચાવતા, કે રમાભ વગાડી જનસમૂહને રડાવતા મીરો વસે છે. તેમને ઉપરના બનાવ વિષે વિશેષ વૃત્તાંત મેળવવા પૂછ્યું તો તેમણે તો સંભળાવ્યું કે: 'વેણ વગાડતા વ્રજવિહારી જેવા એવા એ ઢોલીની તોલે તો કોણ આવે ? પણ,

માગણ માગણને માગે નહિ,
માગણ માગણને વખાણે નહિ.

અમે બાપદાદે ઢાઢી, અમારો એ પેઢીઉતાર ધંધો રહ્યો. છતાં એ ઢોલી તો અદ્‌ભુત હતો. અમે તે હવે શું ઢોલ વગાડશું ?!'

સ્વદેશ કે સ્વધર્મ માટેની ભવ્ય શહાદતો, સ્વજન કે પરકીય વાસ્તે અપાએલા આપભોગ, રાજપૂતોનાં જોહર અને કેસરિયાં, જાપાની હારાકીરી, નીલકંઠ પરની કમળપૂજા, કાશીકરવત, સાગરશરણ, ગંગાગમન, ભૈરવજાપ, હેમાળો ગળવો, ચારણનું ધરણું, માગણનાં ત્રાગાં અને સતીનો અગ્નિપ્રવેશ, એવાએવા દેહ સમર્પણના વિવિધ પ્રકારોમાં, માત્ર કળા માટે, કળાકાર ઢોલી અને તેની વાદ્યકળા પાછળ, એકસો ને વીસ આહીરાણીઓના દેહની થએલી આવી દિલેર ન્યોછાવરી ઇતિહાસમાં અજોડ છે.

કસોટી

બુદ્ધિને કસતા થોડા પ્રશ્નો. ઉકેલી ન શકો તો જવાબો આ નીચે અવળા છાપ્યા છે.

(૧) એક કાછીઆએ એક આનાનાં ચાર લેખે દસ ડઝન જામફળ લીધાં, અને બીજાં દસ ડઝન એક આનાનાં છ લેખે લીધાં. પણ બીજે દિવસે તે લંઘાવા માંડયાં એટલે નફો લેવાનું માંડી વાળીને તેણે પડતર કિંમત મેળવી લેવા તેમને મૂળ કિંમતે વેચી નાખવાનો વિચાર કર્યો અને બે આનાનાં દસ લેખે વેચી નાખ્યાં. પણ વેચાઇ રહેતાં તેને જણાયું કે એને ઉલટી બે આનાની ખોટ આવી! તો એ કેમ થયું હશે ?

(૨) ઉપેન્દ્ર, ભૂપેન્દ્ર અને નૃપેન્દ્ર નામના ત્રણ ગૃહસ્થો એક ગોળાકાર મેજની ફરતા બેઠા છે. તેમાંથી એક વેપારી, એક ડૉક્ટર અને એક વકીલ છે. નૃપેન્દ્ર, વેપારીની જમણી બાજુએ બેઠો છે; અને ભૂપેન્દ્ર ઉપેન્દ્રની જમણી બાજુએ બેઠો છે. તો વેપારીનું નામ તમે શોધી શકશો ?

(૩) અકબરના વખતમાં આજના જેવા વજન કરવાના સાંચા ન હતા, તે વેળા તેને પોતાના માનીતા હાથીનું વજન કેટલું હશે તે જાણવાની ઉત્કંઠા થઈ અને દરબારીઓ આગળ તે સવાલ મૂકયો. સૌ મુંઝાઇને એકબીજાના મોં સામે જોઇ રહ્યા ત્યારે બીરબલે હાથીને નદીએ લઇ જઇને તેનું વજન કરી લીધું. તે કઈ રીતે ?

(૪) એક ગ્રાહકે રૂા. ૬૫ની એક ઘડિયાળ વેચાતી લઈ વેપારીને રૂા. ૧૦૦)ની એક નોટ આપી, એટલે વેપારીએ તેને રૂા. ૩૫ પાછા આપ્યા. પણ ગ્રાહક પૈસા અને ઘડિયાળ લઈ ચાલ્યો ગયો ત્યારપછી વેપારીને માલુમ પડ્યું કે તે નોટ બનાવટી હતી હવે જો ઘડિયાળની મૂળ કિંમત રૂા. ૫૦) હોય તો વેપારીને કેટલું નુકસાન થયું ?

લેખકોને ક્ષમાપ્રાર્થના

છેલ્લા કેટલાક મહિનાઓ થયાં અમારા ઉપર સંપાદનકાર્ય ઉપરાંત સંસ્થાના આંતરિક સંચાલનતથાવહીવટી કાર્યનો એટલો સવિશેષ બોજો આવી પડેલો છે કે 'કુમાર' માટે આવેલાં તથા આવ્યે જતાં થોકબંધ લખાણો તેમજ કાવ્યો તપાસી જવાનો અવકાશ મળી શકયો નથી આથી ઘણાઓને (સાથે પોસ્ટેજ હોવા છતાં) નિર્ણય જણાવી શકાયો નથી, તે માટે દરગુજર ચાહીએ છીએ. સૌને વિનંતિ છે કે તેમને સ્વસ્થતાથી ઉત્તરો આપી શકીએ ત્યાં સુધીની ઢીલ તેઓ ઉદારતાપૂર્વક નિભાવી લેશે; અને નવાં લખાણ મોકલનારાઓ પણ તાત્કાલિક અથવા તો નિશ્ચિત મુદતના નિર્ણયોની અપેક્ષા નહિ રાખે.

કસોટીના ઉત્તરો: (૧) ખરીદ કિંમત અણસરખી હોવાથી. ૨૦૦ નંગ વેચાયાં ત્યાં સુધી તો બધું બરોબર હતું, કેમકે તેમાં છ વાળાં ૮૦ વેચાયાં; પણ પાછળ ૪૦ નંગ વધે તેના તેને બેઠેલા ૧૦ આના, પણ ઉપજ્યા ૮ આના. (૨) ભૂપેન્દ્ર. (૩) હાથીને હોડીમાં ચડાવી નદીનું પાણી હોડીના ખોખાને બહાર કેટલે પહોંચે છે તેની નિશાની કરી લીધી; અને પછી હાથીને ઉતારી, તે જ નિશાનીએ પાણી પહોંચે ત્યાં સુધી હોડીમાં વજનના તોલા ભરી તે ગણી જોયા. (૪) રૂા. ૮૫.

શહેરના ચોકમાં મહાપુરુષોનાં અનેક પૂતળાં જોઇ ગ્રીક વિદ્વાન કેટોએ કહ્યું
'હું એવો થાઉં કે આ બધાંની સાથે મારૂં પૂતળું ન જોઇને લોકો પૂછે કે આમાં કેટોનું પૂતળું કેમ નથી ?'
માણસની અપૂર્ણતાઓ પૂરી કરવા તેને કલ્પના મળેલી છે, અને તેના હાલ પર સંતોષ લેવા માટે વિનોદબુદ્ધિ.
લાંબું કૂદવા ઇચ્છનારે થોડાંડગલાં પાછાં ભરવાં જોઇએ.
તરશ લાગે તે પહેલાં જ તમારો કૂવો ખોદી રાખજો.

સંચારી ભાવ

ગયા અંકમાં આપણે ભાવના બે પ્રકાર જોયા: ...ી ભાવ અને સાત્ત્વિક ભાવ. હવે સંચારી ભાવ સમજીએ.

સંચારી ભાવો, મુખ્ય ભાવોમાંથી નીકળતા ઉપ-ભાવો હોવાથી તેમને સંચારી ભાવો કહેવામાં આવે છે. તેમની સંખ્યા તેત્રીસ છે. તે આ પ્રમાણે: (૧) નિર્વેદ, (૨) ગ્લાનિ, (૩) શંકા, (૪) અસૂયા, (૫) મદ, (૬) શ્રમ, (૭) આલસ્ય, (૮) દૈન્ય, (૯) ચિંતા, (૧૦) મોહ, (૧૧) સ્મૃતિ, (૧૨) ધૃતિ (૧૩) વ્રીડા, (૧૪) ચપલતા, (૧૫) હર્ષ, (૧૬) આવેગ, (૧૭) જડતા, (૧૮) ગર્વ, (૧૯) વિષાદ, (૨૦) ઔત્સુક્ય, (૨૧) નિદ્રા. (૨૨) અપસ્માર, (૨૩) સુપ્ત, (૨૪) પ્રબોધ, (૨૫) અમર્ષ, (૨૬) અવહિત્થ, (૨૭) ઉગ્રતા, (૨૮) મતિ, (૨૯) વ્યાધિ, (૩૦) ઉન્માદ, (૩૧) મરણ, (૩૨) ત્રાસ અને (૩૩) વિતર્ક.

આપણે આમાંના મુખ્ય ભાવોના વિભાવ-અનુભાવ (એટલે કે તે ઉત્પન્ન થવાનાં કારણો અને તેનાં લક્ષણો) જોઇએ.

નિર્વેદ: પોતાની જાત પ્રતિ તિરસ્કાર અથવા 'સંસાર ત્યાગયોગ્ય છે' એવી વૈરાગ્યબુદ્ધિ તે નિર્વેદ.

વિભાવ (કારણો): વ્યાધિ, દુ:ખ, દારિદ્ર, ઈષ્ટજનનો વિયોગ, માનક્ષય, તત્ત્વજ્ઞાનસિદ્ધિ ઇત્યાદિ.

અનુભાવ (લક્ષણો): નિરુત્સાહ, શિથિલતા, નમ્ર વાણી, મંદ ચાલ, ઈત્યાદિ.

ગ્લાનિ: નિસહનતા તે ગ્લાનિ.

વિભાવ: તપ, ઉપવાસ, મનસ્તાપ, અતિ વ્યાયામ, યાત્રા, ભૂખ, તરસ, મદ્યપાન, કામક્રીડા, અતિ મૈથુન, અતિ નિદ્રા ઈત્યાદિ.

અનુભાવ: મંદ ભાષણ, મંદ ગમન, નિરુત્સાહ, શિથિલતા, નમ્ર નેત્ર ઈત્યાદિ.

શંકા: અનિષ્ટનું ચિંતવન કે હાનિ થવાનો વિચાર તે શંકા.

વિભાવ: કપટ, ધૂર્તબાજી, પાપકર્મ, અપરાધ વગેરે.

અનુભાવ: વારંવાર જોવું, મોં સંતાડવું, ફિક્કા પડી જવું, અવાજ ઠરડાવો વગેરે.

અસૂયા: અન્યનું અનિષ્ટ કરવાની વૃત્તિ તે અસૂયા.

વિભાવ: અન્યનો ઉત્કર્ષ, ઐશ્વર્ય, વિદ્યા, બુદ્ધિ, સૌભાગ્ય વગેરેની અસહિષ્ણુતા, દ્વેષ ઇત્યાદિ.

અનુભાવ: વક્રદૃષ્ટિ, ભ્રકુટી, વિમુખતા, તિરસ્કાર, શકાર, ઘણાંની વચમાં દૂષણો કહેવાં, ગુણમાં દોષ શોધવો વગેરે.

મદ: હર્ષનો ઉત્કર્ષ તે મદ.

વિભાવ: મદ્યનો ઉપયોગ.

મદના પાછા ત્રણ પ્રકાર છે: તરુણ, મધ્યમ અને અધમ

તરુણ મદના અનુભાવ: સ્મિત અને મધુ વચન, વાણીમાં 'ડોલન' શૈલી, ઉચ્ચારમાં શિથિલતા, ચંચલ ગતિ ઈત્યાદિ.

મધ્યમના: સર્વાંગ શિથિલતા, બાહુવિક્ષેપ, વિઘ્નગતિ વગેરે.

અધમ: હતગતિ (લથડિયાં ખાવાં) અસભ્ય વાણી તથા ચેષ્ટા, બોધક્ષય, હેડકી, ઉલટી, કફ વગેરે.

શ્રમ: અતિશય કાર્યથી થએલો પરાભવ તે શ્રમ.

વિભાવ: વ્યાયામ વગેરે કોઈપણ શ્રમદાયક ક્રિયા.

અનુભાવ: શિથિલતા, સિત્કાર, અંગમર્દન, શ્વાસોચ્છ્વાસ વગેરે.

આલસ્ય: ઊઠવા વગેરેમાં અસામર્થ્ય તે આલસ્ય.

વિભાવ: જડતા, વ્યાધિ, તૃપ્તિ, ગર્ભ વગેરે.

અનુભાવ: તંદ્રા, શયન, નિદ્રા, સર્વ કામ પ્રત્યે અભાવ વગેરે.

દૈન્ય: અતિ દુ:ખાવસ્થા તે દૈન્ય.

વિભાવ: મનોદુ:ખ, દારિદ્ર, દ્રવ્યનાશ, ઉત્સાહભંગ વગેરે.

અનુભાવ: ધીરજ ખોવી, મનસ્થંભ, શિરોવેદના, મેલાં વસ્ત્ર.

ચિન્તા: અનિષ્ટની ધારણા કે ગએલાંનો શોક તે ચિન્તા.

વિભાવ: ઐશ્વર્ય અથવા ઇષ્ટ વસ્તુનો નાશ, દારિદ્ર વગેરે.

અનુભાવ: સંતાપ, દીર્ઘ નિશ્વાસ, મનન, શરીરશોષણ, મલિનતા.

સ્મૃતિ: અનુસ્મરણ તે સ્મૃતિ.

વિભાવ: સુખદુ:ખ જનક વસ્તુનું સ્મરણ, અભ્યાસ, ઉદાહરણ, ચિન્તન, સમાનદર્શન.

અનુભાવ: એકદૃષ્ટિ, અવલોકન, ભ્રૂક્ષેપ, એકાગ્રતા વગેરે.

ધૃતિ (સંતોષ): દુ:ખમાં પણ સુખ માનવાની સંતોષબુદ્ધિ તે ધૃતિ.

વિભાવ: શાસ્ત્રજ્ઞાન, તત્ત્વસિદ્ધિ, નિષ્ઠા, ભગવતપરાયણતા વ૦

અનુભાવ: આત્મસંતોષ, આવ્યા કે ગયાનો હર્ષશોક ન હોવો, વ૦

ચપલતા: ક્રિયાની શીઘ્રતા તે ચપલતા.

હર્ષ: ચિત્તનો પ્રસાદ કે આનંદ તે હર્ષ.

વિભાવ: મનોરથસિદ્ધિ, ઈષ્ટજનનો સમાગમ, સુખભોજન, ધનલાભ, દેવ ગુરુ રાજા કે શ્રેષ્ઠ પુરુષની પ્રીતિ ઈત્યાદિ.

અનુભાવ: પ્રસન્નતા, પ્રિય વાણી, હર્ષાશ્રુ, રોમાંચ, આલિંગન, સ્નેહ-તાડન (હેતથી મારવું) વગેરે.

આવેગ: આકસ્મિકતાથી થતો સંભ્રમ તે આવેગ.

આવેગ આઠ પ્રકારના છે: ઉત્પાતકૃત, વાતકૃત, અગ્નિકૃત, વર્ષાકૃત વગેરે. એટલેકે વિદ્યુત, ભૂકંપ વગેરે ઉત્પાતોથી, તેમજ અચાનક પવનથી, કે આગ, વરસાદ વગેરેથી ઉત્પન્ન થતા આવેગો. આ સર્વના અનુભાવો નીચે પ્રમાણે છે.

ઉત્પાતકૃત આવેગ: સર્વ અંગની શિથિલતા, વિસ્મય, કંપ, ભય.

વાતકૃત આવેગ: વસ્ત્ર સંગ્રહન (કપડાં ઠીક કરવાં), શીઘ્રગતિ.

અગ્નિકૃત આવેગ: ખસી જવું, સિત્કાર કરવો, ધુમાડાથી મુંઝાઇ જવું વગેરે.

વર્ષાકૃત આવેગ: દોડવું, આશ્રય શોધવો, સંકોડાવું વગેરે.

જડતા: અસમર્થતા તે જડતા.

વિભાવ: મૂઢતા, સર્વ વ્યવહારનું અજ્ઞાન વગેરે.

અનુભાવ: મૌન, પરવશતા, શૂન્યમનસ્કપણું વગેરે.

ગર્વ: પોતાના વિષે સર્વથી અધિકપણાનો ખ્યાલ અને અન્યને વિષે અધમપણાની બુદ્ધિ તે ગર્વ.

વિભાવ: ઐશ્વર્ય, સૌંદર્ય, યૌવન, ઉચ્ચ કુળ, વિદ્યાબળ, બુદ્ધિ,

અનુભાવ: અવજ્ઞા, ઉપહાસ, તિરસ્કાર, અનાદર વગેરે.

વિષાદ: દુ:ખનો વિચાર તે વિષાદ.

વિભાવ: કાર્યવિઘ્નતા, નિષ્ફળતા, આપત્તિ વગેરે

અનુભાવ: ચિન્તા, નિશ્વાસ, મનન, અવલોકન, નિરુત્સાહ વગેર

નિદ્રા: અન્ય ઇંદ્રિયોનો ત્યાગ કરી મન જ્યારે ત્વચા ઇંદ્રિયમાં રહે છે ત્યારે નિદ્રા થાય છે.

વિભાવ: શ્રમ, આળસ, અતિ આહાર, દુર્બળતા વગેરે.

અનુભાવ: આંખો ચોળવી કે બીડાઈ જવી, બગાસું, બોધક્ષય, ગાત્રનું દૌર્બલ્ય, શરીરમર્દન, સ્વપ્નદર્શન વગેરે.

વિબોધ: ઇન્દ્રિયોની સુપ્તિમાંથી જાગૃતિ કે સતેજતા તે વિબોધ.

વિભાવ: નિદ્રાની સમાપ્તિ, દુ:સ્વપ્ન, સ્પર્શ, તીવ્ર શબ્દ વગેરે.

અનુભાવ: શયનમોક્ષ (ઊઠવું), જૃમ્ભા (બગાસું ખાવું), મક્ષીમર્દન (આંખો ચોળવી) અંગુલી ત્રોટન (ટાચકા ફોડવા), આળસ મરડવી વગેરે.

અવહિત્થ: આકારકે વ્યવહારનું ગોપન કરવું (છુપાવવું) તે અવહિત્થ.

વિભાવ: પરાજય, લજ્જા, ભય, કપટ, અગૌરવ, અપજશ વગેરે.

અનુભાવ: આકાર પ્રચ્છાદન, (ઓઢવું વગેરે), અન્યથા કથન, (ખરી વાત છુપાવી ખોટી વાત કરવી), અન્યથા અવલોકન (બીજે જોતા હોવાનો ડોળ કરવો), કૃત્રિમ ધૈર્ય, વક્રદૃષ્ટિ વગેરે.

ઉગ્રતા: ઉગ્રતા એટલે ઉશ્કેરાટ.

વિભાવ: ચોરી, અપરાધ, અસત્ય, અશ્લીલતા ઇત્યાદિ.

અનુભાવ: વધ, બંધન, માર, કઠોર શબ્દ ઈત્યાદિ.

મતિ: યથાર્થ જ્ઞાન તે મતિ.

વિભાવ: વિવિધશાસ્ત્રજ્ઞાન, ચિંતન વગેરે

અનુભાવ: ઉપદેશ, કાર્ય-આલોચના, સંશય, નિરાકરણ, ચાતુર્ય વગેરે.

વ્યાધિ: જ્વરાદિ વિકાર તે વ્યાધિ.

વિભાવ: વાત, પિત્ત કે કફનો પ્રકોપ. (સર્વ રોગનું કારણ વાત પિત્ત અને કફનો પ્રકોપ છે.)

અનુભાવ: અનેક પ્રકારના રોગો. એમાં એક રોગ જ્વર છે. જ્વરના બે પ્રકાર છે: શીતજ્વર અને દાહજ્વર. ટાઢ વાઇને આવતો તાવ તે શીતજ્વર તેમાં સર્વ અંગનું કંપન (ધ્રુજારી) વગેરે લક્ષણો છે, અને ટાઢ વાયા વગર આવતો તાવ તે દાહ જ્વર.

ઉન્માદ: લાગણી કે આવેશમય આચાર તે ઉન્માદ.

વિભાવ: ઈષ્ટજનવિયોગ, વૈભવનાશ, આપત્તિ વગેરે.

અનુભાવ: અત્યંત અસંબદ્ધ પ્રલાપ, અનિમિત્ત હાસ્ય, અસમય નૃત્ય, ગીત, રુદન વગેરે ચેષ્ટા, વિચિત્ર વેષ, અનુચિત કર્મ વગેરે

મરણ: પ્રાણનું નિષ્ક્રમણ તે મરણ.

વિભાવ: વ્યાધિ, અભિઘાત (અકસ્માત) આત્મહત્યા વગેરે

મરણના ત્રણ પ્રકાર પાડવામાં આવ્યા છે: વ્યાધિજન્ય, અભિઘાતજન્ય, આત્મહત્યાજન્ય.

વ્યાધિજન્ય મરણ: તાવ કે રોગથી થતું મરણ.

અભિઘાત જન્ય મરણ: સર્પદંશ, આગ, વાવાઝોડું, પડી જવું, વાહન વગેરેની અડફટે આવવું વગેરે અકસ્માતોથી થતું મરણ.

આત્મહત્યાજન્ય મરણ: વિષપાન વગેરે ઉપાયોથી ઈરાદાપૂર્વક નોતરેલું મરણ.

શાસ્ત્રમાં વિષવેગની આઠ અવસ્થાઓ બતાવવામાં આવી છે. સાતમી અવસ્થા સુધીમાં ઝેરનો વેગ ઓછો ન થાય તો છેલ્લી આઠમી અવસ્થા 'મરણ'ની આવે છે.

ત્રાસ: મનનો વિક્ષોભ તે ત્રાસ.

વિભાવ: ઘોર શબ્દ, ઘોર દર્શન વગેરે.

અનુભાવ: શરીરસંકોચ, કંપ, સ્તંભ, રોમાંચ વગેરે.

વિતર્ક: વિચાર એટલે વિતર્ક.

વિભાવ: સંદેહ, વિચાર, અવિશ્વાસ વગેરે.

અનુભાવ: ભ્રૂક્ષેપ, વિવિધ વિચાર વગેરે.

આ ઉપરાંત 'છલ'ને એક વધારાનો સંચારી ભાવ ગણવામાં આવે છે. અભિલાષ, પ્રલાપ વગેરેને સંચારી ભાવ ગણવામાં આવતા નથી. ઔત્સુક્યમાં અભિલાષનો અને ઉન્માદમાં પ્રલાપનો અંતર્ભાવ આવી જાય છે.

યોગેન્દ્ર પ્રિયદર્શી

ફરજ

સૂર્ય ધીમેધીમે પશ્ચિમાકાશમાં ઢળતો જતો હતો. સફેદ કિરણોનો ગોળો ધીમેધીમે લાલાશ પકડતો જતો હતો અને ઘેરા સિંદુરિયા રંગનો એ ગોળો ધરતી પરના દેખાવો જોઇને કોપતો હોય એમ મેદાનને છેડે ડૂબતો હતો.

મધ્ય એશિયામાં બલ્ખ પાસેનું વિશાળ મેદાન હતું. લડાઇ પૂર જોશમાં ચાલુ હતી. શાહજહાંએ બલ્ખના ઉઝબેગ સાથે લડવા ઔરંગઝેબને મોકલ્યો હતો. બબ્બે વારની હાર પછી હવે મુઘલ સૈનિકો વધારે જોશથી લડતા હતા. ઉઝબેગના લશ્કરે પણ ઉત્સાહપૂર્વક સામનો કર્યો હતો. સામસામે શસ્ત્રોના ભયંકર મારો ચાલતો હતો. લડાઈ એના મધ્યાહ્ને હતી. જીત કોની થશે એ નક્કી ન હતું.

સૂર્ય ડૂબ્યો. આકાશમાં સંધ્યાના રંગો પથરાવા લાગ્યા. લડાઈનું જોર વધતું જ જતું હતું. અંબાડી પરથી મુઘલ કુમાર નીચે ઊતર્યો. હાથમાં સફેદ ચાદર હતી. મોં પર આવેશ દબાઇને શાંતિ પથરાતી હતી. મન ધ્યાનથી કોઈ નિશ્ચિત વસ્તુ તરફ દોરાતું હતું. પગમાં દૃઢતા અને હૃદયમાં નિશ્ચય હતો

એણે જમીન પર ચાદર બિછાવી. આજુબાજુ લડતા સૈનિકો સ્તબ્ધ થઇને ક્રિયા જોતા હતા. દરેકને હવે ખ્યાલ આવ્યો. ઘૂંટણીએ પડી કુમારે નમાઝ પઢવા માંડી.

તોપોનો સામનો વધુ પ્રબળ થયો ઉઝબેગના ગોળા જોરથી છૂટતા હતા. ઔરંગઝેબ શાંતિથી નમાઝ પઢતો હતો. મરણનો એને ભય ન હતો. બીક એને હઠાવી ન શકી. તોપના અવાજો નમાઝમાં ડખલ ન કરી શકયા. વાતાવરણની એના પર કોઈ અસર ન હતી.

લડાઈ ચાલુ જ હતી. નમાઝ પણ પઢાતી જ હતી.

રાત્રીના અંધારાં જમીન પર ઊતરવા લાગ્યાં. લડાઈ અટકી. નમાઝ પઢાઇ રહી.

કાંઇ ખાસ બન્યું ન હોય એમ ઔરંગઝેબ ઊઠયો. બિછાવેલી ચાદરની ઘડી કરી લીધી. સૈનિકો આશ્ચર્યચકિત થયા હતા. શું એને મોતનો ભય ન હતો? ઔરંગઝેબના મોં પર સંતોષનો એક જ ભાવ તરતો હતો—ખુદા તરફની ફરજ ન ચૂકવાનો સંતોષ! સૈનિકોના સવાલનો જવાબ એના મોં ઉપર વંચાતો હતો: 'ખુદાના બંદાને બંદગી વખતે મોતનો ભય શો? મારૂં રક્ષણ કરવાની તો ખુદાની ફરજ હતી જ ને? માનવી જો ફરજ ન ચૂકે તો એ કેમ ચૂકે?'

—'સજ્જન'

નથુ: તારા બળદને પેટપીડ થઈ ત્યારે તેં એને શું પાએલું?

રઘો: ઘાસતેલ.

'વારૂ' કહી નથુ ગયો અને બીજે દિવસે આવી રઘાને પૂછવા લાગ્યો 'તેં કાલ નહોતું કહ્યું કે તેં તારા બળદને પેટપીડ ઉપર તેં ઘાસતેલ પાએલું?'

રઘો: હા, કહ્યું' તું.

નથુ: તો, મેં મારા બળદને કાલ ઘાસતેલ પાયું એટલે એ તો મરી ગયો!

રઘો: મારો ય મરી જ ગયો તો!

એક ગૃહસ્થ ગાંડાની ઇસ્પિતાલને ભૂલથી કૉલેજ માનીને પેઠા, પણ દરવાને તેમની ભૂલ સુધારી, એટલે ગૃહસ્થે ટકોરમાં કહ્યું 'ગાંડાની ઇસ્પિતાલ અને કૉલેજમાં બહુ ફેર ન ગણાય.'

દરવાને સામી ટકોર કરી, 'કેમ નહિ, સાહેબ? અહીંથી જે બહાર નીકળે છે તે તો કંઇક સાનવાળો થયો હોય છે.'

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

આ પત્ર મેળવનાર : જશવંત શાહ, ગોરધન નિવાસ, બીજે માળે, બીજી ખત્તર ગલી, ઠાકુરદ્વાર, મુંબાઇ

Stockton-on-Tees (England)
મંગળવાર, ૧૬ ડિસે૦ ૧૯૪૬

પ્રિય જશવંત,

ત્રણ અઠવાડિયાં પર મળેલા તમારા પત્ર માટે આભાર. પણ હું અત્યંત દિલગીર છું કે મારા જમણા હાથમાં, હવાની ફેરફારીને લીધે અવારનવાર ઉપડી આવતા માંસપેશીના દરદને કારણે તમને હું તરત જવાબ લખી ન શકી.

અમારૂં ગામ સ્ટૉકટન ઈંગ્લંડમાં સૌપહેલી દીવાસળી બનાવનારૂં ગામ; અને હજીયે એ પ્રથમ કારખાનું જૂના ગામમાં ઊભું છે.

જગતની પહેલવહેલી રેલ્વે પણ જ્યૉર્જ સ્ટીવન્સને અમારા સ્ટૉકટનથી ડાર્લિંગ્ટન વચ્ચે જ નાખેલી. હજી દુનિયાનું એ પહેલવહેલું નાનકડું એન્જિન ડાર્લિંગ્ટન સ્ટેશનમાં ઊભું છે. અને એ વખતના પાટાનો થોડો ભાગ પણ આજના પાટાઓને એક પડખે સ્મૃતિ તરીકે રહેવા દીધો છે. વળી બ્રિટિશ ટાપુઓમાંનો મોટામાં મોટો રાસાયનિક ઉદ્યોગ જે બિલિંગહામ નામના ગામમાં છે એ ગામ પણ અમારા સ્ટૉકટનથી માત્ર બે માઈલ દૂર છે, અને તેનાં ઊંચાંઊંચાં મકાનો અમારા ગામમાંથી દેખાય છે. મારા પિતા એ ફૅક્ટરીમાં સાંચા બનાવવા અવારનવાર જાય છે.

અમે ઘણી વાર હોડીમાં બેસીને ટીઝ નદીના મુખ આગળથી મચ્છીઓ પકડવા જઈએ ત્યારે નદીના કિનારા પર વહાણો બાંધવાની અતિ વિશાળ સંખ્યાબંધ ગોદીઓ દેખાયા જ કરે છે, (ટીઝ નદીના વહાણો બાંધવાના વાડાની ગણત્રી દુનિયાભરના અગ્રણી વાડાઓમાં થાય છે.-તં૦) ત્યાં વિધવિધ દેશોના વાવટા લહેરાવતાં બેશુમાર વ્યાપારી જહાજો પણ નાંગરેલાં હોય છે વળી. મારાં દાદીમા રહે છે ત્યાંથી થોડે જ દૂર એક નવી ફ્રેન્ચ ફૅક્ટરી હમણાં ઊભી થઈ છે. પણ ત્યાં શું બને છે તે હું હજી જાણી શકી નથી

મને એન્જીનીઅરિંગ બહુ ગમે છે, અને મારા પિતાએ અમારા ઘરને પડખે જ એકઢાળિયામાં કોઢ ઊભી કરી છે, જેમાં એક લેથ અને બીજું ઓજારો છે. એ કોઢમાં મેં હમણાં શીટ આયર્નમાંથી એક બૉઇલર બનાવ્યું છે, જેમાં નીચેના ભાગમાં કોલસા વડે ચાલતું બન્સેન બર્નર મૂક્યું છે, અને એ વરાળની મદદથી મિનિટે ૩૬૦ આંટાના વેગે એ બૉઇલર તેનાં પૈડાં ચલાવે છે. તમને આવીઆવી વસ્તુઓ બનાવવાનો શૉખ ખરો?

હા, ત્યાંનાં હુલ્લડો વિષે હું રેડિયો ઉપર વારંવાર સાંભળું છું. અને એમાંનાં કેટલાંક કરતૂકો જાણીને તો ત્રાસી ઊઠું છું મેં તો મારા જીવનમાં એવું કદિ અનુભવ્યું નથી.

હવે તો અમારા સર્વશ્રેષ્ઠ ઉત્સવ દિનો—ક્રિસ્ટમસ આવી પહોંચવાના. એ અમારો મહાન રાષ્ટ્રીય તહેવાર. તમારે ત્યાં પણ એવો તહેવાર હશેજ ને?

તમે મોકલેલાં પોસ્ટકાર્ડ માટે ઘણી આભારી છું. મુંબાઇનાં તો થોડાં કાર્ડ મારા કાકાએ લાવી આપેલાં તે મારી પાસે પણ છે. તે ગયા યુદ્ધમાં વ્યાપારી નૌકાદળ ઉપર હતા. યુદ્ધ પૂરૂં થતાંથતાંમાં તે વી.ડી. બૉમ્બનો ભોગ થઇ પડ્યા,—એ આખા વહાણમાં એ એક જ.

વારુ; હું હવે બંધ કરૂં. તમારા પત્રની આશા રાખીશ

સહૃદયતાપૂર્વક Sheela Gladders. (શીલા ગ્લૅડર્સ.)

[૨]

મનુ આર. શ્રૉફ-કોટબારણા, જંબુસર (ભરૂચ) ઉપરના પત્રમાંથી તારવેલો ભાગ.

Phi Sigma Kappa
302, Waldron st.
West Lafayette (Indiana) U S.A.
જાન્યુ. ૨૫. ૧૯૪૭

પ્રિય મનુ,

તમારો બીજો પત્ર મળતાં મને સાનંદાશ્ચર્ય થયું, કેમકે ઘણી રાહ જોવા છતાં તમારો પત્ર ન મળતાં મેં તો આશા છોડી દીધેલી;—એમ ધારીને કે મારા પત્રમાં તમને કાંઈ રસ નહિ પડ્યો હોય. તમે મને લખનાર પહેલા હિંદી પત્ર-મિત્ર હતા અને તે પછી તો મારે ઘણા નવા હિંદી મિત્રો થયા. તમે માંદા હતા એ વાંચીને હું ખરેખર દિલગીર થયો આશા છે કે હવે તદ્દન કુશળ હશો. તમને ખાતરી આપું છું કે મને તમારા પર રોષ નથી.

હાલમાં હું મુંબાઇમાં વસતા એક પત્રમિત્ર માટે એક ખાનગી લશ્કરી શાળામાં પ્રવેશ મેળવવા મથી રહ્યો છું હું ધારૂં છું કે મુંબાઇમાં એમનું કુટુંબ ભારે વગદાર હશે, કેમકે એમને બે સૂતરની અને એક રેશમની મિલ છે. એના પિતાનું નામ ડૉ. ચીનાઈ. તમે કદાચ એ કુટુંબ વિષે સાંભળ્યું હશે. એમના કાકા આ માસની શરૂમાં જ અહીં યુનાઇટેડ સ્ટેટ્સમાં હમણાં આવ્યા છે અને મને મળવા અહીં અમારા સંઘમાં આવવાના છે.

તમારી યુનિવર્સિટીઓ વિષે વધારે લખશો તો મને રસ પડશે. તમે અંગ્રેજી ઉપરાંત બીજી ભાષાઓ પણ લો ખરા? હું આ વખતે જર્મન લેવાનો છું.

તમારા દેશમાં પ્રવર્તતી પરિસ્થિતિ વાંચીને મને નવાઈ લાગી નથી. મને જેમણે જેમણે લખ્યું છે તે બધા જ એ પરિસ્થિતિ ચર્ચવા આતુર લાગ્યા તમ હિંદી મિત્રોના પત્રોમાં જ્ઞાનને માટેની જે તીવ્ર જિજ્ઞાસા હોય છે તે જાણીને મને આશ્ચર્ય થયું. હવે તમારે ત્યાં વચગાળાની સરકાર થઈ એટલે હિંદુ-મુસ્લિમના ઝગડા પતી જશે એવી આશા રાખીએ. દુનિયા આવા સતત વિખવાદો અને ઉત્પાતોમાં કેટલું નભી શકે એ તો પ્રભુ જાણે

અમારાં ઘણાં છાપાંઓમાં તેમજ ન્યુસ-રીલમાં મેં શ્રીમતી (વિજયાલક્ષ્મી) પંડિતનાં ચિત્રો જોએલાં. તેમને સાંભળવા હું ઘણો આતુર છું. એ તો લાગે જ છે કે ચીનને જેવાં માદામ ચાંગ-કાઇ-શેક, અને અમ.રે ત્યાં જેવાં મિસિસ રૂઝવેલ્ટ, તેવાં તમારે એ છે.

મારા પહેલા પત્રમાંની એક બાબતમાં કાંઇક ગેરસમજુત થઈ. જે ચાઈનીઝ મિત્રને હું લખું છું તે ઑસ્ટ્રેલિયાનાં છે અને મને નથી લાગતું કે એ બહેન હવે બીજા પત્રમિત્રો ઇચ્છતાં હોય. અને મારા જર્મન મિત્રો અંગ્રેજી જાણતા ન હોવાથી તેમની જોડે જર્મન ભાષામાં જ પત્રવ્યવહાર કરવો પડતો હોઈ તેમનાં સરનામાંમાં તમને રસ નહિ રહે. રશિયામાં તો મારે કોઇ જ પત્રમિત્ર નથી. મને નથી લાગતું કે રશિયન સરકાર આવા સંબંધો ચાલવા દેતી હોય. કોઇને ય રશિયન પત્રમિત્ર હોય એવું મેં કદિ સાંભળ્યું નથી.

શુભેચ્છાઓપૂર્વક તમારો મિત્ર Ralph R. Seavers

પરદેશનાં પત્રમિત્રો

(નીચેનાં સરનામાં 'કુમાર'માં વાંચ્યાં હોવાનો ઉલ્લેખ કરવો.)

Gerard Roelofs. Oostveenweg 149, ENSCHEDE (Nederland). ૧૮-૧૯ની વયનાં કુમારકુમારીઓ સાથે પત્રવ્યવહાર ઇચ્છે છે. એમના દેશના સંખ્યાબંધ મિત્રો હિંદી પત્ર મિત્રો ઇચ્છે છે, તેમનાં સરનામાં પણ એમને લખવાથી મળશે.

(1) Carmel Aquilina, 27, Church Street, Zebbug (Europe) Malta G.C; (2) Yusufali E. M. Taibjee, Kismayn (Somalia); (3) J. G. Borremans, 14 Boulevard, Bavdovin (Belgique); (4) Umit Cakmur, Yukselcad No.43, Yenisehir, Ankara (Turkey); (5) Prof. Alfredo Corderas, Mestres, Avenida Cavdillo, 4 bis, I. O. Le'rida (Spain); (6) Felix Klebinoff A., 56, Herzal St. Haifa (Palestine); (7) Miss Renee Dundas, Derrygonelly, Country Fermanagh (Northern Ireland); (8) Miss Dawn Sylvain Barton, Derrygonelly, Erres Killen, Country FERMANAGH (N. Ireland); (9) G. G. Visvanathan, Mappnaoori, Karinagar (Ceylon); (10) International Contact, Karrestraat 24.A Breda (Netherlands); (11) Orientalni Ustav, Redekce Noveho Orienlae Praha III Lezenska-4 Csecoslovakia); (12) Wolther Osted, Balidensgade-48, COPENHAGEN (N. Denmark); (13) J. P. Adriani, Breest roat, 130 A, LEIDEN (Holland), (14) Batuk Prasad Sharma, C/o. Herambaprasad & Co., Kathmandu, Koltol (Nepal); (15) H. R. Desai, Pemba (N. Rhodesia, S. Africa); (16) M. Doshi, Box 450, Mombasa (Kenva, Africa); (17) Miss Jacqoeline Kinsely R. R. No. 2, 5 Pencerville OHIO (U. S. A.); (18) Miss Betty Hayward, 1722, Everett Street, Almeda, California (U.S.A.); (19) Mr. Sven Ekenberg, Bargslaget, Falun, (Sweden), (20) Miss Kriston Frost, Blichersvey 15, Viborg (Denmark); (21) Zeduka Kvasuna, Praha Brevnou, Hosta Ikova 92, (Czechoslovakia) (ઉલ્લેખ: નરેન્દ્ર પી. આચાર્ય તરફથી)

ॐ

(22) Miss Verde Mae Smith, R.2, Booneville, Miss. (U. S. A.); (23) Francis B. Caruana, 2 St. Gregory Street, Zejtun, (Malta); (24) Mrs. Ray Richmond, R. 1, Box 326, Spanaway Wash. (U.S.A.), (25) Sydney Hughes 33 Malta Street, Freetown (Sierra Leone, Africa); (26) Lizzie Reinert, 22 Pine St., Kutztown, Pa. (U. S. A.), (27) Werner Stern, Apartado 140, Malaga, (Spain); (28) Miss Ennice Hill, 640 No. 2 St., Memphis 7, Tenn. (U.S.A.); (29) Joseph Whitfield, P. O. Box 279, Freetown, (S. L. Africa); (30) Mrs. Carey Steiner, R. 1, Box 54, Orrville, Ohio (U. S. A.), (31) Elbso Bather, Swarnagiri, Diyalagoda, Maggona, (Ceylon); (32) Duane R. Rubin, 3639 N. Lotus Ave., Chicago 41, Ill. (U.S A.); (33) Jessie Bryson, 107 Blackburn St., Plantation, Glasgow, S. W. I. (Scotland); (34) Leon Edelstein, P. O. Box 5834, Tampa 5, Fla. (U. S. A.), (35) John S. Macauley, 124 Blackhall Rd., Kissy Vil. Freetown, (S. L. Africa); (ઉલ્લેખ: ડાહ્યાલાલ મો. શાહ તરફથી)

ॐ

(36) T.P. Ghongo, St. Anthony R.C. Mis. Syke Street, Freetown, (S. L. Africa); (37) Janet Funk, 1209 N. Harmon, Danville, Ill. (U. S. A.); (38) Joseph N. Schembri, St. Mary House, De Rohan St., Zebbug, (Malta); (39) Carl Scheloske, 3001 Pne. Ave. Erie, Penna. (U. S. A.); (40) William Davies, 33 Edward St., Freetown, (S.L. Africa); (41) D. Wickramanoyake, Mahnde College Galle, (Ceylon); (42) Anthony Zammit, 103 Atocia St. Hamrun, (Malta); (43) Mrs. Floyd Ewald, R. I. Nott Rd., Bridgeport, Mich. (U.S.A.); (44) George Luke, 18 Jones St., Freetown, (S. L. Africa); (45) Miss Donna Kline, 1815, 1 Ave. So., Mnneapolis 106, Minn. (U.S.A.); (46) John Carriana, 71 North St., Mellieha, (Malta); (47) Mrs. Ira H. Sander, 329 South Broad St., Ititz, Pa. (U.S.A.); (48) Robert Lawson, 16 Winter St., Kissy Vil Freetown, (S. L. Africa); (49) Lina Cardona, Everett House, Braret St., B'Kara, (Malta) (ઉલ્લેખ: ધીરેન્દ્રકુમાર દફતરી તરફથી)

ॐ

(50) Mr. Myron Ullman, 1731 East 29th Street, Brooklyn 29, N. Y. (U. S. A.); (51) Miss Laura Lianos, P. O. Box 434, Waialua Oohu (Hawali), (52) Miss Margaret Mary Noon, 229 Colmanhay Road, Ilkstone (Durbyshire, Eng.) (ઉલ્લેખ: ભૂપત ન. ઓઝા તરફથી).

હિંદી પત્રમિત્રોને સૂચના

અમે દિલગીરી સાથે જોયું છે કે કેટલાકો પોતાનાં નામ એક વખત આવી ગયા છતાં બીજી વાર મોકલે છે ઘણાને માત્ર પોતાનું નામ છપાયાનો જ પ્રસિદ્ધિનો તકલાદી મોહ હોય છે. આ શોચનીય છે. કાગળની આટલી અછત અને મોંઘવારી છતાં અમે આ વિભાગનું આ અંગ શરૂ કરીને ચાલુ રાખ્યું છે તે ઘણા વાચકોની પત્ર-મિત્રો શોધવાની તીવ્ર જિજ્ઞાસા તથા આવો વિભાગ શરૂ કરવાની આગ્રહભરી માગણીને લીધે જ. પરંતુ તેની પાછળ જો નામ–પ્રસિદ્ધિની લાલસા જ માત્ર કામ કરી રહેલી જણાશે તો અમારે આ વિભાગ નછૂટકે બંધ કરવો પડશે. કેટલાક તો પોતાની સાથે પોતાના થોકબંધ મિત્રોનાં, સૂઝે તેટલાં નામસરનામાં લખી મોકલે છે. એના ઉપર ધ્યાન આપવામાં આવશે નહિ વળી ઘણાખરા પોતાની વય કે શોખના વિષયો લખી જણાવતા નથી, તેથી અમારે તે અંગ વિના માત્ર નામ-સરનામાં આપીને જ અટકી રહેવું પડે છે, અને પરિણામે ઇચ્છુક પત્રમિત્રને પોતાનો સમોવડીઓ તથા સમાનશીલ પત્રમિત્ર શોધવાની તકલિફ પડે છે. એટલે હવેથી નીચેના નિયમનું પાલન જેમાં નહિ થયું હોય તેવા પત્રો પર બીલકુલ ધ્યાન આપવામાં આવશે નહિ. (૧) પત્રમિત્ર થવા ઇચ્છનારે પોતે, જાતે, સ્વહસ્તે જ નીચેની માહિતી પોસ્ટકાર્ડમાં જ લખી મોકલવી. કવરોનું પોસ્ટેજ બગાડવાની જરૂર નથી. (૨) પોસ્ટકાર્ડની પાછળ 'પત્રમિત્ર–વિભાગ' એટલું લખેલું હોવું જોઇએ, અને નીચેની વિગતો સિવાય બીજી કોઈ બાબતો તેમાં લખેલી ન હોવી જોઇએ, નહિતર તેવા પત્રો ઉપર ધ્યાન આપવામાં

આ વિભાગને લગતી કે બીજી કોઈ પૂચ્છા માટે સાથે જવાબી કાર્ડ મોકલવું જરૂરી છે. (૩) કાર્ડમાં નીચેની માહિતી હોવી જ જોઇએ: પૂરૂં નામ; ઉમર; પૂરૂં સરનામું; (સરનામું જ્યાં અંગ્રેજીમાં કરવાની જરૂર હોય ત્યાં પહેલી એ.બી.સી.ડી માં લખી જણાવવું); પત્ર-વ્યવહારની ભાષા; શોખના વિષયો. ઉપર પૈકી કોઈપણ માહિતી અધૂરી હશે અગર ઉપર જણાવેલા નિયમોનું જેમાં પાલન નહિ થયું હોય તેવા પત્રો ઉપર ધ્યાન આપવામાં નહિ આવે. અને તેને લગતી પૃચ્છાઓનો જવાબ આપવામાં નહિ આવે. સાથે જવાબી કાર્ડ નહિ બીડયું હોય તેવા પત્રોના પણ જવાબો આપવામાં નહિ આવે.

નવાં હિંદી પત્રમિત્રો

(૧૪૫) જયંતીલાલ ઝવેરી, C/o. રાજમલ સૌભાગ્યચંદ, ૭૨ મારવાડી બજાર, ત્રીજે માળે, મુંબાઈ-૨; (૧૪૬) ગોવિંદલાલ C/o. મગનલાલ માણેકલાલ મહેતા. ગ્રેઈન મર્ચેન્ટ, બજારમાં, કાલોલ-પંચમહાલ; (૧૪૭) Ram Chandra Putty, 15 Puttanna Road, Baswan Gudi, Bangalore City; પત્રવ્યવહાર અંગ્રેજીમાં જ કરી શકશે; (૧૪૮) વાડીલાલ વીરચંદ શાહ, ભંડેરીવાડા, બાલાસિનોર—વાયા આણંદ; (૧૪૯) કુ. ભાનુ ગોરડિયા, જવાહર વીલા, જુહુ રોડ, વીલે પારલે, મુંબાઇ-૨૪; (૧૫૦) નવીનકાન્ત આચ્છવલાલ દેસાઇ, ગોલ્ડન ગૅંગ કલબ, કાલોલ-પંચમહાલ; (૧૫૧) જયંત સોની, મારફત મંત્રીશ્રી સોની યુવક મંડળ, આંબા બજાર, સાંકળી શેરી, માંડવી-કચ્છ; (૧૫૨) રતિલાલ ધનજીભાઇ સોલંકી, દાદાભાઈ નવરોજી વાચનાલય પાસે, ગુતાલ-તા. નડિયાદ; (૧૫૩) ચંદુભાઇ ભટ્ટ, શારદા મંદિર, શેલ્ડન રોડ, કરાચી; (૧૫૪) લીલાધર મગનલાલ ભટ્ટ, પો.બો. ૪૯, એલ્ડોરેટ Eldoret-કેન્યા કૉલૉની; (૧૫૫) લક્ષ્મીકાન્ત ટી. રાયજાદા, પો. બૉ. ૪૯, દારેસ્સલામ Dar-es-Salam-કેન્યા કૉલૉની; (૧૫૬) વરજીવનદાસ નરોત્તમદાસ શાહ, ચીંચણી-જિ. થાણા; (૧૫૭) પી. પુરુષોત્તમ આશર, મારફત ડી. ઓ. આશર, તીરૂપુર-Tirupur-S.I.Ry.(સરનામું અંગ્રેજીમાં કરવું); (૧૫૮) અમૃતલાલ ગોરધનદાસ ત્રિવેદી, જી. સી. હાઈસ્કૂલ, પિલવાઈ-જી. બી. સ્ટેટ રેલવે; (૧૫૯) ચમનલાલ મોહનલાલ, વાઘેશ્વરી શેરી, નવાપુરા, માંડવી-કચ્છ; (૧૬૦) નવીનચંદ્ર શાહ. ધોબી શેરી, સૈયદપરા, સુરત; (૧૬૧) જમનાદાસ હકમચંદ શાહ, જૈન વિદ્યાર્થીભવન, કડી-ઉ. ગુજરાત; (૧૬૨) વિનયચંદ્ર ટી દોશી, વિદ્યાર્થી મંડળ, અમર વિલાસ, માંગરોળ; (૧૬૩) ફૈયાઝઅલી એચ. સૈયદ, સૈયદવાડા, પેટલાદ; (૧૬૪) કુ. ચન્દ્રકળા જે. શાહ, મારફત જે. પી. શાહ, મદ્રેસા રોડ, માંડવી-કચ્છ; (૧૬૫) નાનાલાલ આર. ગોહિલ, વઢવાણ કૅમ્પ; (૧૬૬) રોશન એ. પંજી, લામુ, કેન્યા, બ્રિ. ઈ આ. (સરનામું અંગ્રેજીમાં); (૧૬૭) શાંતિલાલ છોટાલાલ તુરખિયા, ૨૬ હરિભાઇ પ્રાગજી કાલાગલા બિલ્ડિંગ, વિસનદાસ રોડ, રામસ્વામી ક્વાર્ટર્સ, કરાચી; (૧૬૮) મનમોહનલાલ ચોખાવટિયા, ૮ ઝવેરી ભુવન, જૂની હનુમાનગલી કાલબાદેવી રોડ, મુંબાઈ-૨; (૧૬૯) બળવંતરાય ઉ. દીક્ષિત, ભૂત શેરી, મહીધરપુરા, સુરત; (૧૭૦) હરસુખલાલ જે. ભટ્ટ, બાળશાળા હેડમાસ્તરને ત્યાં, જૂનાગઢ; (૧૭૧) પમુ ગણાત્રા, C/o હીરાલાલ ગણાત્રા, મૅરીઅટ રોડ, કરાચી-૨; (૧૭૨) ગોવિંદલાલ દોશી, કાપડબજાર ડાકોર; (૧૭૩) શ્રીકાન્ત ચીમનલાલ નાણાવટી. ભગવાન ભુવન, ૧૬૫૮ જગાભાઈ શેઠની પોળ, અમદાવાદ; (૧૭૪) રાજાભાઇ ખેરાજભાઈ લાદીવાળા, ભોજેશ્વર પ્લૉટ. પોરબંદર; (૧૭૫) આનંદરાવ, મારફત ન. મુ અમીન, દરબાર પોળ, વસો-વાયા નડિયાદ; વઢવાણ કૅમ્પ; (૧૭૭) યુ.એ. શાહ, મારફત ચત્રભુજ માધવજી શાહ, સોની બજાર, વઢવાણ કૅમ્પ; (૧૭૮) કંચનભાઈ ચુનીભાઈ અમીન, વીરસદ આણંદ થઈને; (૧૭૯) પૉલ વી. મૅકવાન, ગાંધી પોળ, કરમસદ; (૧૮૦) મણિલાલ વેલજી, રામકૃષ્ણ મિડલ સ્કૂલ, ભીમાણી ફળિયા, માંડવી-કચ્છ; (૧૮૧) ચિનુભાઈ ડી. શાહ, પોસ્ટ પીપળજ, વાયા સાદરા (એ.પી. રેલવે); (૧૮૨) કાન્તિલાલ અમૃતલાલ શાહ, પીપળજ, વાયા સાદરા, (એ. પી. રેલવે); (૧૮૩)

'નવચેતન'નો રજતોત્સવ

ગુજરાતના પત્રકારત્વમાં એક અભિનવ અને અનન્ય પ્રકાશન તરીકે પોતાનો આંક મૂકી જનારૂં 'વીસમી સદી' માસિક ઈ. ૧૯૨૧ના જાન્યુઆરીમાં, તેના જનક સ્વ. હાજીમહમદના અવસાન સાથે બંધ પડ્યા પછી, એ ઢબ ઉપર પત્રકારત્વ ખેડવાની પ્રેરણા ઝીલેલા ઇચ્છુકો પૈકીમાં શ્રી ચાંપશીભાઇ ઉદ્દેશીએ જે પહેલ કરી એ વાતને આજે એક પચ્ચીસી થઇ ગઈ. કાઠિયાવાડનું વતન છોડીને કલકત્તા જઈ વસેલા ને તરુણ કાળથી જ વ્યાપારી દિશામાં પડેલા છતાં, સાહિત્યરસનું જે ઝરણું એમના હ્રદયમાં મૂળથી જ વહેતું હતું તેણે વેગ પકડીને, એમને સ્થિર શાંત જીવનનિર્વાહવાળા વ્યાપારી રાહેથી પત્રકારત્વના આ ધૂધવતા માર્ગ તરફ વાળ્યા. એકલે હાથે, અલ્પ સાધનો વડે અને તળભૂમિથી દૂર રહીને પત્ર ચલાવવું કેટલું દોહ્યલું છે તે જાણનારા એ 'ધૂધવતા' શબ્દનો અર્થ સમજી શકશે. માર્ગમાં આવનારી આ બધી સંકડામણો અને વિઘ્નો જાણતા છતાં શ્રી ચાંપશીભાઈ તેમાં પડ્યા એ પોતાના ધ્યેય પ્રત્યેનો તેમનો અનુરાગ કેટલો પ્રબળ હતો દર્શાવે છે.

પણ એ અનુરાગને પ્રબળ ધ્યેયનિષ્ઠામાં ફેરવી નાખીને, તે પછી વેઠવા પડેલા અત્યંત કપરા સંજોગો સોંસરો આ પચ્ચીસ વર્ષનો માર્ગ જે પ્રબળ પુરુષાર્થ અને પરિશ્રમ વડે એમણે ખેડ્યો છે તે આજની યુવાન પેઢી માટે જીવનનિષ્ઠાનું એક પ્રેરક ઉદાહરણ બની રહે છે. આ માસ (એપ્રિલ)ની છઠ્ઠી તારીખે કલકત્તાની ગુજરાતી જનતાએ તેમના માનમાં વિવિધ કાર્યક્રમો સાથેનો એક મોટો સન્માનસમારંભ શ્રી રવિશંકર રાવળના અધ્યક્ષપણા નીચે યોજીને જે કદરશનાસી દાખવી છે તે પણ ધન્યવાદપાત્ર છે. 'નવચેતન' માસિકના આ રજતોજ્જવલ પ્રસંગે અમારા એ પરમ મિત્ર અને વ્યવસાયબંધુને અંતઃકરણની સર્વ શુભેચ્છાઓ પાઠવીને તેના સુવર્ણોત્સવને પંથે સફળ સફર ઈચ્છીએ છીએ.

નંદકુમાર દાંડેકર, (૧૮૪) ચંદ્રશેખર વી. દાંડેકર; બંનેનું સરનામું, C/o. ડૉ. વી. પી. દાંડેકર, કચ્છ-માંડવી. (૧૮૫) સુમન દોશી, જૈન ગુરુકુલ, પાલીતાણા; (૧૮૬) મુરાદ ખેરાજ, જેમ કં., પો. બૉ. ૨૬૭, કાનપુર; (૧૮૭) ધીરજલાલ ત્રંબકલાલ પરીખ, શેરી નં. ૭, પ્રહલાદ પ્લૉટ, રાજકોટ સિટી; (૧૮૮) મનહરલાલ, મારફત વાલજી હેમરાજ, મીઠાધર, મંધાસ્થાન, મોટી હવેલી પાસે, કરાચી; (૧૮૯) મૂળશંકર બી ભટ્ટ. નોંધણા-તા. જંબુસર (ભરૂચ); (૧૯૦) મફતલાલ, મારફત મનસુખલાલ, પાડાપોળ, કાળુપુર, અમદાવાદ; (૧૯૧) નરેન્દ્ર વડગામા, શારદામંદિર, શેલ્ડન રોડ, કરાચી;

(અનુસંધાન પાછળના પૂઠા પરની અંદરની આર્ટપ્લેટની સામે)

રોજિંદા જીવનમાં વિજ્ઞાન આપણા રોજ-બ-રોજના જીવનમાં રહેલો વિજ્ઞાનનો ફાળો તથા તેનું મહત્ત્વ સરળ ભાષામાં સમજાવતી લેખમાળા

[૨]

નાઈટ્રિક ઍસિડ અને હાઈડ્રોક્લોરિક ઍસિડ

લેખક
ડૉ. નરસિંહ મૂ. શાહ
એમ.એસસી., પીએચ.ડી.

આપણા રોજિંદા જીવનની વપરાશની ચીજોમાંનાં લગભગ સર્વ રસાયણોમાં વ્યાપક એવા સલ્ફ્યુરિક ઍસિડ (ગંધકના તેજાબ) વિષેની માહિતી ગયા અંકમાં આવી ગઈ. તેને અનુસંધાને તેજાબનો જ આગળ વિચાર કરીએ. ગંધકનો, સુરોખારનો અને મીઠાનો, આ ત્રણ તેજાબો 'ખનીજ તેજાબો' તરીકે ઓળખાય છે. તેપૈકી હવે સુરોખારનો તેજાબ—નાઇટ્રિક ઍસિડ લઇએ.

નાઇટ્રિક ઍસિડ એ નાઇટ્રોજનનો તેજાબ છે. પણ સલ્ફ્યુરિક ઍસિડની જેમ તે નાઇટ્રોજનમાંથી સહેલાઈથી બનતો નથી. નાઈટ્રોજનને સંયોજવાની ક્રિયા ખૂબ મુશ્કેલીભરી છે.


જે નાઇટ્રોજનવાળા પદાર્થોમાંથી આ ઍસિડ બનાવાય છે તેમાં કુદરતી સુરોખાર મુખ્ય છે. તે દક્ષિણ અમેરિકાના ચીલીમાંથી ખૂબ મળે છે. ત્યાં સુરોખારવાળા ખનીજના થરોના થરો આવેલા છે. સુરોખાર સાથે તેમાં જૂજ પ્રમાણમાં બીજા ક્ષારો પણ હોય છે. તેમાંથી આયોડીન કાઢવામાં આવે છે. આ અશુદ્ધ સુરોખારને ગંધકના તેજાબ સાથે ગરમ કરીએ એટલે તેમાંથી નાઇટ્રિક ઍસિડ છૂટો પડે છે. આ ક્રિયા ૧૫૦૦થી ૫૦૦૦ રતલ સુરોખાર સમાય એવડા મોટા લોખંડના બકપાત્ર (રીટૉર્ટ)માં કરવામાં આવે છે.

ગંધકનો તેજાબ સ્થિર છે: ગરમીને લીધે તેનું સહેલાઈથી વિઘટન થતું નથી. પણ સુરોખારનો તેજાબ અસ્થિર છે. તેનું ઉત્કલનબિંદુ માત્ર ૮૬ ડિગ્રી સેન્ટીગ્રેડ છે. એટલે મિશ્રણને જરાક ગરમી આપતાં નાઇટ્રિક ઍસિડ વાયુ રૂપે બહાર નીકળે છે અને તેને ઠંડો પાડવાથી પ્રવાહી તેજાબ બને છે. આ રીતે શરૂઆતમાં લગભગ નિર્જળો તેજાબ તૈયાર થાય છે. તેમાં ૯૮–૯૯ ટકા તેજાબનું પ્રમાણ હોય છે. પછી જેમ ગરમી વધતી જાય તેમ તેનું વિઘટન થાય છે, જેથી પાણી છૂટે છે. એટલે પાછળનો ઍસિડ પાતળો આવે છે. આ ક્રિયા થઈ ગયા પછી બકપાત્રમાં રહેલો પદાર્થ 'નાઈટર કેક' કહેવાય છે. જેમાંથી બનતો સોડિયમ સલ્ફેટ પણ ઉપયોગમાં આવે છે.

નાઇટ્રિક ઍસિડ મુખ્યત્વે દારૂગોળાના—સ્ફોટક પદાર્થોના બનાવટમાં ખૂબ વપરાય છે. શાંતિના કાળના બીજા પણ અનેક ઉદ્યોગોમાં તેનો ઉપયોગ થાય છે, જે પૈકી રંગોની બનાવટમાં એ અગત્યનો ભાગ ભજવે છે. ખેતીવાડીમાં પણ આ તેજાબના ક્ષારો ખાતર તરીકે ઘણા ઉપયોગી છે વળી ત્રાંબું, જસત, રૂપું વગેરે ધાતુઓને ઓગાળી તેમાંથી ક્ષાર બનાવવા માટે તથા તેમના પર આલેખનો કોતરવા માટે પણ આ તેજાબ જ વપરાય છે. મુદ્રણકળામાં છાપવાના બ્લૉકો જસત કે ત્રાંબાને નાઈટ્રિક ઍસિડ વડે જ કોરીને બનાવામાં આવે છે. આ ઉપરાંત તેના બીજા થોડા ગૌણ ઉપયોગો છે.

નાઇટ્રિક ઍસિડનું ટીપું જો ચામડી પર પડે તો તે પીળી થઈ દાઝે છે. આ ઍસિડ લાકડાના ભૂસા પર પડે તો ભૂસું સળગી ઊઠે છે. નાઇટ્રિક ઍસિડમાંથી ઑક્સિજન નીકળે છે એટલે તે ઑક્સવતો પદાર્થ (oxidising agent) કહેવાય છે.

હવામાં તો નાઇટ્રોજનના અખૂટ ભંડાર ભર્યા છે. પણ તેમાં તે આખલા જેવો છે, એટલે તેને નાથવો મુશ્કેલ છે. હવામાંના એ નાઈટ્રોજનનું સંયોજન કરી તેમાંથી ઉપયોગી પદાર્થો બનાવવા, એ રાસાયનિકોનું લાંબા કાળનું સ્વપ્ન હતું. તે આજે સફળ થયું છે. અને નાઈટ્રોજનના પદાર્થોનો લગભગ મોટો ભાગ આજે હવાના નાઈટ્રોજનમાંથી જ બનાવાય છે. નાઈટ્રોજનને સંયોજવાની આ ક્રિયાને 'નાઈટ્રોજનનું સ્થાયીભવન' fixation of nitrogen કહેવાય છે. આ ક્રિયાની સિદ્ધિએ નાઇટ્રિક ઍસિડ અને તેના ક્ષારો બનાવવાની પ્રચલિત રીતોમાં અજબ પરિવર્તન આણ્યું છે. આજથી એક દસકા પૂર્વે સુરોખારમાંથી જ નાઇટ્રિક ઍસિડ બનાવવાની રીત પ્રચલિત હતી, પણ હવે તો હવાના નાઇટ્રોજનમાંથી જ તે બનાવાય છે.



નાઇટ્રિક ઍસિડની વપરાશ


ઇ. ૧૭૮૯માં કૅવેન્ડિશે સૌ પ્રથમ હવાના ઑક્સિજન અને નાઇટ્રોજનનું વિજળીક શક્તિની મદદ વડે સંયોજન કરેલું પરંતુ તેનો ઔદ્યોગિક વિકાસ લાંબા વખત સુધી થઈ ન શક્યો. વીસમી સદીની શરૂઆતમાં નૉર્વેમાં એ રીત સફળ થઈ. નૉર્વેમાં પાણીના ધોધ ખૂબ છે; એટલે ત્યાં વીજળી સસ્તી પેદા થતી હોવાથી વીજળીને લીધે ઉપરનું સંયોજન શક્ય બન્યું. કેમકે એ ક્રિયામાં ૩૨૦૦ ડિગ્રી સેન્ટીગ્રેડ ગરમીની જરૂર પડે છે. એથી હવાનો ઑક્સિજન અને નાઈટ્રોજન સંયોજાઇને તેમાંથી નાઈટ્રોજન ઑક્સાઈડ બને છે અને આ ઑક્સાઈડ વિશેષ ઑક્સિજન સાથે સંયોજાય એટલે તેને પાણી કે ચૂનાના પાણીમાં મેળવવાથી પાતળો નાઇટ્રિક ઍસિડ યા કૅલ્શ્યમ નાઇટ્રેટ બને છે. એ કૅલ્શ્યમ નાઇટ્રેટ નૉર્વેજીયન સુરોખાર તરીકે ઓળખાય છે અને તે ખાતર તરીકે વપરાય છે. પણ આ ક્રિયામાં ખૂબ વીજળિક શક્તિની જરૂર પડે છે, એટલે બીજી સહેલી રીતો અસ્તિત્વમાં આવતાં આ ક્રિયાની રીત હવે બંધ પડતી જાય છે.

૧૯૧૪-૧૮માં પહેલા યુરોપીય યુદ્ધ દરમિયાન જર્મનોને મળતો સુરોખાર બંધ થયો. તેની યુદ્ધ-જરૂરિયાતોને આમ ફટકો પડ્યો, એટલે જર્મનોએ હવામાંથી નાઇટ્રોજન કાઢી નાઇટ્રિક ઍસિડ બનાવવાના ભગીરથ પ્રયત્નો શરૂ કર્યા. ઍમોનિયાને હવાના ઑક્સિજન સાથે કોઈ સંસર્ગ પદાર્થની હાજરીમાં ઑક્સાવવામાં આવે તો નાઇટ્રિક ઍસિડ પેદા થાય છે. એ સંસર્ગ પદાર્થ તરીકે તો પ્લૅટીનમ ધાતુ વપરાય છે; પણ મુખ્ય વસ્તુ ઍમોનિયાનું શું? અનેક મથામણો પછી જર્મન વૈજ્ઞાનિક હાબરે હવામાંના નાઇટ્રોજનને હાઇડ્રોજનની સાથે સંયોજીને ઍમોનિયા બનાવવાની રીત સિદ્ધ કરી. ૧ ભાગ નાઇટ્રોજન અને ૩ ભાગ હાઇડ્રોજનને ખૂબ દબાણમાં અને વિશેષ ઉષ્ણતાએ, લોઢામાંથી બનાવેલા સંસર્ગ પદાર્થ પર પસાર કરવામાં

આવે તો ઍમોનિયા બને છે. અને પછી આ ઍમોનિયાનો ઉપયોગ નાઇટ્રિક ઍસિડ બનાવવામાં થાય છે. વળી એ ઍમોનિયાના ક્ષારો ઉપયોગી ખાતર પણ છે. એટલે હાબરની એ રીતે યુદ્ધકાળ અને શાંતિકાળ બને સમયમાં ઉપયોગી સામગ્રી પૂરી પાડી છે.

પરંતુ આ રીતે બનાવેલો નાઇટ્રિક ઍસિડ પાતળો (૫૦-૬૦ ટકા) હોય છે. એટલે સામાન્ય કામમાં તો તે ચાલી શકે, પણ ખાસ પ્રક્રિયાઓ માટે તેને ઘટ્ટ બનાવવો પડે છે, અને એ તેની ખામી છે. ઉપરાંત ઍમોનિયાની બનાવટમાં ખૂબ દબાણની જરૂર પડે છે, એટલે એમાં ખર્ચ પણ વધે છે. આ ખામીઓ સાયેનામાઇડ નામની રીત ટાળે છે. એ રીતમાં કૅલ્શ્યમ કારબાઇડને નાઇટ્રોજન સાથે સંયોજવામાં આવે છે. તેમાં શરૂઆતમાં વીજળિક ગરમીની જરૂર પડે છે, પણ પછી એટલી બધી ગરમી પેદા થાય છે કે વીજળી બંધ કરી દેવી પડે છે. પરિણામે કૅલ્શ્યમ સાયેનામાઇડ પેદા થાય છે. આ પદાર્થની વરાળ સાથે પ્રક્રિયા કરવાથી ઍમોનિયા બને છે, જેનો ઉપયોગ જુદાંજુદાં રસાયનોની બનાવટમાં કરી શકાય. આ રીતે એકલા અમેરિકામાં જ લગભગ બે લાખ ટન નાઇટ્રિક ઍસિડ બનાવાય છે.

મીઠાનો તેજાબ (હાઇડ્રોક્લોરિક ઍસિડ) તો આપણા સામાન્ય મીઠામાંથી બનાવાય છે. મીઠાને ગંધકના તેજાબ સાથે મેળવવાથી આ ઍસિડ પેદા થાય છે. આ ઍસિડ વાયુરૂપ છે. તેને નાઇટ્રિક ઍસિડની માફક માત્ર ઠંડો કરવાથી તે પ્રવાહી થતો નથી; પણ તેને પાણીમાં પસાર કરવાથી હાઇડ્રોક્લોરિક ઍસિડનું દ્રાવણ તૈયાર થાય છે. બજારમાં મળતા એવા ઍસિડમાં માત્ર ૩૨.૪૬ ટકા આ ઍસિડ હોય છે. મોટા ભાગનો ઍસિડ આ રીતે જ બને છે. પણ હવે નવી રીતો અસ્તિત્વમાં આવતી જાય છે: (૧) હાઇડ્રોજન વાયુ સાથે ક્લોરિનને વીજળિક રીતે બાળવાથી આ ઍસિડ પેદા થાય છે; (૨) ગરમ કોલસા પર ક્લોરિન અને વરાળ પસાર કરવાથી પણ આ ઍસિડ થાય છે. આ ક્રિયામાં સંસર્ગપદાર્થ તરીકે લોઢાના ક્ષારો વપરાય છે; (૩) વળી મીઠામાંથી સોડા બનાવવાના ઉદ્યોગમાં પણ આ ઍસિડ પેદા થાય છે. આજ સુધી એ ઉદ્યોગનાં કારખાનાંવાળાઓ તેનો ઉપયોગ કરી શકતા નહિ એટલે તેને હવામાં જવા દેતા. અને આવાં કારખાનાંઓની આસપાસ વાતાવરણ અસહ્ય થઈ પડતું. એટલે કારખાનાંવાળાઓને કાયદા કરીને ફરજ પાડવામાં આવી કે આ ઍસિડનો વાયુ વાતાવરણમાં જવા ન દેવો. પરિણામે આ વાયુને પાણીમાં ચૂસી લેવાની યોજના કરવામાં આવી અને સૌપ્રથમ મીઠાનો તેજાબ બજારમાં આવવા લાગ્યો. આજે આ રીતે છત્રીસ હજાર ટન તેજાબ બચાવી લેવાય છે. જોકે તેનું કુલ ઉત્પન્ન તો લગભગ એક લાખ ટન ઉપર છે, એવી આ તેજાબની ઉદ્યોગમાં અગત્ય છે.



લોખંડ પર જસત ચઢાવવાના ઉદ્યોગમાં આ તેજાબમાં લોખંડના પતરાં બોળીને સાફ કરવામાં આવે છે. વોરાઓ કલાઈનું રેણ કરવા માટે જે તેજાબ વાપરે છે તે પણ આજ. લોખંડના તાર, રંગો અને બીજા નાનામોટા અનેક ઉપયોગમાં આ ઍસિડ આવે છે. આ ઍસિડ આપણી હોજરીના પાચકરસમાં પણ થોડા પ્રમાણમાં હોય છે. ભેજવાળી હવામાં આ ઍસિડના ધુમાડા નીકળે છે. ચામડીને આ તેજાબ સ્પર્શે યા તેના ધુમાડા ચામડીને અડે તો ચામડી માત્ર તતડે છે, અને સારી રીતે પાણીથી ધોવાથી એ અસર ચાલી જાયછે.


મીઠામાંથી હાઇડ્રોક્લોરિક ઍસિડ બનાવ્યા પછી પાછળ જે પદાર્થ રહે છે તેને સૉલ્ટ કેઈક કહે છે. તેમાંથી પણ (નાઈટર કેઈકમાંથી બને છે તેમ) સોડિયમ સલ્ફેટ (અથવા ગ્લોબર સૉલ્ટ) બનાવાય છે. આ સલ્ફેટ મીલ ઉદ્યોગમાં ખૂબ વપરાય છે અને દર વર્ષે આશરે પાંત્રીસ હજાર ટન એવો સોડિયમ સલ્ફેટ પેદા થાય છે.

આ ત્રણે તેજાબો (સલ્ફ્યુરિક, નાઇટ્રિક અને હાઇડ્રોક્લોરિક) તેમના જલદ સ્વરૂપમાં ખૂબ નુકસાનકારક છે. એટલે આ તેજાબોની સાથે કામ લેતાં ખૂબ સાવચેતી રાખવી. તેમાં યે ખાસ કરીને સલ્ફ્યુરિક ઍસિડથી તો બહુ ચેતતા રહેવું. તેનું એક ઝીણું ટીપું કપડાં પર પડે તો ત્યાં કપડું બળી જાય છે. અને ચામડી પર પડે તો દાઝી જવાય છે એટલો બધો એ દાહક છે. વળી સલ્ફ્યુરિક ઍસિડને પાતળો કરતી વખતે પણ ખાસ ધ્યાન રાખવું : પાણીમાં ધીમે ધીમે તેજાબ નાખવો પણ **તેજાબમાં કદી પાણી નાખવું નહિ.** એ ક્રિયાથી તો ઊલટી અત્યંત ગરમી ઉત્પન્ન થાય છે!

અકસ્માતે કદાચ આ તેજાબથી દાઝી જવાય તો તાત્કાલિક મદદ નીચે પ્રમાણે કરવી : (૧) પ્રથમ પુષ્કળ બહોળા પાણીથી તે ભાગ ધોઈ નાખવો; થોડું પાણી વાપરવાથી તો ઊલટી પીડા વધશે. (૨) પછી ૮-ટકા સોડા બાઇ કાર્બનું દ્રાવણ લઈ તેનાથી તે ભાગ ધોઈ નાખવો. જો દાઝ ઊંડી ગઇ હોય તો ઉપરની ક્રિયાઓ કરીને કરવી. એકરી ફ્લેવીન યા પિકરિક ઍસિડનું દ્રાવણ ચોપડવું.

એક ખાસ નોંધવા જેવી નવાઈની વાત એ છે કે સલ્ફ્યુરિક ઍસિડ ઊનના કપડાને બાળી શકતો નથી! (ચાલુ)

ડાબી બાજુ: હાઇડ્રોક્લોરિક ઍસિડની વપરાશનો આલેખ
નીચે : નાઈટર કેકની વપરાશ દર્શાવતો આલેખ



સાગવાનનું હૈયું

(અનુસંધાન પાછળ પાન ૭૯ થી)

'ગૌરી પસા' એનું નામ. એના બંધાવનાર ગોધુશેઠ. એની બંધામણીમાં ગોધુશેઠે પોતાની ઘણીખરી મૂડી ખરચી નાખી. ઊંચામાં ઊંચું સાગ, સારામાં સારા ગજધર, મોંમાગ્યા દામે મૂલવેલા વાડિયા ને શતદિવસની પંડની મહેનત. વહાણ ઉપર કઠેડા ચડી રહ્યા ત્યારે ઘડીભર જોનારની નજર થંભી જાય એવું વહાણ ખડું થયું.

ધોળે દિવસે તણખા ઉડાડતી લોખંડી નાળ નીચે ભારવટિયા વિખેરતું 'ગૌરી પસા' જ્યારે નવી નાળની પાનેલી છાતી ઉપર ઝોક લઈ ડોલવા લાગ્યું ત્યારે ગોધુશેઠે કોઈ ન જુએ તેમ ખેસથી આંખો લોઈ લીધી. ગજા ઉપરાંતની મૂડી વટાવીને બંધાવેલા એ વહાણ ભેગું એનું જ નહિ, પણ એના મા વિહોણા એકના એક સંતાન ગૌરીનું પણ કિસ્મત તરતું મુકાયું હતું. આમ તો ચાર પેઢીનો વેપાર હતો, પણ સગાને બળે મેડી ઘસાઈ ગઈ હતી. લડાઈના સંજોગોનો ફાયદો હાસલ કરવા વહાણવટું અજમાવવા હિમત કરી. ઠેવ્યા કરતાં બહુ વધારે મૂડી સલવાઇ ગઈ. હવે તો 'ગૌરી પસા' તારે કે 'ગૌરી પસા' ડુબાડે એવું થઈ રહ્યું

અષાડી ચન્દરે નવા વર્ષનાં ચોઘડિયાં વાગ્યાં ત્યારે અરજણ નાખવો શીખ લેવા પેઢીએ આવ્યો. ગોધુશેઠે પોતાને હાથે એને ગરભસૂતરની પાઘ બાંધી. ગૌરીએ એને કપાળે કંકુનો ચાંદલો કર્યો. મુનિમે નવા નકોર પાંચ પાંચિયા અને સાકરનો પડો તથા શ્રીફળ નાખવાના હાથમાં મૂકયાં. અરજણ જવા ઊભો થયો એટલે ગોધુશેઠે હળવેથી કહ્યું: 'અરજણ નાખવા, ફતેહ કરી ઝટઝટ પાછા આવજો. તમને ફક્ત વહાણ જ નથી સોંપ્યું, આ મારી સાત પેઢીની શાખ અને આ ગૌરીનું ભાવિ .....' ગોધુશેઠનો અવાજ ભારે થઇ ગયો. વધુ બોલવાની જરૂર પણ ન હતી. ચતુર નાખવો સમજી ગયો.

'ગોધુશેઠ, તું જુકાં જરાય મુંઝાસ માં. તારો આ પેલપેલો વા'ણ છે, પણ અમે તો ઇકોતેર પેઢીના નાખવા છિયે, શેઠિયા! અમે ઈમાન ચૂકિયે તો અમને ધરિયાલાલ પૂછે. તારો ત્રાભિયો ખોટો નઇ કરિયે. આ નાંઢી અમારે પણ નિયાણી છે. એનાં કિસમતે ભરકત કરી આવસું, ને ચૈતર ઊતરે પાછા નારમાં ભૂટકી રે'સું.' આટલું કહી અરજણે નાળિયેર ને પડો ભેઠમાં ખોસ્યાં અને ગૌરીના હાથમાં એક પાંચિયું મુકતોક ને બહાર પડચો.

તે દહાડે મોડી રાત સુધી ખારવા પરજમાં રાસરંગ જામ્યાં. સાંજે ગોળભાતની દેગ ચડી હતી.-પછી તો દારૂનાં ઘડિયાંઆ ઉથલ્યાં. નશામાં ભાન ભૂલેલી ખારવણોને એકાગ સૂતી મૂકી અરજણ અને એના સાથીદાર જવાનો સરી ગયા. ગોજારાં સપનાંએ ઝબકી ઊઠેલી ખારવણો હાંફળીફાંફળી કાંઠે દોડી પહોંચી ત્યારે તો 'ગૌરી પસા'ના શિરોટા પણ વિસાઇ ગયા હતા.

કરાચીના ધાસ બંદરે નંગર નાખી અરજણે વહાણ-દલાલને ખબર કર્યા. સાંજ પહેલાં તો પાંચસાત દલાલો અરજણની પૂછા કરતા આવ્યા. એ પણ વખત હતો, જ્યારે ખરાધર ને ખોરી બગીચા કરતાં નાખવાનાં પગરખાં ફાટતાં તો ય કોઇ ઊભું ન રાખતું. આખરે નૂર બંધાય તે પણ એવું કે દલાલી, સુખડી, ધરમાદા, પાઘડી, છેડો ઝલાગણી, ધરણી, ખલાસ અને પેટિયું.—બધી એપસામટી બાદબાકી કરતાં વહાણધણીને ભાગે વિમાસણ જ રહેતી ઇમાનદારી રાખે તો નાખવો ભીખ માગે. જે નૂરમાં ખૂએ ઈ વામણીમાં કમાઇ લે તો વળી આખરના ચાર મહિના રોટલો પામે. પણ લડાઈએ સમો ઉલટાવી દીધો હતો. 'ગૌરીપસા'નો પહેલો જ ગોસ બસરાનો બંધાણો. પાંચસો ખાંડીની ભરતી અને બાવીસ રુપિયે ખાંડી! ઉપરાંત દલાલે ખાનગીમાં પોણાસો ચા ની પેટી ચડાવી જેનાં બમણાં નૂર ઉપરાંત નાખવાને મિઠાઇના પાંચસો રોકડા આપ્યા! અરજણ તો રાજીરાજી થઈ ગયો. ભાંગીતૂટી બોલીમાં ગોધુશેઠને બધા ખબર કર્યા. મિઠાઇના પાંચસો પણ શેઠને નામે જમા કરાવ્યા અને બસરાને રસ્તે પડચાં.

બસરાથી વળતાં ખરાજાત, ખજૂર ને માછલાં ઉપાડચાં. ઉપરાંત પચ્ચાસ છડિયાં લીધાં. આસુ મહિને ફરી કરાચીમાં લંગર નાખ્યું. થોડા દહાડા પછી બલુચિસ્તાનનો બાજરો ભરી મારમગોવા ઉપડ્યા. કારવારથી સાગવાન લઈ મુંબઈ પહોંચાડયાં. ત્યાંથી 'ઝારિયાં' ભરી ભાવનગર ઉતાર્યાં. ત્યાંથી રૂ લઈ મુંબઈ આવ્યા ને ફરી મુંબઇથી મીઠું લઈ મારમગોવા પહોંચ્યા. ખરચ, દલાલી, બધું બાદ કરતાં વહાણની ત્રીસાવસા કિંમત એકજ મોસમમાં જમા કરાવીદીધી.

પણ હવે મોસમ બહુ થોડી બાકી રહી હતી; છતાં જ્યારે મારમગોવાથી કોલ્હાપુરી ગોળના આઠ હજાર રવા કોલંબો પહોંચાડવાના છે એ ખબર સાંભળ્યા ત્યારે અરજણ લોભાઈ ગયો સગે વાવડે કોલંબો પહોંચી જવાની એની હિંમત હતી. પછી કદાચ કોલંબોમાં જ આખી આખર તવાઈ જવું પડે તો વાંધો નહિ. અરજણે સાથીઓ પાસે વાત કરી. ગોધુશેઠે શીખ દેતી વખતે કહ્યું હતું તે બધું માંડીને કહી સંભળાવ્યું. જો કોલંબોમાં તવાઈ રહેવું પડે તો બીજા બાર મહીના ઘર ભેગા ન થવાય. પણ દરિયાનું ઇમાન જ્યાં ચેતે છે ત્યાં ખારવણોનાં આંસુ એની આંચથી બળી જાય છે. સાગરની જવાંમર્દીની ગાથા—એ તો ખારવણોના મૂગા વલોપાતમાં શમી જાય છે

સદાશિવગઢને વાંઢાર રાખી 'ગૌરીપસા'એ મોરો આથમણો ફેરવ્યો. મોડેરા ગાભિસ્તાનીનું પડખાતું તાણ ખોળવા અરજણે વહાણને દરજ્જે ચડાવ્યું. સુકાન ફરતાં કલમી, ગૂસી અને વડા શઢ કમાન વાળી ગયા. ધોરિયા ઉપર ત્રણ ત્રણ કાતરા અધ્ધર થઈ ગયા. ટોંક ઉપરના ચોરસા ત્રાંસા તંગ થઈ ગયા. નાખવાનો મનસૂબો જાણે સમજી ગયું હોય તેમ 'ગૌરીપસા' કારદીવની દખણાદી નાળ નોંધતું સડસડાટ વહેવા લાગ્યું. દિવસ આખો વાવડો નરમ ન પડચો. ભાણ બૂડે નાખવાએ એક જવાનને પીંજરે ચડાવ્યો અને આથમતા સૂરજની જમણી કોરે મોરો થોડોક દબાવ્યો.

વહાણને દિશ ઝલાવી વેરસી ભાભાને વીણો સોંપતાં નાખવાએ કહ્યું : 'વેરસી, એક વાર સબાસતરિયો વાંચાં ફોરો કે ઠેઠ કમરની સુધી ધામણગોસ ન્યારી લેજે. મા આશાપરા જુકાં આવી સખણી તાણ દીધે રાખસે તો છ ડીમાં કોલમ્બો ને પછી ઝટ ઝટ માલ ફગાવીને વેલી આવે નવી નાર!'

'રંગ તો કે આ વા'ણને, નાખવા.' કરસન માલમે કહ્યું, 'આઠઆઠ મહિના વીતી ગ્યા, પણ તેલનો ટીપો તો માગે? જમાર નીચે કડાનું તો નામ નથી. એનું નામ સાગવાન, નાખવા! અન્ધરથી જાણે નચું રૂગાન નીતરે છે'

'ઈ તો ભધનમાં તાકાદ ખપે માલમ. બાકી કલફાતે હાલે ઈ વા'ણ ન ચોવાય.' સુકાન પરથી વેરસી ડોસાએ મત આપ્યો અને નાખવો કે માલમ કંઇ બોલે તે પહેલાં આગળ ચલાવ્યું: 'ગીયે વરસે નો'તો હું એ પૂરમાં લફી પડચો? તીંયે દીઠું સું તો વા'ણ જ વા'ણ પ્યાં ભંધાતાં જાય માપલા ને નવાત ને લવાણા ને ભાટીયા ને ખોજા—જુકો ઊઠે ઈ ભાંધે બસ વા'ણ!' ને સાગ કે મુડધ કોઇ ન જોય. આંભો, ગૂંધી, જાંબુ, બધાં પાટિયાં-ખપાટિયાંમાં ખીલા ઠોકતા જાય ને ખોખાં ભનાવતા જાય. પછી વરી એકડી મોટા ટોપલા ને બાંડાં સૂંથણાં ચડાવીને વડાવડા સાભ લોક જોવા આવે.

રંગરૂઆન તો હેડો કે અંગરેજી ન્યારી હશે, બસ! સાભ લોક તો ન જોય પઠાણ કે ન જોય ખુત્તો. ઘલાલું કે' 'ઓરરાઈટ'? તો સાભ કે' કે 'ઓર રાઈટ'! ને વા'ણું વેચાતાં લઈ જાય. આંઉ તો ઘંગ થઈ ગ્યો.'

'ઈ તો એમ જ હાલે, ભાભા,' માલમે કહ્યું, 'સાભ લોક વાણમાં સું સમજે? ટોપલા ને સૂંણા પેરે કાંઈ વાણ થોડાં જ પરખાય? ઘલાલ હરામી હોય તો ભલભલા ઠગાઈ જાય, વેરસી. ઈ તો ભરામણુ ખુટલ હોય તો જ ડાસી ધરવે ને?'

વેરસીએ ઝીણી આંખ કરસન સામે જોયું. માલમની વાતમાં એને વ્યંગ લાગ્યો. વેરસી ભાભા તાજેતરમાં જ એક આવેડ ખારવાણ સાથે પરણ્યા હતા. ઊંચા ટોંક ઉપર નજર તાકી રહેલા કરસન માલમના ચહેરા પર એટલી બધી ઠાવકાઈ દેખાતી હતી કે ડોસાએ ઝગડો કરવાનો વિચાર માંડી વાળ્યો.

'એડાં ઠીઠાંમાં ચડે ઈ નાખવાઉનો ભોગ લાગે ને? વા'ણ બંધાવનાર ને બાંધનાર બેઈમાની કરે તો બચાડા નાખવાઉ જાય વાગણી ખાતે ને ધીરે ખરવાણું રે વલવલતી.'

'ઈ તો જેવાં આપણાં કિસમત, ચાચા! વા'ણ ગમે તેવો ઠીઠો હોય, જુકાં ખારવો પોતાનો ઈમાન સંભારે તો કંઈયે ય કજા ન પૂગે.'

'લે વરી, માલમ તો વડો પીરનો પુતર નીકર્યો. ઈમાન તો બધે સરખો. દરિયા ઉપર ખારવા ઈમાન રાખે ને ધરતી ઉપર વાણિયો ઈમાન રાખે તંઈયે વા'ણ હાલે, માલમ.'

'આપણે લાંબી વાત ન જાણિયેં; આપણે તો આપણી વાત જાણીયેં. આપણે ઈમાન છોડિયેં તો પૂછવાવાળો જો આ દરિયાલાલ બેઠો!'

'હા, ભા; ઈ તો બેઠો છે તંઈયે તો જુસાં બીખભેરા થ્યા છિયેં ને? નાખવો બદમાસી કરે તો ભીખ માંગે ને વાણિયો બદમાસ થાય તો મેડિયું બાંધે. તેં હજી દુનિયાં નથી દીઠી, માલમ.'

'તો જનમવો'તો વાણિયાને પેટે, ભાભા!' જવાબ ન મળતાં માલમ આડો ઊતરો પડ્યો. હવે નાખવાએ વાત પતાવવા કહ્યું. 'વેરસી ભા! સાચ્ચાં ઈમાન બે. એક ઈમાન આપણો ને બીજો ઈમાન વા'ણનો. આપણે બીજો ન સમજિયેં ઈ તો રાખે એનો ઈમાન ને પાળે એનો ધરમ.'

'ઈ તો બરાબર,' વેરસીએ કહ્યું. 'જુસાં, હી ગૌરીપસા જેડો ઈમાનદાર વા'ણ મું હજી જમારમાં નથી દીઠો. વા'ણ તો બિસિયાર દીઠાં, નાખવા! તડા જુરીને મરી જઈયેં તોય જસ ન ડે ને આગલે વાવડે પછર હાલે એવાં સલેમાની ખચ્ચર જ જમાર સાજી દીઠાં છે સુખાણ જાલે તો સઢ લફે, ને સઢ વધે તો પઠાણ પેટ મૂકી દે! જરા આંખ મીચી તો તો સીધો કડે જઈને જ ભખડાય. પણ હી વા'ણની વાત જ જુદી છે હું ને તું ખુટલ બનિયે નાં, માલમ, તોય આ 'ગૌરીપસા' પીંઢોપીંઢ બંદર કરે એવો છે એને સુખાણે તો નિયાણીનો હાથ છે, નાખવા.'

સીસમના વીણા ઉપર પણ કાળા લાગતા ભાભાના હાથને 'નિયાણીનો હાથ' સાંભળી માલમ ખડખડાટ હસી પડ્યો. ભાભો એને કંઈ ટોકવા જાય ત્યાં તો ઉપરથી પીંજરિયાનો સાદ આવ્યો:

'સુકા ... આ ... ન હો ... આ ... શિયા .. આ ... ર' વા ... આયાં ખબરદા ... આ .. આ ... ર!

નાખવાએ દૂરબીન ઊંચી કરી અને પીંજરિયાના લંબ વેલા હાથની ચીંધણી ઉપર નજર ઠેરવી. અંધારતી સાંજે પણ સાફ દેખાતી ભેખડિયા મોજાની ધાર દૂર ટાપે પડખે લબાઈ રહી હતી. કરપોટ અને સેબેઃશ્વાસની નાળ ઢુકડાઈ રહી હતી.

'તારા મોઢામાં ગોળ, ભાભા' નાખવાએ દૂરબીન નીચી કરતાં કહ્યું 'સુખાણે તો ખરેખર નીયાણીનો હાથ છે. આજે તો બરાબર ચૌદકોસી કરી. હુકમ આશાપરાનો, તો કડીએ લંકા ભેગી જાસું.'

આહીંથી કબરૂતીના બેટ સુધી ઊંડાં પાણીની આડોઆડ સેંકડો નાનામોટા બેટબેટડાની જાળ પાથરી પડી છે જ્યાંત્યાં ખડા, ચર, ડાંડા. અને ખડકો વેરવિખેર પડ્યા છે. ભેખડિયાળી ચારોના તો હારડા જ લાગી જાય છે. છતાં જમીનની લાગોલાગ અતાગ ઊંડાણ મળી રહે છે. આ તે લક્ષદ્વીપની બેટપરંપરા. ત્યાંના રહેવાસી માછીમાર અને ખારવાઓ સિવાય એ પાણીમાં કોઈ વહાણ નથી નાખતું બારાતુ વહાણબેડૂઓ તો ત્યાં જવલ્લે જ ફરકે છે. લારના પટ ઉપર ઘમસાણ મચાવનાર તુફાનોનાં અહીં કોતર છે. એ તુફાનોમાંનાં ઘણાંખરાં લક્ષદ્વીપના વિસ્તારમાંથી બહાર પડે છે અને પાછાં એ વિસ્તારમાં શમી જાય છે. દરિયાઈ ખમીર ઉપર મુસ્તાક એવા પશ્ચિમ ધરાના નાખવાઓ અહીંની જળવાટના શિશકીન છે. અહીં વાવંડો હંમેશાં એકધારો ફૂંકાય છે. માટે જ એ નાખવાઓ આ વાટ વાપરે છે.

અરજણે થોડી વારે વહાણ દખણાદું કર્યું. બબ્બે પીંજરિયાની રાતભરની ચોકી બેસાડી. સુકાન ઉપર માલમ અને વેરસી ભેળો પોતે પાળીએ ચડ્યો. પહેલો પહોર બદલાતાં વાવડો જોરથી ઊપડ્યો. માલમને સુકાન સોંપી નાખવાએ ચોપાસ નજર કરી તમતસતા કલ જોયા. તંબૂરાના તાર જેવા ખેંચાએલા ધામણ-રસ્સા જોયા. ફીણ ફીણ થતો શિરોટો જોયો. અને વહાણને ઉદ્દેશીને બોલ્યો, 'શાબાસ, મારા પે! હવે વીસકોસી ન કર તો મારા બાપના સમ છે તુંને.'

એક પછી એક છીછરી ધાર ઢૂકડાતાં 'ગૌરીપસા' બિરદાયેલા માતંગ પેઠે ડોલતું, આડિયા લોઢ ઉપર ભેરવઝોક ખાતું, પવનની છક્કી સામે થનગનતું ઝડપથી આગળ વધવા માંડ્યું. કાબેલ હાથે વીંઝેલા રમવા લાગ્યા. ગજથી દોર્યાં હોય એવા સીધા શિરોટામાં તારાઓ ઝગઝગતા હતા.

સવાર ઊગ્યે નીલી જાજમ ઉપર રૂપેરી ચાદર બિછાવી હોય એવો પરવાળિયો ચર નજરે પડ્યો. 'ગૌરીપસા'એ ખરેખર વીસકોસી કરી દેખાડી. સાંજે કબરૂતીના બારામાં લંગર નાખ્યું ત્યારે વાવડો પડી ગયો હતો. આકાશમાં પીળી ઝાંય દેખાઈ રહી હતી. બધા નાખવાઓ વારંવાર આથમતા સૂરજ આડે ગડેલા વાદળિયો પડદા સામે જોવા લાગ્યા, પરંતુ એ કશાની એમને બીક ન હતી. અરજણ નાખવાની કાબેલિયતમાં બધાંને નિરસીમ શ્રદ્ધા હતી. વહાણ ઉપર બબ્બે જણા જાગતા રહે એવો બંદોબસ્ત કરી બધા કિનારે ઊતર્યાં. કબરૂતીનો શાહબન્દર મામદ્ર મરક્કાર અરજણનો પુરાણો દોસ્ત હતો. નાખવાએ એને ઘેર રાતવાસો કર્યો મરક્કારે ચાર દિવસ રોકાઈ જવાનો આગ્રહ કર્યો, પણ એ મંજૂર ન રાખ્યો. માલદીવ પાસે તુફાનના વાવડ હતા.

બીજે દહાડે 'ગૌરીપસા'એ કોલંબોની સોંત પકડી. સાંજ સુધી કશો ભો ન દેખાણો. પણ રાતના ઉકળાટ ઊપડ્યો. વાવડો પડી ગયો. બીજી સવારે ગંભીર આલાત. વળગણીએ લટકાવેલાં લૂગડાં પેઠે લટકી રહી. દરિયા ઉપર તેલ ઢાળ્યું હોય એવી નિશ્ચલતા વ્યાપી ગઈ. આકાશ ભૂખરૂં બની ગયું. સાંજ પડતાં તો આભ જેવડી ફાડી છત છતાં છાતીપૂર હવા પણ ન રહી ચોપાસથી ભયંકર મુંઝારો વધવા માંડ્યો. સૂરજ આથમતાં ગરમી ઘટવાને બદલે વધવા માંડી. આમ ફરી એક રાત અને એક દિવસ વીતી ગયાં. કબરૂતી મૂક્યે ત્રણ દિવસ વહી ગયા હતા, પણ 'ગૌરીપસા' હજુ મારગે નો'તું પડ્યું. ચોથા દિવસના સવાર 'રાત જેવી જ ઊગી.' આકાશમાં જાણે સીસું પથરાઈ ગયું

પાણીમાં જાણે-ગાળેલાં પણ થંભી ગયાં. શઢ ગાભાના તો ક્યારે ય કારસા કરી લીધા હતા.

નાખવાએ પરબાણ આરિયા કરાવ્યાં. બબ્બે પાવડા ફગાવ્યા અને દરેકને ત્રીસત્રીસ વામ સંગર આપી. દરેકે દરેક છૂટી ચીજને ઠીકઠાક સંકેટી રાખી અને દખાણાદિ કોરે નજર રાખતા સહુ સીવણ-સાંગણમાં લાગી ગયા.

ને દહાડે સાંજ પડી ત્યારે સૂરજ દેખાણો ન દેખાણો અને કાળો ખાં ઊગટી પડયાં. એકે ય તારો ન ઊગ્યો. નાખવાએ તરિયા લોલી ફગાવવાનો હુકમ કર્યો. વાણો બેય પાસાંથી સતાણ બાંધી મૂકયો. પછી બધાંને ભેળા કરી કહ્યું, 'અંતે ડી દરિયાએ ઊંધી તાણ મારી છે, બચ્ચા! હવે મધરાત માંડ નીકરસે. પછી માથો નીચે મૂકવા વારો નહિ આવે. છ છ જણા વારા કરી થોડી નીંદર કરી લ્યો.' અરજણનું કહેવું સાંભળી સહુ આગલે ફાલકે જઈ બેસી રહ્યા. ફક્ત વેરસી ડોસાએ સુકાન પાસે જ લંબાવી દીધું ને તુરત જ એનું ઘોરણ ચાલુ થયું.

પણ પહેલી ચેતવણી વેરસી બાબાએ જ આપી. સફાળો ઊભો થઇ એ કંઈ બોલવા જાય ત્યાં તો દક્ષિણમાંથી ભીષણ ગર્જના ધસી આવતી સંભળાઈ. એ અંધારામાં પણ મેલાં લીલાં પાણીની ગોયા નક્કર દીવાલ હોય એમ એક રાક્ષસી મોજું ધસતો દેખાયો. કરસન અને નેરસી વાણો બથાવી પડયા. બીજાઓ હાથમાં કુહાડી લઈ, ડોલ આલાત સમાલી, ઊભા થઈ ગયા. અરજણ નાખવો મોરા તરફ દોડી પહોંચ્યો.

કાલપવનની ઠોકરે પાણીનો જાણે ડુંગર ધસી આવ્યો, અને તોફાને ચડેલા, પાછલે પગે ઊભા થતા મસ્તાની ઘોડા પેઠે 'ગૌરીપસા'એ મોરો ઉચક્યો! પળવારમાં તો મોરો ઊભો થઇ ગયો! જાણે ધમૂસા ઉપર વહાણ ઊંધી ગુલાંટ ખાશે કે શું, એમ થઇ રહ્યું. નાખવો બે હાથે લેટણને બથાવી લટકી રહ્યો. બબ્બે પાવડા અને તરિયાં લોલી જો ઢાળ ઉપર મોરો ન પકડે અને જો મોરો ઉથામણી ખાય તો તો એને ઉઠવા જ વારો ન આવે. આખરે જે બાણ ઉપર મોરો ઉલળ્યો એણે જ હવે વાંઢાર કલાવ્યું. હવે જાણે મોરા ઉપર ઊંધે માથે વહાણ ધૂમરી ખાવા લાગ્યું. પહોળા વાંઢાર ઉપર વહાણે બદન ઝાલ્યું હતું પણ તીખા મોરા ઉપર ઝલાય એમ ન હતું. અને એ પળે કંડેડાટ કરતાં મોટો ખુવો અને ગુસી એક સામટાં તૂટી પડયાં! એ ખુવા તૂટવાથી હલકું બનેલું 'ગૌરીપસા' આડી પછાડ ખાઈ નીચે પડયું! મોરા બાણ પૂઠે એક પછી એક બેશુમાર મોજાંઓ ધસવા લાગ્યાં હતાં. પણ પાવડા ને લોલીના વજનથી વહાણે દરેક લોઢ ઉપર ઉલાળ ખાઇ પઠાણ પકડી રાખ્યું. નાખવાએ જેમતેમ ભડકમાં પહોંચી કંદીલ ચેતાવ્યું અને બહાર આવ્યો. વેરસીના બેય હાથ ખડી ગયા હતા, પણ સિત્તેર વર્ષનો એ જવાન બે ગુડા વચ્ચે વાણો દબાવી ઊભો હતો. માલમનાં લમણાંમાંથી લોહીની ધાર વહે જતી હતી. બે નાખવાના પગમાં કુહાડીના ઘા પડયા હતા. એક નાખવો ભાંગેલા ખુવાની આલાતમાં ફસા પડયો હતો. બાકીના બધાને કંઈ ને કંઈ કજા પહોંચી હતી.

જેનાથી હાલીચાલી શકાય એ બધા બીજાઓની માવજતમાં લાગી ગયા. બે જણા મોરા ઉપર સંગર સંભાળતા ઉભા. તોફાન વધતું જ જતું હતું. વહાણ ઝોક લઈલઇને પછાડ ઉપર પછાડ ખાતું જતું હતું. કાળા મૂઢવનું પઠાણ અને પાકા સાગનો ઘાસિયો બેસાડનાર વાડિયાઓની ઇમાનદારી ઉપર એ ચૌદ જીવ ટકી રહ્યા હતા. સવાર પહેલાં વાવડો જરા નરમ પડયો અને ભળભાંખળું થતાં 'ગૌરીપસા'ની સારવાર શરૂ થઈ. ભાંગેલા ખુવાના ઠૂંઠા ઉપરથી આલાત કાપી નાખી. આખા વહાણમાં ઠેરઠેર વેરાએલો ભંગાર ફેંકી દીધો. ચાર ચાર જણ વારાફરતી ડંકી ચલાવવા લાગ્યા. આખો દહાડો આમ જ ચાલ્યું. રોટલા ઘડી ખાવા જેટલી નીરાંત પણ મળે એમ નો'તું. મોડેમોડે નાખવાએ ભરતીમાંથી ખારા પાણીમાં નીતરતો ગોળ બધાંને વાંટ્યો. ચોવીસ કલાક ડંકીથી ઉલેચવા છતાં વહાણમાં પાણી આસ્તે આસ્તે વધ્યે જ જતું હતું. કબરતી મૂકયે સાત દિ' થવા આવ્યા. છેલ્લા ચાર દિવસ કોઈ બેસવા પામ્યું ન હતું.

આઠમી સવારે પવન અને પાણી પાછાં વાજમાં આવતાં દેખાયાં, એટલે નાખવાએ કલમી ઉપર સઢ ચડાવ્યો. તુફાન શમતાં સાથે વાવડો પણ શમી ગયો હતો. વીસકોસી તો વાતવાતમાં બજાવનાર 'ગૌરીપસા' અધકોસીમાં જ મજબૂર બની ગયું, સબબ કે એના બદનમાં પણ જીવલેણ ઘા પડયા હતા અને દર ઘડીએ જખમ ઊંડા થતા જતા હતા. પૂરી ભરતીનો માલ હતો. ઉપરાંત સાંધામાંથી પાણી ઝર્યું જતું હતું. હવે તો લાલ સુધી ડૂબી ગયું હતું સામે મોજે મોરો ઊંચો કરવાની તાકાત પણ નો'તી રહી.

વહાણ હલકું કરવા ગોળ વામી દેવાનો અખતરો પણ નાખવાએ કરી જોયો. પણ ગોળ પીગળતાં સાંધામાં કલફાત પેઠે ચોંટી રહ્યો હતો અને હજુ સલામત બચવાની અરજણને ઉમેદ રહી ગઇ હતી. આમ બીજા ચાર દિવસ નીકળી ગયા. ડંકી ચલાવીચલાવી બધાંનાં બાવડાં સૂજી ગયાં હતાં. નાળિયામાં ગોળનો રગડો ભરાવાથી પાણી ખેંચાવાને બદલે ડંકી જ અટકી જવા આવી હતી. હિંમત હારી અરજણે કલમી ઉપર મોટું પરબાણ દોઢું બંધાવ્યું અને એ ઊંચાઇએ આફતનો વાવટો ચડાવ્યો.

એને બીજા ત્રણ દિ વીતી ગયા. વા'ણ તો ગળાંબૂડ આવી ગયું. એ હાલતમાં સઢની તાણ નકામી થઈ ગઇ. આખરે કિસ્તી તૈયાર કરવાનો અરજણે હુકમ કર્યો. ભારે હૈયે સૌએ કિસ્તીમાં ખાધખોરાકી ને પાણીનાં પીપ મૂકયાં હવે કયારે ઝોક લઇ ગૌરીપસા ગરક થઈ જશે એ કહેવું મુશ્કેલ હતું, છતાં છેલ્લી ઘડી સુધી એની તેડે રહેવાના નાખવાના મૂંગા નિરધાર ભેળો સૌનો અણબોલ્યો સાથ હતો.

બીજી સવારે આખરની ઘડી આવી પહોંચી નાનાંનાનાં મોજાં પણ સથા ઉપરથી આરપાર નીકળવા મંડયાં. ભારે હૈયે કિસ્તી તરતી મૂકી. બધા અંદર ઊતર્યા. નાખવો ઘડીભર કંડેડાનું ઠૂંઠું ઝાલી ઊભો રહ્યો. એની નજર ચો તરફ ફરી રહી હતી. એ નજરમાં ભૂત અને વર્તમાન રમી રહ્યાં હતાં. ગોધુશેઠની હોંસ, અષાડી ચન્દરની સવારે આપેલી શીખ, પોતે આપેલું આશ્વાસન,—બધું એને તાજું થયું. કિસ્તીમાં ઊતરતાં એનો પગ ભારે થઇ રહ્યો. પૂતળા પેઠે એણે જાણે 'ગૌરીપસા'ની અંત્યેષ્ટી કરવા માંડી સુખાણ પાસે રાળ અને લોબાનનો ધૂપ સળગાવ્યો. વાવટા-કાઠીએ સૂરજ ચન્દરનો ઝંડો ચડાવ્યો ને ફરી એક વાર પાણીથી છલકાતા ભડકમાં ઊતર્યો. ભડકમાં એ શા માટે ઊતર્યો એની એને પણ ગમ ન હતી. પણ હવે બહાર ન નીકળવું એવો એને વિચાર થઈ આવ્યો!

ત્યાં ઓચિંતાં કિસ્તીમાંથી અવાજો આવ્યા,—આશાના, જીવનના, હિંમતના! દૂર ક્ષિતિજ ઉપર ધુમાડાની આછી રેખા તરી આવતી હતી!

બીજે દિવસે બપોર પહેલાં વલંદા આગબોટ 'સ્ટાનવાક' કોલંબોમાં ફુડધે સોડ પડી. એમાંથી ડાચાં બેસી ગએલા અને અધમુવા લાગતા 'ગૌરીપસા'ના ચૌદ નાખવાઓનો પોલીસે કબજો લીધો. બીજા દેશોમાં જ્યારે વહાણધણીને અને આમ પ્રજાને પોતાના

નાખવા જીવતે લાખના ને મૂએ સવાલાખના લાગે છે, ત્યારે હજુ હિન્દુસ્તાનના હીંગતોળુ વહાણધણીઓ અને દરિયાપરજથી તમામ બેન્નણ પ્રજામાં આ સાગરસાવજો જીવતે કોડીના અને મુએ ફૂટી બદામના પણ નથી લાગતા! જાણે મોટા ગુનેગાર હોય તેમ ચોદે જણને ચોકીમાં પૂર્યા. બે દહાડા સતામણી કરી, કંઇ પામવા જેવું ન લાગતાં છોડી મૂકયા. અરજણે એક કચ્છી વેપારીની પેઢીએ જઈ ગાંધુશેઠને તાર કરાવ્યો. નોટરી પબ્લિક પાસે જઇ બયાન લખાવ્યું.

ગાંધુશેઠ તાર વાંચી ગળી ગયા. એના તારના જવાબમાં મુંબઇની નામાંકિત વીમાની પેઢીએ જવાબ વાળ્યો કે 'વીસીમા મંને દિવસે પૉલિસી રદ થઈ હોવાથી કશો દાવો મંજૂર કરતા નથી!'

ગાંધુશેઠની ચાર પેઢીની શાખ જોખમાઇ ગઇ. ગાંધુશેઠ ધંધે વેપારી, પણ જાતે છે પોકેણા બ્રાહ્મણ. એની ન્યાતમાં ગાડગાડ કૉલેજમાં ભણતો જમાઇ ઠરાવ્યો હતો. એના વેવાઇએ વિલ ઇ વર્ષો કરી થોડુંક ઉપાર્જન કરેલું. પરન્તુ ગાંધુશેઠની એક જ દીકરી સાથે પોતાના છોકરાનાં લગ્ન થાય એવા ભાવિ વારસાની લાલચ હતી. ગાંધુશેઠ નબળા પડતાં વેવિશાળ ફોક કરવાના અંગે કાગળ લખી નાખ્યો! આપણા કૉલેજમાં શીખતા જવાનાનું માયકાંગલું માનસ તો જાહેર જ છે. એટલે ગાંધુશેઠે ભાવિ જમાઇને પરબારા લખેલા કાગળની મિન્નતગુજારીનો કંઈ જ જવાબ ન આવ્યો.

'સ્ટાનવાક' નાખવાએ ને બચાવી રવાના થઈ ત્યાર બાદ 'ગૌરીપસા' કલાકો સુધી ત્યાં જ પડી રહ્યું. એક વાર જોનારની નજર લાગી જાય એવું એનું બદન આજે સાંધેસાંધાની ફાટફાટથી પીડાઈ રહ્યું હતું. એના બાંધનાર જાતવંત વાઢિયા હતા. કાળા મુડધનું પઠાણ, જિન્નાર સુધી કાચું મલબારી સાગ, ઉપર પાકકું સાગ; એવાં સાગવાન ગોતી ગોતીને મૂકયાં હતાં કે એમની દૂરઅંદેશીએ વહાણ આવી જફામાં પણ આટલું ટકી શકયું. કાચ્ચું સાગ ફૂલ વા આવ્યું હતું, એના સાંધામાં ગાળ જામી ગયો. અંદર પાણી આવતું બંધ પડચું હતું, છતાં આ પહેલાં આવેલા પાણીનો બોજો બદન ભારે બનાવી રહ્યાં હતો.

'સ્ટાનવાક'ના નીકળી જવા પછી ત્રણ દહાડા વહાણ તાણ ભેગું આમતેમ ફર્યા કર્યું. એના કોલ ઉપરના લખાણ મુજબ 'ગૌરીપસા' બસ્સો પંચાવન ટનનું વહાણ હતું. આજે એમાં બીજો એટલો તો માલનો બોજો હતો જ. ઉપરાંત સોએક ટન તો પાણી ભરાયું હતું! છતાં એનો નકશો દોરનાર ગજધર એવો બાહોશ હતો કે એ વધારેપડતા બોજા છતાં ને કઠેડાબ્રૂડ હાલતમાં પણ 'ગૌરીપસા' મોત સાથે જંગ ખેલી રહ્યું હતું!

આમ ત્રણ રાત નીકળી ગઈ. ચોથી રાતે મધરાત પછી ઓચિન્તા દરિયાએ તાણ ફેરવી. આછી, ધીમી પણ સબર તાણ ઉતરાદી ઊપડી. સાથે વાવડાએ પણ દિશા ફેરવી અને કલમીના શઢમાં ગતિ આવી. વીણાસૂનાં સુખાણે આમતેમ બેચાર હેરિયાં કર્યાં, પણ આ આખર જામવાની આગાહી આપતાં મીઠી મસ્તીએ ચડેલાં પવનપાણીની ધક્કામુકી આગળ એનું કશું ફાવે તેમ ન હતું. આખી રાત એકધારો પવન વહેતો રહ્યો. જખમાએલા બદનને સમાલતું સમાલતું 'ગૌરીપસા' કલમીના શઢને ટેકે ધીરાંધીરાં ડગ ભરતું વધવા માંડયું!

અલબત્ત, આ તો જીવન બુઝાવા પહેલાંની ઝાંખી ચમક હતી. મોરો ફરતાં જાણે જુગ વીતી ગયા. એટલામાં તો એના બદનમાં અસહ્ય વેદનાઓ સટાંકી ગઈ. મોરો ફરી રહેતાં કંઈ કરાર વળ્યો, ત્યાં નાનકડાં દેખાતાં મોજાં પણ એના ઉપર ફરી વળવા લાગ્યાં. હવે વધારે બોજો સહન કરવાનું બને એવું રહ્યું જ ન હતું. પણ થોડી બે ઘડી મોજાંઓ ફરી વળ્યા છતા સથા ઉપર જ રેલાતાં રહ્યાં. અંદર જવા ન પામ્યાં. ગોળની ચાક શી સથા ઉપર સંગીન કલફાત કરી દીધી હતી! અરધા ભાનમાં, અરધી બેહોશીમાં, અણુએ અણુ યાતનાથી ચિત્કાર કરી ઊઠે એવી વેદનામાં, પવનપાણીના હડસેલાએ આગળ ને આગળ લંગડાતું 'ગૌરીપસા' ઉતરાદું વધવા માંડ્યું.

આમ, કલાક કે ઘડી કે દિવસ કે રાતની તો એને કયાંથી ગમ રહે? એની આંખ અને કાન જેવો એ અરજણ નાખવો, એ કરસન માલમ, એ વેરસી ભાભો અને બીજા સાવઝ જેવા જવાનો હવે રહ્યા નો'તા. સામે ઉલળીઉલળીને આવતાં મોજાં ઉપર આબાદ પરમીલ ઉપડાવનાર સુખાણી એના તુતક ઉપર નો'તો રહ્યો. એ તો અસહાય ધક્કેલાઈ હતું. નાનકડી રોંકે પણ એનું પરમાલ ડોકરાઇને થંભી જતું હતું. અંદરના બોજાએ એને એક એક ડગલું ઉપાડતાં પણ વસમું લાગતું હતું. બે-લગામ વીંઝાતું સુખાણ એને તમ્મર ખવડાવી રહ્યું હતું. વચમાં વળી જરા પવન ધીરો પડે ત્યારે કંઈક વેદના ઓછી થતી. પણ આ તો જામેલી આખરનો પવન! એ આરામ શેનો લે? ઉપર કાળા મેઘ ઘેરાતા જાય, નીચે પાણી ડહોળાતાં જાય, અને પવન એકધારો પડખું ફેરવ્યા વગર ફૂંકયે જાય. એમાં આરામ પણ કયાંથી મળે? 'ગૌરીપસા'નાં જાતવંત સાગવાન કચડકચડ બોલતાં જાય અને એકકે એક પાટિયું હમણાં છૂટું થઈ તૂટી પડશે એવું અમળાઈ જાય. પણ વાઢિયાઓની ઈમાનદારીથી મંત્ર પાછું સાંધો સમાલી લે. અને એ રીતે 'ગૌરીપસા'એ બેતાલીસ રાત ગાથે કરી!

ત્રેતાલીસમી રાતે ઓચિંતા પઠાણને ધક્કો પડ્યો. નાળની ઠેસ જાણે ધ્રાસિયો ઉખેડી નાખશે એમ ધમધમી ઊઠી. આખું વહાણ હચમચી ગયું. એ ધક્કાથી કલમી ખુવો બટકી ગયો. એમાં પહેલેથી તડ તો પડી જ હતી. કલમીના પડવા સાથે એ એકનો એક શઢ 'ગૌરીપસા'ના બદન ઉપર ઓઝારાં કફન પેઠે પથરાઈ ગયો!

કુબરૂતીનો શાહબંદર મામધ મરક્કાર સવારના પહોરમાં ફળિયામાં ખાટ નાખી હુક્કો ગડગડાવતો બેઠો હતો, ત્યાં બંદરનો કર્ણમ્ મુન્નુસ્વામી ખબર આપવા આવ્યો: 'બારાની નાળની પડખેના રેતાળ ચર ઉપર એક વહાણ રાતનાં લાંધી ગએલું દેખાય છે! એકેય ખુવો નથી, એકેય માણસ નથી દેખાતું. વહાણના દિદાર ઉપરથી બીલકુલ લાસ ગએલું જણાય છે!'

મામધ મરક્કારે હુક્કાની નાળ હાથમાં પકડી આંખ મટમટાવી. શાહબંદરની મુરાદ વગરકહ્યે સમજી જનાર મુન્સામીએ તુરત ખાત્રી આપી કે બંદરબોટમાં પોર્ટ પોલિસ રવાના થઇ ગઇ છે અને કોઇને પણ એ વહાણ ઉપર જતાં રોકવાનો બંદોબસ્ત થઈ ગયો છે.

ઘડીપછી જ્યારે પોલિસના સબઈન્સ્પેકટરે શાહબંદરને 'રીપોર્ટ' આપ્યો ત્યારે એના મોંમાંથી આહ નીકળી પડી! 'ગૌરીપસા' કબરૂતીમાં આ હાલતે આવે છે, તો એના દોસ્ત અરજણ નાખવાનું અને વહાણમાંનાં બીજાં તમામ માણસોનું શું થયું! બપોરના ચાર પહેલાં કદી ઘર બહાર ન પડનાર શાહબંદર જાતે તપાસ કરવા 'ગિગ'માં રવાના થયો. 'ગૌરીપસા'ના ખૂણેખૂણે ફરી વળ્યા. દરેકે દરેક હાલ બારીકીથી તપાસી જોયા. ભંડકમાં જોયું તો કમાન, નકશા, કોલ, સતમી વગેરે કંઈ ન હતાં. મરક્કાર જાતે દરિયા-સારંગ હતો. એને અટકળ કરતાં વાર ન લાગી. જરૂર તુફાનમાં તૂટી પડેલા અને ડૂબવા આવેલા વહાણ ઉપરથી નાખવાઓ ઊતરી પડ્યા દેખાય છે. કિસ્તીની ગેરહાજરી પણ એ જ દેખાડે છે. કિનારે આવી એણે કોલંબો પોર્ટ ઑફિસને તાર કર્યો.

અરજણ અને એના સાથીદારોને વતન પાછા ફરવાનો ગોધુશેઠે કાગળ લખ્યો હતો અને કોલંબોના એક કચ્છી વેપારી ઉપર પૈસાનો બંદોબસ્ત કરવા પણ લખાણ મોકલ્યું હતું. 'ગૌરીપસા'ના જવાથી ગોધુ શેઠ ઉપર જે જફા પડી હતી તેનો અરજણને પાકો ખ્યાલ હતો. કોલંબોથી વતન પહોંચતાં જમીનરસ્તે કૈં નહિ તો માણસદીઠ ૩૫ ૪૦ રૂપિયા પડે. ગોધુશેઠ પર આ બોજો નાખવાની એની ઈચ્છા ન હતી. આખર ઊતર્યે કોઈ વતન કરતા વહાણ ઉપર નોકરી લેવા ધારી, ત્યાં સુધી બધા કોલંબોના ધક્કા પર મજૂરી ચડી ગયા હતા. ત્યાં એક દહાડો એને પોર્ટ ઑફિસરે બોલાવ્યો ને કળકતીના શાહબંદરે કરેલો તાર દેખાડ્યો. અને આ દરિયાપરજના ગિરાઈન અંગ્રેજ બચ્ચાએ એ ચીંથરેહાલ નાખવા સાથે હાથ મિલાવી એને મુબારકબાદી આપી.

અરજણે પોર્ટ ઑફિસ છોડી ત્યારે એના પગ હવામાં અદ્ધર ઊડતા હતા. જુદેજુદે ધક્કે મજૂરી કરતા બધા નાખવાઓને ભેગા કરી એણે આ અદ્‌ભુત વાવડ સંભળાવ્યા. પછી ઓળખીતા વેપારીને ત્યાં જઈ ગોધુશેઠને તાર કરાવ્યો. પછી નાળિયેર લઇ દરિયાલાલને શેષ ચડાવી. હવે તાજ્જૂબીથી અવાક્ બનેલા વેરસી ભાભાની જબાન ઊઘડી.

'હું તો પે'લેથી જ કે'તો'તો, માલમ. કે જુસાં આપણે ખુરલ બનસું, પણ હ 'ગૌરીપસા' પીંઢે-પીંઢ બન્દર કરે એવો નતવંત છે.'

'પણ આપણે ક્યાં ખુરલ બન્યા વરી ?' કરસને વાંધો લેતાં કહ્યું.


'ખુરલ તો સાત વાર આપણે જુઓ ં હૈયાંમાં ધરપત રાખી હોત તો બરાબર કોલંબો આવી પહોચત. સજ્જસાર. વા'ણને છોડી દીધો તો ખુરલ નઈ તો બીજું સું ?'

આ જૂની જિકર ફરી સાંભળવાથી ખુશ થએલા અરજણે વાત વાળતા કહ્યું, 'ખરો, ભાભા, ખરો. આપણે આપણી હિંમત હાર્યાં, પણ ઇ સાગના વા'ણને હેંય સાચી ધરપત કે જઇને બન્ધરે ઊભો.'

'મું તો પે'લેથી જ કહ્યા'તો કે ઇને સુખાણે નીયતાણીનો હ થ છે. જુકાંતી વગર દેઢ દેઢ ગાહિન આ બરના ધરિયા વટાવીને કોઇ વા'ણ બ ઘર કરે, ભલા ?' ભાભાએ બીજો મુદ્દો મૂક્યો.

'ખરો, ચાચા-તું ચગ સે ગેંડે ખરો ' માલમે હાર કબૂલી લીધી.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ



પહેલું ઈનામ: 'ઘરકામ'–હીરાલાલ ભટ્ટ (અમદાવાદ) નીચે–ડાબી બાજુ; બીજુ–ત્રીજુ મોકૂફ; નોંધપાત્ર: 'કોના મોંમાં'–ઇન્દુલાલ ગોહેલ (મુંબાઇ) નીચે–જમણી બાજુ. 'તલ્લીન'–અન્વર હેગાણી (કરાચી) મથાળે; 'અભ્યાસમગ્ન'–ચન્દ્રકાન્ત માહુલીકર (અમદાવાદ). આ વખતનાં ચિત્રોમાં વિવિધતા છે. પણ કશા ઉદ્દેશ કે સમજ વિના પાડેલા સ્નૅપ વધુ હોઈ બહુ જ થોડાં હરીફાઇ યોગ્ય છે. આપણા નિત્ય જીવનમાં,—ઘરમાં કે બહાર—જો જરા વિચારપૂર્વક કૅમેરાનો ઉપયોગ કરવામાં આવે તો જોઇએ તેટલાં ચિત્રો મળી શકે.


પહેલું ઇનામ જીતનાર ભાઇ હીરાલાલ ભટ્ટનો આપણા ગૃહજીવનમાંથી ઉપાડેલો 'ઘરકામ'નો સાદો વિષય આવકારપાત્ર છે. ઘંટી ફેરવતી બાળાની બેસવાની ઝોકભરી સ્વાભાવિક રીત, ફરતી ઘંટી અને કાર્યશીલ હાથ, બધું મળીને ગતિશીલતાનું એક જીવંત ચિત્ર બને છે. ઉપરાંત, સ્વાભાવિકરીતે યોજાએલું ત્રિકોણાકાર અને વર્તુલ કારી સંયોજન ચિત્રને ભરાવ આપે છે (જુઓ નીચે). આમ, સમગ્ર ચિત્ર સારૂં હોવા છતાં એક્સપોઝર જરા ખામીવાળું અને નેગેટિવ કસ વિનાની હોવાથી પરિણામ પૂરૂં સંતોષજનક નથી આવ્યું.

'કોના મોંમાં' ભાઇ ઇન્દુલાલ ગોહેલનો વિષય રમૂજી છે, પણ બરોબર રીતે લઇ શકાયો નથી. એવાં સ્પૉર્ટ્સનાં ચિત્રો ઝડપવામાં એક્સપોઝર પર કાબૂ ધરાવનાર અને તકનો ઉપયોગ કરનારી ત્વરિત નિર્ણયાત્મક બુદ્ધિ ધરાવનાર જોઈએ છે.

ભાઈ અન્વર હેગાણીનું 'તલ્લીન' અને ભાઇ ચન્દ્રકાન્ત માહુલીકરનું 'અભ્યાસમગ્ન' બંનેના વિષય, વિચાર અને કાર્ય એક જ છે. બંનેમાં અભ્યાસમાં રત બનેલા કિશોરની એકાગ્રતા છે. પહેલામાં પાડનારની કુશળ હથોટી છે પણ સ્વાભાવિકતા ખૂટે છે; જ્યારે બીજામાં નૅગેટિવ જોર વિનાની હોઇને સારૂં ચિત્ર નબળું પડી ગયું છે.

શ્રીદામ ભટ્ટ







માધુકરી

રે અમે તો સાધુડિયાં,
   સરળ હૃદયનાં સંગી રે, સંગી રે, સંગી, એકરંગી.
આળાં મૃદુ અંતરવાળાં,
કાલાં ઘેલૂડાં વ્હાલાં,
   ભોળાં બાલૂડાં દિલનાં રંગી રે, રંગી રે, રંગી, એકરંગી.
સુખિયાં નીરખી રીઝનારાં,
દુઃખિયાં તો દેવ અમારાં;
   ભૂખ્યાં ઓછપનાં ઉરનાં અંગી રે, અંગી રે, અંગી, એકરંગી.

—લલિતજી

સ્વ. કવિ લલિતજી

મંજીરાંના રણકાર સાથે પોતાના સ્નિગ્ધમધુર કંઠને ભેળવીને ગુજરાતને પોતાના સરલ મૃદુ લલિત હૃદયભાવો પહોંચાડનાર લલિતજીના વ્યક્તિત્વનો સાર ઉપલા પદમાં આવી જાય છે. એ વ્યક્તિ આજે નથી, છતાં એ વ્યક્તિત્વની સૌરભને ગુજરાત સહેજે ભૂલશે નહિ.

પોતાનાં કાવ્યો માટે શરૂથી પસંદ કરેલા તખલ્લુસ 'લલિત'ને નામે જ એમને સૌ સદા ઓળખતા; પણ એમનું ફોઈ-દીધું નામ જન્મશંકર અને બાળપણનું નામ 'રસૂલ' હતું. જૂનાગઢના વડનાગરા નાગર ગૃહસ્થ મહાશંકર બૂચને ત્યાં એમનો જન્મ ઇ. સ. ૧૮૭૭ની ૩૦મી જૂને થયો હતો. ગણિતનો અણગમો આડે આવતાં મૅટ્રિક ત્યજીને સ્કૂલ ફાઈનલ પસાર કરવા સાથે જ અભ્યાસ પૂરો કરી ૧૯૦૩માં ગોંડળની સંગ્રામજી હાઇસ્કૂલમાં એમણે શિક્ષક તરીકે કારકીર્દિનો આરંભ કર્યો અને તે પછી ૧૯૦૮થી ૧૦ સુધી રાજકોટના 'કાઠિયાવાડ ટાઈમ્સ' નામના દૈનિકના તંત્રીપદે કામ કર્યું, જે દરમ્યાન એજન્સીની સનદથી અદાલતોમાં ભાષાંતરનું કામ પણ કરતા. ૧૯૧૩માં વડોદરા રાજ્યના પુસ્તકાલય ખાતામાં લોકોપદેશક તરીકે જોડાયા અને સાત વર્ષ સુધી ત્યાં કામ કર્યા બાદ ૧૯૨૧માં અસહકાર શરૂ થતાં ગુજરાત વિદ્યાપીઠ તરફથી મુંબાઇમાં ચાલતા મહાવિદ્યાલયમાં ગુજરાતી ભાષા-સાહિત્યના અધ્યાપક તરીકે નીમાયા, જે સ્થાને તેઓ ચાર વર્ષ સુધી રહેલા. ૧૯૨૫થી દસબાર વર્ષ તેમણે લેડી નૉર્થકૉટ હિંદુ ઑર્ફનેજનું તથા ખાનગી કુટુંબોમાં શિક્ષણકાર્યનું કામ કરેલું. ૧૯૩૮થી એ લાઠી ગયા, અને જીવનના પાછલા કાળમાં લાઠી ઠાકોર સાહેબની પાસે જ નિવૃત્ત જીવન ગાળતા હતા, જ્યાં ગઇ ૨૫મી માર્ચે ૭૧ વર્ષની વયે એમનો દેહ પડ્યો.

૧૮૯૩માં એમણે લેખન-પ્રવૃત્તિ શરૂ કરેલી અને એમનું પહેલું કાવ્ય 'ચંદ્ર' નામના સાહિત્યના માસિકમાં છપાએલું. ત્યાર પછી 'વસંત', 'સુદર્શન', 'સુંદરી સુબોધ', 'બુદ્ધિ-પ્રકાશ', 'સમાલોચક' આદિ પ્રતિષ્ઠિત માસિકો તેમજ દૈનિક-અઠવાડિકોમાં એમનાં કાવ્યો આવતાં રહેતાં. 'ગીત-સંગીત સીતાવનવાસ' નામનું એમનું નાટક છેક ૧૯૦૩માં લખાએલું તથા ભજવાએલું, જેમાં એમનું લોકપ્રિય થએલું 'ધોબનિયાં'નું ગીત આવેલું.

સ્વ. કલાપી સાથે એમને મિત્રતા હતી, જે દ્વારા તેઓ ગોવર્ધનરામ, મણિલાલ નભુભાઇ આદિના સંસર્ગમાં આવેલા. પણ કલાપીની એમના પર પુષ્કળ છાપ હતી. એ બંને મિત્રો હતા અને કલાપી એમને ભાવથી રાખતા એ જ એનું એકમાત્ર કારણ નથી. પણ કલાપી અને લલિતજી બંનેને જે કંઈ પ્રિય અને ઈષ્ટ હતું તે કલાપીને વિશેષ પ્રમાણમાં મળ્યું હતું અને વધારે ઉત્કટ રૂપમાં મળ્યું હતું તે જ એનું સાચું કારણ છે. તે જ રીતે લલિતજી નાનાલાલથી પણ પ્રભાવિત થયા હતા. એમનાં કાવ્યોમાં નાનાલાલની છાપ ચોખ્ખી જોઈ શકાય છે. જો કે નાનાલાલનું તેજ પણ એમણે પોતાના સ્વભાવની મર્યાદામાં વસીને જ ઝીલ્યું છે. નૂતન કવિતારીતિને પણ આત્મસાત કરવાની એમણે કોશિષ કરેલી. 'તેમણે

માસમાસનાં પંખી
૧૧—મેના



પોપટના જેટલું જ સ્ફુટ બોલનારૂં પંખી બીજું કોઈ હોય તો તે મેના. પ્રાચીન કાળથી જ મેના-પોપટ ગૃહસ્થ ઘરનું ભૂષણ મનાતાં આવ્યાં છે, ને બંને વરવધૂ પણ મનાયાં છે. જો કે ખરીરીતે તેમ નથી. બંનેની જાત જુદી છે. અને મેનામાં પણ પાછી બે જાત છે: એક 'બોલતી મેના'—જે પોપટની માફક સ્મરણ અને કંઈક સમજથી માનવ ભાષાનું અનુકરણ કરે છે; અને બીજી 'અબોલ' મેના—જેમાં વૈયા, બામણી મેના, તેલિયા મેના ને આ પણી કાબરોનો સમાવેશ થાય છે. આ મેનાઓ પણ વિવિધ અનુકરણ કરી શકે છે, પણ એમના કંઠની કર્કશતા અને તીણા-પણાથી એ પંખી પ્રિય નથી બની શકતાં.

બોલતી મેનાની બધી જાતો મોટે ભાગે ચળકતા કાળા રંગની હોય છે, ને તે જ પાળવા માટે શ્રેષ્ઠ ગનાય છે. એને ઓળખવાની સહેલી નિશાની એ કે એનાં બંને લમણાં પર વાળ વગરની ઉઘાડી પીળી ચામડીનાં લાખાં હોય છે. પણ એ પંખી ગીચ જંગલનું વાસી હોવાથી જવલ્લે જ નજરે ચડે છે.

કદમાં કાબર જેવડું, પણ ઘણું નાજુક. રંગ લીલા ને વાદળી રંગની આભાવાળો કાળો. ચમકદાર માથામાં ઉપર કહ્યાં તે બે પીળાં લાખાં. ચાંચ નારંગી. પગ ચળકતા પીળા. ખોરાકમાં મુખ્યત્વે વનસ્પતિ; છતાં ઉધાઇ કે તીડ વગેરે જીવાત ખાય. ઝાડની બખોલમાં માળો બાંધી, ચળકતાં ઘેરાં વાદળી રંગનાં ને રતુમડી છાંટવાળાં ૨-૩ ઇંડાં મૂકે છે.

રૂપેરંગે આવી જ એક બીજી મેના હિમાલયની તળેટીમાં થાય છે. એ પહાડી મેના બોલવામાં ભારે ઉસ્તાદ ગણાય છે, અને વળી ખોરાકમાં ભાત, કેળાં ગમે તે ખાતી હોવાથી અને પંજરાવસ્થામાં પણ લાંબુ આયુષ્ય ભોગવતી હોઇ રસિકજન તેને પાળે છે.

(શ્રી 'વનેચર'ના લેખ ઉપરથી સંપાદિત)



અર્વાચીન કવિતાના વિકસતા નવીન પ્રવાહ સાથે પણ વહેવાનો અને વિકસવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે' એમ સુંદરમે તેમને વિષે કહ્યું છે તે યથાર્થ છે.

આજથી પચીસેક વર્ષ પહેલાં તેમનાં પત્ની વિદેહ થયા પછી તેમણે વિશેષ ભાવે નિઃસ્પૃહી સાધુચરિત જીવન ગાળ્યું હતું. પત્ની કેવળ સખી જ નહોતી, દેવી પણ હતી. એ એમના 'તૃપ્તિ નમુક્તિ રૂપી' હતી. પણ એ વિદેહ થતાં કવિએ ધીરજથી એ ઘા વેઠી લીધેલો.

'લલિતનાં કાવ્યો', 'વડોદરાને વડલે' ને 'લલિતનાં બીજાં કાવ્યો' એ ત્રણ કાવ્યસંગ્રહોમાં એમનાં છૂટકછૂટક કાવ્યો સંગ્રહાયાં છે. સારાં કાવ્યોની સંખ્યા એમાં અત્યંત અલ્પ છે. 'ગદ્દલી,' 'વિજોગણ વાંસલડી' અને 'એકલ રામ' જેવાં કાવ્યો એમણે બહુ ઓછાં આપ્યાં છે. છતાં સ્વજનના સ્નેહ અને ગૃહજીવનની મધુરતાની, પ્રભુપરાયણતા અને સાધુત્વની, ક્વચિત રાજભક્તિ કે દેશોત્કર્ષની ભાવનાની આસપાસ પ્રદક્ષિણા કર્યા કરતાં એમનાં કાવ્યો ભાવની સ્નિગ્ધતા અને સરલતાને કારણે, શબ્દ અને લયના માધુર્યને કારણે, ગેયત્વ અને પ્રાસયોજનાને પણ કારણે રોચક અવશ્ય થઇ પડે છે. એમની કવિતા પરત્વે કવિ નાનાલાલે ઉચિત જ કહ્યું છે કે "લલિતના ગુણોમાં જ એમની સીમાઓ રહેલી છે. એમના ભાવનાં ઝરણ સૂક્ષ્મ છે, પણ વર્ષાકાળનાં પૂર સમાં વિશાળ નથી; એમનો પ્રિય શબ્દ 'લગીર' છે, 'મહા' નથી; વામન અને વિરાટ ઉભય સ્વરૂપ તે ધારી શકતા નથી; એમનું ઉર 'આણુ' છે, ને મન 'મોળું' છે."

જોકે કવિના પ્રિય શબ્દ ઉપરથી કવિનો તોલ બાંધવામાં ભૂલથાપ થવાનો સંભવ છે. 'મહા' શબ્દનો ઉપયોગ કર્યે કંઈ મહાકવિ થવાય નહિ. લલિતજીને મૂલવવામાં એમનો પ્રિય શબ્દ પ્રયોજવો ફાવી રહે છે એ કેવળ યોગાનુયોગ છે.

લલિતજીની મર્યાદાને સ્પષ્ટ આકારે સુંદરમે 'અર્વાચીન કવિતા' પુસ્તકમાં દર્શાવી છે. એમણે કહ્યું છે: 'તેમનું કાવ્ય નાનીમોટી ઊર્મિઓને સાંગોપાંગ યથોચિત માંડણી, વિકાસ અને પુષ્ટિ આપી, તેમાંથી આખો કાવ્યપ્રદેશ રચવાની શક્તિ બહુ થોડી બતાવે છે. શબ્દોને અને તેમના અર્થધ્વનિને સાંકળનાર સંયોજક એવી સમગ્ર દૃષ્ટિ વિનાનાં એમનાં કાવ્યોની પંક્તિઓ મજ્જાતંતુ વિનાના કરોડના મણકા જેવી ઘણી વાર બની જાય છે. આ અર્થગુંફનની અશક્તિ તેમનાં લાંબાં કાવ્યોમાં વિશેષ દૃષ્ટિએ આવે છે.' શ્રી સુંદરમ એને 'પાયાની કચાશ' ગણે છે. જોકે હરિગીત છંદમાં કરેલી કેટલીક સુંદર રચનાઓ માટે, ગીતોના ઉપાડ માટે અને અંકિત શબ્દ કે ચિત્રના વૈયક્તિક માધુર્ય માટે સુંદરમે લલિતજી પ્રત્યે માનભાવ વ્યક્ત કર્યો જ છે; અને કહ્યું છે કે 'જીવનનું દર્શન કે સર્જક કલ્પનાબળ ઓછું હોવાથી તેઓ વિષયની આસપાસ ઊર્મિઓનું અતિશયોક્તિભર્યું ગુંફન કર્યા કરે છે, એમ છતાં તેમનામાં સાચી પ્રેરણાનું ગુપ્ત દ્વાર કોકવાર સાચેસાચ ઊઘડી આવેલું છે અને તેમાંથી...તત્ત્વના સાચા સ્પર્શવાળાં, કલ્પનાની સાચી રણક બતાવતાં તેમજ દર્શનની કંઈક ઝાંખી કરાવતાં કાવ્યો પ્રકટ્યાં છે.'

પણ મર્યાદાઓ છતાં કવિ નાનાલાલે આજથી ત્રીસ વર્ષ પર એમને વિષે કહ્યું હતું તે સાચું જ હતું કે, 'લલિતનાં કાવ્યો ગુજરાતે સત્કાર્યાં છે ને સત્કારશે, કારણકે તેમાં ગુજરાતને ગમતા ગૃહભાવ, કોમળતા, લાલિત્ય ને લાડ છે.

—યશવંત શુક્લ

આંદામાન ટાપુઓ

'કાળા પાણીની સજા' સાથે જેનું નામ સંકળાએલું છે તે, આંદામાન ટાપુઓ હમણાં અખબારોને પાને ચમક્યા છે. બંગાળના અખાતમાં આશરે અઢી હજાર ચોરસ માઇલ જેટલો વિસ્તાર ધરાવતા બસોથી યે વધુ બેટોના એ સમૂહ બિરલા, દાલમિયા અને એવા બીજા ધનપતિઓને એ ટાપુની કુદરતી સમૃદ્ધિને વિકસાવવાની કામગીરીના નિમિત્તે વેચાયા છે.

કલકત્તા તેમજ મદ્રાસથી લગભગ સરખે જ અંતરે ૭૫૦ માઇલ દૂર આવેલી આ ૨૧૯ માઈલ લાંબી આંદામાનની બેટ–પટ્ટી છેક પુરાકાળથી હિંદને પરિચિત છે. આંદામાનનિવાસીઓએ લૂંટી લીધેલા વેપારીઓએ પાટલિપુત્રના સમ્રાટ અશોક પાસે કરેલી ફરિયાદનું વર્ણન કાશ્મીરના પંડિત ક્ષેમેન્દ્રે આપ્યું છે. ઈસુની પહેલી સદીમાં તો ચીન અને જાપાન પણ એ ટાપુઓથી પરિચિત હતા ને તેને 'યેંગ તો માંગ' તથા 'હાંદુમાન' (જંગલીઓના પ્રદેશ) નામથી ઓળખતા. દસમી સદીમાં દક્ષિણ હિંદના રાજેન્દ્ર ચોળદેવ પહેલાએ એ ટાપુઓ પર નૌકાકાફલો મોકલી પોતાનો અધિકાર સ્થાપેલો. તેણે તેને 'અશુદ્ધિ બેટ' તરીકે ઓળખાવેલો. ૧૩મી સદીમાં દુનિયાની મુસાફરી કરનાર પાશ્ચાત્ય સાહસિક માર્કો પોલોએ, આંદામાન ટાપુઓના રહેવાસીઓ દૂર પૂર્વના સાગરમાં ઘૂમતાં વ્યાપારી જહાજોને લૂંટી લેનારા ચાંચિયા હોવાનું વર્ણન આપ્યું છે.

ઇ. સ. ૧૮૫૮માં હિંદ બ્રિટિશ તાજને કબજે પડ્યું ત્યારથી આંદામાનને અપરાધીઓની એક વસાહત બનાવવાનું શરૂ થયું. એ 'અપરાધીઓ'માં પોતાની માતૃભૂમિની સ્વતંત્રતા માટે લડેલા અને મથેલા અનેક રાષ્ટ્રપ્રેમીઓ પણ હતા. ઈ. સ. ૧૮૫૭ના બળવામાં અંગ્રેજો સામે લડેલા લગભગ ૨૦૦ હિંદીઓને પહેલવહેલા ડૉ. વૉકરની નિગરાની નીચે ત્યાં લઈ જવામાં આવ્યા. ૧૮૬૪માં એ 'અપરાધીઓ'ની સંખ્યા ૬૦૦૦ થઈ, અને પછી તો કૂદકે ને ભૂસકે વધતી જ ગઈ. અંગ્રેજી હકૂમત સામે માથું ઊંચકનાર હરકોઇને એ નરકાગારમાં ધકેલવાનું ચાલુ થયું અને એ નરકાગારની યાતનાઓથી ત્રાસીને જ શેરઅલીએ ઇ. ૧૮૭૨માં લૉર્ડ મેયો નું ખૂન કર્યું વીર સાવરકરે લખેલી 'મારી જન્મટીપ' નામની કિતાબ આ ટાપુને લગતો એક મહત્ત્વનો દસ્તાવેજી પુરાવો બની રહી છે. મદ્રાસના

મોપલાઓ તથા બીજા કેદાગવાદી રાજકારણી માણસોનાં તેમજ બંગાળના નવજવાન વિપ્લવવાદીઓનાં અસ્થિ આંદામાનની ભૂમિ પર વેરાએલાં છે. આ રીતે હિંદની આઝાદીની ચળવળ સાથે આંદામાનની તવારીખ પણ સંકળાએલી રહી છે.

૧૯૪૨માં આંદામાન ટાપુઓ જાપાનને કબજે પડયા ત્યારે તેની વસતિ ૧૯૦૦૦ની હતી, જેમાં પોણોભાગ માજી અપરાધીઓનો હતો. નેતાજી સુભાષચંદ્ર બોઝે એ ટાપુઓ પર હિંદી હકૂમત સ્થાપીને તેમને 'જઝીરે શહીદ' (શહીદોના ટાપુ)નું નવું નામ આપેલું.

લશ્કરી વ્યૂહની દૃષ્ટિએ આ બન્ને ટાપુઓનું સ્થાન અગત્યનું છે. બંગાળના ઉપસાગરમાં, મથાળે બંગાળ-ઓરિસ્સા, એકપડખે મદ્રાસ અને બીજી બાજુએ બ્રહ્મદેશ, એમ ત્રિવિધ કિનારાની નિગેહબાની કરતું એ લશ્કરી થાણું હિંદી મહાસાગરના લાંબા ટપ્પામાં અગત્યનું મથક બની રહે છે. જ્વાળામુખીનાં શિખરોવાળા ડુંગરોથી આચ્છાદિત એનો ખડકાળ કિનારો અનેક કુદરતી સુરક્ષિત બારાંઓ અને ઉપયોગી લંગરગાહો બની રહે છે. બંગાળનાં આબોહવા વિષયક સંશોધનો કરવા તેમજ આપણા હિંદી જવાનોને સાગર સૈનિકો તરીકેની તાલીમ આપવા માટે આંદામાન એક આદર્શ સ્થળ બની શકે તેમ છે. ત્યાંનાં જંગલોમાંથી જંગી પ્રમાણમાં બાંધકામના ખપમાં આવી શકે તેવાં સાગ તથા બીજાં લાકડાં મળી શકે છે. અહીં મચ્છીના ઉદ્યોગના વિકાસની પણ સુંદર તક છે. ખાસ કરીને શાર્ક લીવર તેલનો ઉદ્યોગ સારા પ્રમાણમાં ખીલવી શકાય. આ તથા નાળિયેરની પણ અહીં બહોળી નિપજ છે હિંદની રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાના આયોજનમાં આંદામાન આવકારદાયી ફાળો આપી શકે તેમ છે.

આ સ્થિતિમાં, અનેક શહીદોની પુણ્યસ્મૃતિ ધરાવતા તથા અનેક બેવતનોની અંતિમ ક્રિયાઓના સાક્ષી સમા આ સમૃદ્ધ ટાપુઓ અંગે મૂડીવાદીઓ સાથે સરકારે કરેલો 'સોદો' સમગ્ર રાષ્ટ્રના હિતમાં વાજબી ગણી શકાય નહિ. આવી જબ્બર રાષ્ટ્રીય અમાનતને આવી રીતે મૂડીવાદીઓના હાથમાં જવા દેવાય નહિ. જે કાચી સમૃદ્ધિ પર હિંદના ઉપર્યુક્ત મૂડીદારોની આંખ ઠરી છે એ સમૃદ્ધિ પર હિંદની સરકારે જાતે ત્યાં ઉદ્યોગો ઊભા કરવા જોઇએ છે.

યૌવનપ્રાપ્તિ

માનવીના આયુષ્યની અવધી કેટલી? શાસ્ત્રોમાં ભાખ્યું છે કે **शतायुर्वै पुरुषः ॥** આયુર્વેદના આચાર્યો ચરક અને સુશ્રુતે તો માનવીનુ આયુષ્ય આઠસો વર્ષ સુધીનું કલ્પ્યું છે! યજુર્વેદ એ આયુમર્યાદા ત્રણસો વર્ષ પર્યંતની કલ્પે છે. બફન (Buffon) નામના ફ્રેંચ નિસર્ગશાસ્ત્રીએ સિદ્ધાંત તારવ્યો છે કે દરેક પ્રાણી, પશુ, માનવ અને વનસ્પતિને સામાન્યરીતે પુખ્ત ઉમરે પહોંચતાં જેટલાં વર્ષ થાય તેના કરતાં પાંચ કે છ ગણું તેનું આયુષ્ય હોઈ શકે. આ હિસાબે માણસનાં હાડકાં ૨૦ થી ૨૫ વર્ષની ઉમર સુધી સંવર્ધન પામતાં હોય છે, તો માનવીનું આયુષ્ય ૧૨૦થી૧૫૦ વર્ષ સુધીનું ગણી શકાય. પણ વર્તમાન યુગમાં તો ૫૦ વર્ષની ઉમર સુધીમાં માનવીના આયુની અવધી આવી પહોંચતી હોય છે.

અગાઉના જમાનામાં માનવો લાંબું આયુષ્ય ભોગવતા એના તો સબળ પુરાવા મળી આવે છે, પણ વર્તમાન યુગમાં અપૂરતો, અયોગ્ય ને પોષણહીન ખોરાક, જ્ઞાનતંતુઓ ઉપર ભારે બોજો, પૂરતા આરામ ને મનોશાંતિનો અભાવ, તેમજ એવાં અનેક બાહ્ય કારણોસર માનવીનું આયુષ્યપ્રમાણ ઘટી ગયું છે. તે વહેલો ઘરડો થઇ જાય છે ને અકાળે મૃત્યુ પામે છે એ દેખીતી હકીકત છે.

માનવીમાત્રનું પ્રાણબળ રોગથી હરાય છે અને તે મૃત્યુ પામે છે. વહેલા કે મોડા મરવું તે ભાગ્યાધીન નથી, પણ પુરુષાર્થાધીન છે એ પશ્ચિમ દેશોમાં વિજ્ઞાનના પ્રચાર અને પ્રગતિથી વધેલા આયુષ્યપ્રમાણના આંક ઉપરથી આજે પુરવાર થઈ શકે છે. લીસ્ટર અને પાસ્તરની જગવત્સલ શોધોથી પણ આયુષ્યપ્રમાણ ચાલીસ ટકા જેટલું વધ્યું છે.

આ જમાનામાં માનવી વહેલો રોગનો ભોગ કેમ થઈ પડે છે અને તેનો સામનો શી રીતે કરવો તેનો ઝીણવટભર્યો અભ્યાસ ઍલેક્ઝાન્ડર બોગૅમોલેટ્સ (Bogomolets) નામના વિજ્ઞાનીએ ત્રીસ વર્ષ પર્યંત સતત કર્યો. એના પરિણામે તે માનવીને રોગાવસ્થા અને વૃદ્ધાવસ્થા આણનારા શારીરિક ફેરફારો જાણી શકયો છે અને ક્ષીણ બનેલા શરીરને ફરી યૌવન-પ્રાપ્તિ કરાવે તથા જીવનની મર્યાદા વધારે તેવી દવા પણ શોધી શકયો છે.

સો વરસની ઉમરે પહોંચેલા ત્રીસ હજાર જેટલા વૃદ્ધોનાં શરીરોનાં નિરીક્ષણ પછી બોગૅમોલેટ્સનું કહેવું એમ છે કે જેના શરીરમાં સંયોજક તંતુઓ (કનેકટિવ ટિશ્યૂઝ) સારી અવસ્થામાં રહેલાં હોય છે, તે લાંબું જીવી શકે છે. એ સંયોજક તંતુઓ શરીરની અંદરનાં અવયવો (   )ના આંતર તેમજ બાહ્ય અસ્તર રૂપે પથરાએલાં હોય છે. વળી લોહીમાંનું પોષણતત્ત્વ કોષોને આપવાનું અને ત્યાંનું ઝેર બહાર લાવવાનું કાર્ય પણ આ સંયોજક તંતુઓ જ કરતાં હોય છે. ખાસ કરીને બરોળ, હાડકાંના માવા તથા બીજા અવયવોમાં આ તંતુઓ વિપુલ પ્રમાણમાં પથરાએલાં હોય છે.

બોગૅમોલેટ્સનું ધારવું છે કે લોહી અને કોષો વચ્ચે આવેલી આ સંયોજક તંતુઓની દીવાલમાંથી શરીરને યુવાન રાખનાર અને દરદનો સામનો કરનાર દેહરાસાયનિક (બાયો-કેમિકલ) ક્રિયાઓ ઉદ્ભવતી હોય છે. આ તંતુસમૂહોમાં કોષોનું ઝેર જમા થતાં તેમની ક્રિયાશક્તિ હણાવા માંડે છે અને તેથી તેમની દ્વારા કોષોને પૂરતું પોષણ મળતું નથી તેમજ કોષોનું ઝેર પૂરતા પ્રમાણમાં બહાર નીકળી જતું નથી. અને આમ સંયોજક તંતુસમૂહો બગડતાં દેહમાં રોગાવસ્થા કે વૃદ્ધાવસ્થાનાં ચિહ્નો શરૂ થવા માંડે છે.

પ્રયોગો પરથી તેને સમજાયું કે જો આ સંયોજકતંતુઓને ઉત્તેજે એવી દવા શોધાય તો તે તાજાં થાય, કોષોને પૂરતું પોષણ મળે, રોગનો સામનો થાય ને મૃતકોષોને સ્થાને જીવંત કોષો ગોઠવાઈ જાય.

રશિયાના બીવ ઇન્સ્ટીટ્યૂટ ઑવ એક્સપેરીમેન્ટલ બાયૉલૉજી અને પૅથૉલૅજીમાં આ બોગોમોલેટ્સ અને તેના સાઠ સાથીદારો સંયોજક તંતુસમૂહ કોષોને ઉત્તેજન આપે તેવા દ્રવ્યની શોધ કરતા હતા. ઈ સ ૧૯૪૧માં સાઠ વર્ષના બોગોમોલેટ્સે યૌવનપ્રાપ્તિ કરાવે તથા આયુ મર્યાદા લંબાવે તેવા દ્રવ્યની શોધ સંપૂર્ણ કરી. તેનું નામ ઍન્ટીરેટીક્યુલર સાયટોટોક્સીક સીરમ (ટૂંકામાં A.C.S.) છે. યુવાન માણસોનાં શબોનાં બરોળ અને હાડકાના માવામાંથી આ દવા બનાવવામાં આવી છે.

આ દવાનો હૉસ્પિટલોમાં ઉપયોગ થવા માંડયો છે. તેનાથી હાઈ બ્લડ પ્રેશર (લોહીનું દબાણ), કૅન્સર, જ્ઞાનતંતુ અને મગજની નબળાઇ વગેરે દરદોમાં સફળતાપૂર્વક આરામ મળે છે. બૉગૅમોલેટ્સનું કહેવું છે કે ૬૦ કે ૭૦ વર્ષનો માનવી તો જુવાન હોવો જોઈએ. હજુ તો તેણે આયુની અરધી જ અવધી વટાવી કહેવાય. બીજાં દરદોની પેઠે વૃદ્ધત્વની પણ દવા થઇ શકે છે!"

—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

કાનના રોગ અને તેના ઉપચાર

કાનમાં ચસકા મારે તેને કર્ણશૂળ કહે છે. કાનમાં જુદાજુદા અવાજ થાય તેને કર્ણનાદ કહે છે. કર્ણનાદમાં વાંસળી જેવો અવાજ સંભળાય તો તેને કર્ણક્ષ્વેડ કહે છે. કાનની સાંભળવાની શક્તિ જતી રહે તો તે બધિરતા-બહેરાશ કહેવાશ છે. કાનમાં મેલ જામે તો તે કર્ણગૂથ કહેવાય છે. જુદાંજુદાં કારણોથી કાનમાં પાક થઈને પરૂ વહેવા માંડે તો તે રોગને કર્ણસ્રાવ કહે છે. કાનમાં પાણી ભરાઈ રહે, ગૂમડાં થાય કે ફોડલીઓ થઇને તે પાકે તો પાકનો સ્રાવ થાય છે. કેટલીક વાર કાનમાં સૂક્ષ્મ જીવ—કૃમિઓ પડે છે. આ રોગને કૃમિ-કર્ણ કહે છે. કાનમાં પાણી કે જીવડું દાખલ થાય તો તેને કાઢી નાખવાની જરૂર પડે છે. તે કર્ણરોગ નથી, પરંતુ તેનો ઉપચાર કરવો પડતો હોવાથી તેનો પણ કર્ણરોગમાં સમાવેશ થઇ શકે. આટલો કર્ણરોગનો સામાન્ય પરિચય છે. હવે તેમની ચિકિત્સા જોઇએ.

કર્ણશૂળ અથવા ચસકામાં ગરમ શેક ફાયદો કરે છે. બીલી, ધંતુરો, એરંડો વગેરે વાતનાશક વનસ્પતિઓનાં પાનને પાણીમાં ઉકાળીને તે પાણીની વરાળ કાનમાં પહોંચાડવાથી શેક થઈ રહે છે. બહારની બાજુએ ગરમ પાંદડાં બાંધીને પણ વરાળીઆ શેક આપી શકાય.

દવાનાં ગરમ ગરમ ટીપાં કાનની પીડાને શમાવે છે. એવાં ઔષધો આ પ્રમાણે છેઃ (૧) લસણ, આદુ, સરગવો, મૂળો, કેળ, -આમાંના કોઈનો પણ રસ જરા ગરમ કરીને કાનમાં નાખવો. (૨) ગાય, ભેંસ, બકરી, ઘેટી, ગધેડું, ઊંટ, ઘોડો અને હાથી આ આઠ પ્રાણીઓનું મૂત્ર અષ્ટમૂત્ર કહેવાય છે. એમાંના કોઈનું પણ મૂત્ર જરા ગરમ કરીને કાનમાં ટીપાં પાડવાં. (૩) આકડાનાં પાકાં પાન ઉપર સહેજ ઘી ચોપડીને દેવતા ઉપર શેકી લેવાં. પછી નીચોવીને રસ કાઢવો. આ રસનાં ટીપાં કાનની વેદનાને શમાવે છે. (૪) ગરમ તેલનાં ટીપાં પણ ગુણકારક છે, પણ ઔષધિ સાથે તે વધારે અસરકારક છે. તેવા થોડા ઉપચાર આ રહ્યાઃ

(૧) આદાનો રસ, મધ, સિંધવ અને તેલનું મિશ્રણ ગરમ કરીને કાનમાં નાખવું. (૨) હીંગ, ધાણા અને સૂંઠનું સરખે ભાગે ચૂર્ણ કરી, તેમાંથી ૧ તોલો ચૂર્ણ, ૪ તોલા સરસિયું તેલ અને ૧૬ તોલા પાણી લેવું. એ ત્રણેનું મિશ્રણ કરીને તપેલીમાં નાખી ચૂલા ઉપર ચડાવવું. પાણી બળીને માત્ર તેલ રહે ત્યારે ઉતારી લઇને ગાળી લેવું. એનાં ટીપાં કાનની વેદનાને શાંત કરે છે. (૩) બીલી, અરણી વગેરે પંચમૂળનાં કાષ્ઠ ઉપર વસ્ત્ર વીંટી તેની ઉપર તેલનું સીંચન કરવું. પછી એક છેડેથી લાકડાને સળગાવવું. એમાંથી જે તેલ ટપકે તેનો સંગ્રહ કરવો. આ તેલને દીપિકા તેલ કહે છે. તે કાનની વેદનામાં ટીપાં નાખવા માટે વાપરવું. (૪) તેલિયા દેવદારનું આજ પ્રમાણે પાડેલું દીપિકાતેલ પણ પીડાશામક છે.

કાનમાં અવાજ થતા હોય તો દરરોજ સરસિયા તેલનાં ટીપાં કાનમાં નાખ્યા કરવાં. તેના પર ઉપર જણાવેલા કર્ણશૂળના ઉપાય પણ કરી શકાય છે.

બહેરાશ-બધિરતા માટે બિલ્વતેલ પ્રસિદ્ધ છે. તેની બનાવટ સરળ છેઃ એક તોલો કૂમળાં બીલાંને ગોમૂત્રમાં પીસી નાખીને તેમને અધોળ સરસવનું તેલ, ૦। શેર બકરીનું દૂધ અને ૦। શેર પાણીમાં ચૂલા ઉપર ઉકાળવાં. પાણી બળીને માત્ર તેલ રહે ત્યારે ઉતારી લઈને ગાળી લેવું. તેનાં ટીપાં કાનમાં દરરોજ બે વખત નાખ્યા કરવાં. અઘેડાના ક્ષારના પાણીમાં તેલ પકાવીને તેનો પણ બહેરાશ માટે પ્રયોગ કરવો.

કાનના પાકમાં રસીવાળાં ગૂમડાંના જેવી જ ક્રિયા કરવાની છે. (૧) જાઈના પાનના રસમાં પકાવેલું તેલ કાનમાં નાખવું; અથવા (૨) ગંધક અને હળદરનું સરખે ભાગે કરેલું ચૂર્ણ ૧ તોલો તથા સરસિયું તેલ ૮ તોલા અને ધંતૂરાનો રસ ૮ તોલા આ ત્રણેને એકત્ર કરી તેલ બાકી રહે ત્યાં સુધી ચૂલા ઉપર ગરમ કરવું. જૂનો કાનનો પાક પણ એનાં ટીપાં નાખવાથી મટે છે.

ખૂબ પરૂ આવતું હોય તો લીમડો, તુલસી, ગળો. કરિયાતું, આમાંના કોઈ ઔષધનો ઉકાળો કાન સાફ કરવા માટે લેવો. સળી ઉપર રૂ લપેટીને તેનાથી પરૂને લૂછી નાખવું. ત્યાર બાદ ગૂગળનો ધુમાડો કાનમાં જવા દેવો. છેવટે મધનાં ટીપાં નાખવાં. આ પ્રમાણે કરવાથી કર્ણસ્રાવમાં જરૂર ફાયદો થાય છે. ગૂગળનો ધૂપ વેદનાશામક અને જંતુઘ્ન પણ છે. કાનની દુર્ગંધીને તે દૂર કરે છે.

જખમે-હયાતનાં પાનનો રસ કાનના પરૂ ઉપર ગુણકારક છે. રસવંતીને સ્ત્રીના ધાવણમાં ઘસીને તેમાં મધ મેળવીને તેનાં ટીપાં પાડવાથી લાંબા વખતનો કર્ણસ્રાવ પણ બંધ થાય છે, એમ સુશ્રુત કહે છે. રસવંતીમાં મધ મેળવીને કરેલાં ટીપાં અસરકારક માલૂમ પડયાં છે. એ ટીપાં પાડી શકાય તેટલા માટે થોડું પાણી ઉમેરવું. આંબો, જાંબુ, વડ ને મહુડાનાં કૂમળાં પાનનો ઉકાળો કરી તેમાં સિદ્ધ કરેલું તેલ કર્ણસ્રાવને રોકે છે. તેલ તૈયાર કરવાની રીત ઉપર મુજબ.

લાખ, રસવંતી અને રાળના ચૂર્ણને ખૂબ બારીક કરીને ભૂંગળી વતી કાનમાં ફૂંકી આપવું. ઊંડા વ્રણોમાં આ રીત અજમાવાઇ છે. કાનના વ્રણમાં પણ તે ફાયદો આપશે.

કાનમાં મેલ હોય તો દરરોજ તેલનાં ટીપાં નાખવાં. થોડાક દિવસ પછી પાણીની વરાળને ભૂંગળી દ્વારા કાનમાં પહોંચાડીને શેક કરવો. આ રીતે પીગળેલા મેલને સળીથી અથવા ભૂંગળીથી ચૂસીને કાઢી લેવો.

કાનમાં પાણી ભરાઈ રહે તો તે વખતે તેલ અને પાણીને હાથથી ખૂબ મસળીને તેનાં ટીપાં કાનમાં નાખવાં, અથવા ભૂંગળીથી પાણી ચૂસી લેવું. કાન નીચો રાખીને માથાને હાથ વતી ઠોકવાથી પણ ઘણીવાર પાણી બહાર આવી જાય છે.

જીવડું કાનમાં પેસી ગયું હોય તો મીઠાનું પાણી નાખવું. તેથી તે મરી જશે. પછી સળીથી, કે ભૂંગળીથી ચૂસીને તેને કાઢી નાખવું.

કાનમાં કૃમિ પડે ત્યારે (૧) ભોરીંગણીનાં પાકાં ફળનો ધુમાડો આપવાથી આરામ થાય છે. દાંતના કૃમિમાં પણ આ ધૂણી આપવામાં આવે છે. (૨) ગોમૂત્રમાં હરતાલ પીસીને તેનાં ટીપાં નાખવાં; અથવા હરતાલ, સરસિયું તેલ અને ગોમૂત્રને ઉકાળીને માત્ર તેલ રહે એટલે ઉતારી લઇને તે તેલનાં ટીપાં નાખવાં.

(પાટણ અભ્યાસગૃહ પત્રિકા) —વૈદ્ય ફુલાભાઈ મથુરભાઇ પટેલ

હિમાલયના હિમની શાસ્ત્રીય આંકણી

હિંદની જળસમૃદ્ધિનો ખ્યાલ આણવા માટે હિંદી સરકાર તરફથી ટૂંક વખતમાં જ હિમાલયના હિમની શાસ્ત્રીય પદ્ધતિથી આંકણી કરવામાં આવશે. એ દિશામાં પ્રાથમિક પગલાં તરીકે 'ધ સેન્ટ્રલ વૉટરવેઇઝ ઇરીગેશન ઍન્ડ નેવિગેશન કમિશન' અને હિંદી ભૂસ્તરશાસ્ત્રીય ખાતું, બંને મળીને હિમાલયપ્રદેશમાં હિમની તપાસ કરવા માટે સંશોધનમંડળો મોકલે છે. આ કામ માટે હિંદીઓને તાલીમ આપવા સરકારે અમેરિકાના આન્તરરાષ્ટ્રીય હિમ-નિરીક્ષણ-મંડળના પ્રમુખ ડૉ. જે. ઇ. ચર્ચને આમંત્રણ આપ્યું છે.

હિમ-તપાસમાં અગત્યની બાબત એ છે કે હિમાલયના ઉચ્ચ પ્રદેશોમાં કેટલો બરફ જમા થયો છે તેનો અંદાજ કાઢવો. એ માહિતી પરથી ઇજનેરો હિમસમૃદ્ધ નદીઓને હિમાલયના આ કુદરતી ભંડારમાંથી કેટલો લાભ મળવાનો સંભવ છે તેનો અંદાજ કાઢી શકશે. હિમાલયમાં જમા થએલા એ બરફ રૂપે જળનો ભંડાર ભર્યો પડયો

છે. ઉત્તર હિંદની હિમસમૃદ્ધ નદીઓને એને લીધે જ પાણી પૂરૂં પડે છે ને એમની ભરતીની સપાટીમાં ફેરફાર થાય છે. એટલે એ મૂળ જળસમૃદ્ધિની જો માહિતી મળે તો તેના ઉપયોગોની યોજનાઓ વિચારી શકાય પશ્ચિમની માફક આપણા હિંદમાં બરફ અને ગ્લૅશિયર (હિમનદીઓ) વિષે ચોક્કસ આંકણી થતી નથી, તેથી દેશની જળસમૃદ્ધિના ઉપયોગીકરણની પ્રવૃત્તિના એક અંગ તરીકે આ હિમ-તપાસ ઘણી મહત્ત્વની થઇ પડશે.

વિટામિન વિષે

[૩] વિટામિન 'બી' (કૉમ્પ્લેક્સ)

લેખક
— નટવરલાલ શાહ

વિટામિન 'બી' નામનું આ સત્ત્વ છેક ઈ. ૧૮૯૭માં આઈઝકમાનને ચોખાની કુશકીમાંથી મળી આવેલું ત્યારે તેનો એક જ પ્રકાર જાણીતો હતો. પણ ત્યાર પછી આના જ અનુષંગી એવાં 'બી-૨' ઈ. સ. ૧૯૨૬માં, 'બી-૩' અને 'બી-૪' ૧૯૨૮માં, 'બી-૫' ૧૯૩૦માં શોધાયાં. એ સમૂહ આજે 'વીટામિન બી કૉમ્પ્લેક્સ'ને નામે ઓળખાય છે. એમાંના બે ખાસ ઉલ્લેખપાત્ર છે.

બી-૧: એનું શાસ્ત્રીય નામ ઍન્યુરીન હાઇડ્રોક્લોરાઈડ. એ દૂધ અને ઇંડાંમાં ખૂબ વ્યાપક છે દૂધ લોહીમાંથી જ સીધું બને છે, તેથી દૂધમાંના બી-૧નું પ્રમાણ, તે પ્રાણીના લોહીમાં રહેલા બી-૧ના પ્રમાણ જેટલું જ ભારોભાર હોય છે. એ ઉપરાંત અનાજ-કઠોળના 'આખા દાણા'માં પણ તેનું પ્રમાણ સારૂં છે. તેથી જ કુશકી કે ફોતરાં નીકળી જવાથી આ સત્ત્વનો ઘણો ભાગ નીકળી જાય છે. છડેલા અને વગર છડેલા ચોખામાં બી-૧ના પ્રમાણમાં ઘણો તફાવત છે. શાકભાજી, ફળો અને યીસ્ટ (yeast)માં પણ તેનું પ્રમાણ સારૂં છે.

ગુણો: નરમ ઍસિડિક (તેજાબવાળા) પાણીમાં તેમજ ૧૦૦ ડિગ્રીએ અર્ધો કલાક સુધી ગરમ કરવાથી તે નાશ પામતું નથી. પણ રોટી કે શાકભાજી વગેરે ખોરાકમાં આલ્કલી, બેકિંગ પાઉડર, કે પાપડિયો ખારો નાખવામાં આવતાં ગરમ થવાથી તે નાશ પામે છે.

૧.૫ થી ૨.૩ મિલિગ્રામ એ તેની સર્વસામાન્ય દૈનિક જરૂરીઆત. પણ નાનાં બચ્ચાંઓ તેમજ ગર્ભાવસ્થાવાળી સ્ત્રીઓને તેથી પાંચગણું પ્રમાણ જરૂરનું હોય છે.

આ બી-૧ વિટામિન શરીરના દરેક કોષના ઘડતરમાં અગત્યનો ભાગ ભજવે છે. અને તે જો પૂરતા પ્રમાણમાં ન મળે તો બેરીબેરી નામનો રોગ થાય છે, જેમાં ભૂખ લાગતી નથી, હોજરીમાં દુખાવો રહે છે, કબજિયાત થાય છે ને શરીરમાં સામાન્ય નબળાઇ લાગે છે. અત્યંત દારૂ પીવાથી જ્યારે હોજરીના અંદરના પડને નુકસાન થાય છે ત્યારે પણ આ બી-૧નું શોષણકાર્ય ઘટી જાય છે. ગર્ભાવસ્થા દરમિયાન તેમજ પછીની અવસ્થામાં બી-૧ના અભાવથી સ્ત્રીને દૂધ ઓછું આવે છે. માણસમાત્રના શરીરની સામાન્ય તંદુરસ્તી માટે આ બી-૧ વિટામિન ખૂબ જ જરૂરનું છે.

બી-૨: એનું શાસ્ત્રીય નામ રીબોફ્લેવીન. જે પદાર્થોમાં બી-૧ હોય છે તે દરેકમાં બી-૨નું પણ પ્રમાણ સારૂં છે. ખાસ કરીને યીસ્ટ, વટાણા, ફળો, ગાયનું તાજું દૂધ, ઈંડાંની સફેદી વગેરેમાં.

બી-૧ કરતાં બી-૨ વધારે ગરમી સહન કરી શકે છે. પણ અલ્ટ્રાવાયોલેટ કિરણો તેમજ આલ્કેલાઇન પાણીમાં નાશ પામે છે. પુખ્ત વયના મનુષ્ય માટે રોજ ૨.૨ થી ૩.૩ મિલિગ્રામ બસ થઈ પડે. ગર્ભાવસ્થામાં તેમજ વિકસતઃ બાળકને ૪-૫ મિલિગ્રામ જોઇએ

બી-૨ના અભાવથી ખાસ તો ચામડીના રોગો થાય છે હોઠ ફૂલી જાય છે તેમજ મોંના ખૂણાઓમાં વાઢ તડો (fissures) પડે છે.

આ માસ(એપ્રિલ)ઈતિહાસમાં

તા. ૩ દક્ષિણમાં સ્વાતંત્ર્ય-સ્થાપના કરી મહારાષ્ટ્ર સત્તાનો પાયો રોપનાર છત્રપતિ શિવાજી મહારાજનું અવસાન, ૧૬૮૦.

તા. ૬ ગ્રીસની પુરાણી ઓલિમ્પિક રમતો પુનર્જિવિત થઇને આધુનિક યુગના એ વિખ્યાત જગતક્રીડાંગણની શરૂઆત થઇ, ૧૮૯૬

તા. ૭ વિદ્વાન તત્ત્વદર્શી આચાર્ય આનંદશંકરનું અવસાન, ૧૯૪૨

તા. ૯ અમેરિકન આંતર વિગ્રહનો અંત, ૧૮૬૫

તા. ૧૦ મહર્ષિ દયાનંદે આર્ય સમાજની સ્થાપના કરી, ૧૮૭૫

તા. ૧૪ દલિત-નેતા ડૉ. ભીમરાવ આંબેડકરનો જન્મ, ૧૮૯૨.

તા. ૧૫ જગતની મહાન હોનારત-સ્ટીમર ટિટૅનિક ડૂબી, ૧૯૧૨

તા. ૧૯ વિકાસવાદના પ્રણેતા ચાર્લ્સ ડાર્વિનનું અવસાન, ૧૮૮૨

તા. ૨૩ અંગ્રેજ કવિ શેક્સપીઅરનું અવસાન, ૧૬૧૬

તા. ૨૫ ઈંગ્લંડની રાજાશાહી સામે સબળ લોકનાદ ઉઠાવી લોકસત્તાનો પાયો નાખનાર ક્રાન્તિકર ઑલિવર ક્રૉમવેલનો જન્મ, ૧૫૯૯

તા. ૨૭ મહાન અમેરિકન ચિંતક એમર્સનનું અવસાન, ૧૮૮૨

તા. ૨૯ જોન ઑવ આર્કે ઑર્લીઆને ઘેરામાંથી મુક્ત કર્યું, ૧૪૨૯

આ માસની વ્યક્તિવિશેષ

વિલિયમ શેક્સપીઅર



જગતભરની જીભે જેનું નામ સદાકાળ રમતું રહ્યું છે અને રહેશે, એવી વિરલ વ્યક્તિઓમાં સ્થાન ધરાવનાર ઇંગ્લંડના આ સર્વશ્રેષ્ઠ કવિ-નાટકકારનો જન્મ ૧૫૬૪ના એપ્રિલ માસની ૨૩મી તારીખની આસપાસ ઍવન નદી ઉપરના સ્ટૅટફર્ડ (સ્ટૅટફર્ડ-ઑન-ઍવન) ગામે ખેડૂત માબાપને ત્યાં થયો હતો. ૧૮ વર્ષની વયે તે પોતાથી ૮ વર્ષ મોટી ઍન હૅથાવેને પરણ્યો, જેનાથી તેને ત્રણ સંતાન થયાં. એ પૈકીનો પુત્ર હૅમનેટ બાલપણમાં જ ગુજરી જવા બાદ સુસાન અને જ્યૂડિથ નામની બે દીકરીઓ જ રહેલી.

ઈ.૧૫૮૭માં કુટુંબને સ્ટૅટફર્ડમાં રાખી તે રોજી રળવા લંડન ગયો, જ્યાં નાટકશાળાનું આકર્ષણ થતાં, નાટક જોવા જનારાઓના ઘોડા થીએટરને બારણે સાચવવાના કામથી શરૂઆત કરી ક્રમેક્રમે તે નટનું. જૂનાં નાટકો સુધારવાનું તેમજ નવાં નાટકો રચનાર કવિનું કામ કરતો અને ગ્લોબ થીએટરનો ભાગીદાર-માલિક બન્યો.

તેની લેખનશક્તિ એટલી સમર્થ હતી, રંગભૂમિના કસબનું તેનું જ્ઞાન એટલું તલસ્પર્શી હતું, નાટ્યરચનાની તેની ચાતુરી એટલી બીનહરીફ હતી, તેનું શબ્દસામર્થ્ય એટલું બલવાન ને શબ્દભંડોળ એટલો વિપુલ હતો અને માનવ સ્વભાવનું તેની વિશ્લેષણશક્તિ એટલી તીવ્ર હતી કે એવી સર્વતોમુખી પ્રતિભા વડે જોતજોતાંમાં પોતાના સમકાલીન કવિઓ ને વિદ્વાનોમાં તે મોખરે જઇને ઊભો, એટલું જ નહિ પણ તેના સમકાલીન વિદ્વાન બેન જૉન્સનના શબ્દોમાં કહીએ તો સર્વકાલના સર્વશ્રેષ્ઠ કવિ તરીકે પોતાની નામના તેણે અંકિત કરી. ૩૭ નાટકો (જે પૈકી ૧૭ શોકપર્યવસાયી, ૧૦ આનંદપર્યવસાયી અને ૧૦ ઐતિહાસિક છે), ૨ લાંબાં કાવ્યો અને ૧૫૪ સૉનેટ, એટલી વિપુલ અને અમર લેખનસમૃદ્ધિ મૂકી, જગતભરના મહાકવિઓની હરોળમાં પોતાનો આંક પાડી પોતાના વતનમાં નિવૃત્ત જીવન ગાળતો આ મેધાવિન મહાનર ઈ.૧૬૧૬ના એપ્રિલની ૨૩મીએ અવસાન પામ્યો.

ઘટમાં ઘોડાં થનગને આતમ વીંઝે પાંખ
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ

—સ્વ. મેઘાણી

ખંભાતમાં બ્રાહ્મણોએ મુસ્લિમોને કનડયાની તથા એક મસ્જિદ બાળી નાખ્યાની ફરિયાદ આવતાં સિદ્ધરાજ જયસિંહે છૂપે વેશે જાતે ત્યાં જઈ તપાસ કરી અને તેમાં હિંદુઓનો વાંક જણાતાં તેમનો દંડ કરી નવી મસ્જિદ બંધાવરાવી આપેલી. . . અને કુમાર ઔરંગઝેબે ધર્મના ઝનૂનમાં અમદાવાદમાં ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર તોડી નાખ્યાના સમાચાર મળતાં શાહજહાંએ તેને તે ફરી બંધાવી આપવાની ફરજ પાડેલી.

કહેવતોના અર્થ: કોઈ માણસ અહંકારથી વધારે પડતું અથવા અધિકાર બહારનું બોલે કે આચરે તો તે તેના ગજા ઉપરવટ તેમ કરે છે એવું દર્શાવવા માટેની તિરસ્કાર સૂચક કહેવત આપણે એવી વાપરીએ છીએ કે 'ખાંડ ખાય છે, ખાંડ !' પણ એમાં 'ખાંડ' શબ્દ ખોટો બોલાય છે. તેને બદલે 'ખાણ ખાય છે, ખાણ' એમ જોઇએ. 'ખાણ' એટલે ઢોરનો ખોરાક. અને એમાં માણસ જેવા માણસને ઢોરનો ખોરાક ખાવા બરોબર નિંદ્ય ગણવાનો ઉપાલંભ છે.

ગણિત-ગમ્મત: ૭૪૯ એ એક એવી રકમ છે કે તેને તેના પહેલા અંક વડે ભાગી, બીજો અંક બાદ કરી, ત્રીજા અંક વડે ગુણી અને મૂળ રકમના અંકોનો સરવાળો ઉમેરવાથી રકમ ઉલટાઈ જશે. જુઓ: ૭૪૯÷૭=૧૦૭-૪=૧૦૩×૯=૯૨૭+(૭+૪+૯)=૯૪૭.

—નૌતમ વખારિયા

કનુને એક પાવલી અને એક રૂપિયાની નોટ બતાવીને માશીએ પૂછ્યું: 'આ બેમાંથી કયું એક તારે જોઇએ ?'

કનુએ પાવલી બતાવીને કહ્યું: 'આ આપો; પણ આ નોટમાં પડીકું વાળીને આપજો.

બંદૂકમાં ફોડવાનો દારૂ પહેલવહેલો ચીન દેશમાં ઇસુની છઠ્ઠી સદીમાં શોધાયો હોવાનું કહેવાય છે, પરંતુ યુદ્ધના સાધનને બદલે ફટાકડામાં જ તેનો ઉપયોગ કરવામાં આવતો. યુદ્ધસાધન તરીકે તેનો પહેલવહેલો ઉપયોગ ઇ. સ. ૧૨૩૦માં કુબ્લાખાને કર્યો. યુરોપમાં એ ઈ. સ. ૧૨૪૭માં દાખલ થયો અને ઇ. સ. ૧૫૧૨માં બ્રેસ્ટ મુકામે સામસામા પક્ષોએ ચલાવેલી ગોલંદાજી એ દારૂ વડે લડાએલું પહેલું નૌકાયુદ્ધ હતું.

ઈસ્લામમાં કોઈ પણ વસ્તુની મૂર્ત આકૃતિ આલેખવાની મના હોવાથી, શરૂઆતના અમુક ગણ્યાગાંઠ્યા અપવાદોમાં ચિત્રો આપ્યા પછી હિંદી સિક્કાઓ પરથી ચિત્ર-પ્રતીકો સદાને માટે અદૃશ્ય થયાં અને તેને બદલે, સિક્કાની આગલી તથા પાછલી બંને બાજુએ લખાણો જ કોતરાવા લાગ્યાં, જેમાં રાજાનું નામ, ઇલ્કાબો, હિજરી સંવત અને સવિશેષ તો એ સિક્કો પાડયાની ટંકશાળના શહેરનો (હિંદી સિક્કાઓ પર પહેલી વાર) ઉલ્લેખ આવતો.



એવા બંને બાજુ કેવળ લખાણવાળા સિક્કાઓના નમૂના રૂપ મળેલા સુલતાન અલ્તમશના પ્રથમ સિક્કાની છાપ ઉપર આપી છે. જેમાં એક બાજુએ ષટકોણમાં 'સુલતાન' અને બીજી બાજુએ 'અલ્તમશ' લખેલાં છે.

અનેકાર્થી શબ્દ: **ગતિ**: ચાલ; ઝડપ; કોઈ વિષયમાં પ્રવેશ કરવાની સૂઝ; સમજ અથવા મતિ; બળ; દશા; મૂઆ પછીની હાલત.


જો એક માઇલ લાંબા એક ગર્ડરને ખાડા ટેકરા વિનાની બરોબર એકસરખી સપાટ જમીન પર પૃથ્વી પર આડો લંબાવ્યો હોય તો તેના બંને છેડા પૃથ્વીની સપાટીથી ચાર ચાર ઇંચ ઊંચા રહે. એ સાબિત કરે છે કે પૃથ્વી ગોળ છે.

કોડહમ્



કલાકણિકા: રથના પૈડાના આરા પર નારી-આકૃતિનું સુશોભન-શિલ્પ (ઓરિસ્સા)

ફ્રેન્ચ ડૉક્ટર થીઓફીલ લાઇનેકે ૧૮૧૪માં લાકડાના ચીચુડા પર રમતાં છોકરાંઓને કંઈક કરતાં જોયાં. એક છોકરો ચીચુડાને એક છેડે લીસોટા કરતો હતો અને બીજો, બીજે છેડે કાન માંડી તે સાંભળતો હતો. આથી તેને થયું કે આ જ રીતે માણસની છાતીમાં થતા સૂક્ષ્મ અવાજો કાગળની ભૂંગળી વડે સાંભળી શકાય કે નહિ? તેણે પ્રયોગ કરી જોયો તો શરીરના અવાજોની નોંધ કરી શકાય એટલું સ્પષ્ટ સંભળાવા લાગ્યું. ડૉક્ટરો વાપરે છે તે ભૂંગળી (સ્ટેથેસ્કોપ) ની શરૂઆત તે દિવસથી થઈ.



(આ માસનો કટાક્ષ) **અઠ્ઠાવીસ વર્ષને આંતરે** ('રેખા'માં ચકોર) જે પંજાબમાં ૧૯૧૯માં જલિયાંવાલા બાગના હત્યાકાંડમાં બ્રિટિશ ઍંગ્લોનેટે હિંદીવાનોનાં લોહી એક કર્યાં એ જ પંજાબમાં આજ અઠ્ઠાવીસ વરસ પછી ભાઈ ભાઇની છાતીમાં છરી ભોંકીને એ લોહી જુદાં કરે છે.

સ્વામી શ્રી માધવાનંદજી મહારાજનો યોગવિદ્યાનો એક દૈવી ચમત્કાર

જોધપુર, તા. ૧૨મી એપ્રિલ

ભારતવર્ષ અનંતકાળથી તેના આધ્યાત્મિક અને યોગવિદ્યા માટે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. આજના પાશ્ચાત્ય સંસ્કૃતિના ભૌતિક વિદ્યાના સમયમાં એ વિદ્યાના અસ્તિત્વને ઘણાઓ ભૂલી ગયા છે. એ સંસ્કૃતિની વિદ્યા કેટલી પ્રબળ હતી તેની એક જીવંત ઘટના આધ્યાત્મવાદ અને યોગવિદ્યામાં ન માનનારાઓ માટે રાજપૂતાનાના લોકપ્રિય અને ગુરુશ્રી સ્વામીજી શ્રી માધવાનંદજીના દૈવી ચમત્કાર પરથી બની છે. સ્વામીજી ઉત્તર હિંદ વગેરે બાજુની જનતા અને જોધપુર, ઇડર વગેરે મોટા રાજકુટુંબોમાં ભારે માન અને પ્રેમથી પૂજાય છે.

થોડા જ દિવસો પરની આ વાત છે. સ્વામીજી શ્રી માધવાનંદજીએ યોગવિદ્યાનો એક દૈવી ચમત્કાર કરી બતાવ્યો છે. આજે એ વાતે અનેક રાજકુટુંબો અને જોધપુરની જનતામાં ભારે રસ પેદા કરી દીધો છે.

જોધપુરના પુરાતન કિલ્લામાં અમુક સ્થળે જમીનમાં ચોક્કસ ઉંડાણમાં અમુક વસ્તુઓ છે એમ સ્વામીજીએ યોગવિદ્યાનો પરચો જોવા મળેલી મેદની સમક્ષ જાહેર કર્યું હતું.

સ્વામીજીની આ જાહેરાત વખતે જોધપુરના યુવરાજશ્રી બડા મહારાજ કુમારસાહેબ પણ હાજર હતા.



સ્વામીશ્રી માધવાનંદજી મહારાજ
દૈવી ભુવન, રાતાનાડા (જોધપુર)

સ્વામીજીના જણાવ્યા પ્રમાણે કિલ્લાના જૂના મહેલોમાં ખોદકામ કરતાં દરેકેદરેક ચીજો જણાવેલી ઉંડાઈમાંથી મળી આવી હતી. જેમાં જૂનાં ઘરેણાં, કપડાં, નાળિયેર વગેરે વસ્તુઓ હતી. આ વસ્તુઓ પ્રાપ્ત થવાથી જોધપુરની અતિહાસિક સમય પરની સંસ્કૃતિ પર ભારે પ્રકાશ પણ પડ્યો છે.


સ્વામીજીની આ યોગવિદ્યાના ચમત્કારનો પ્રભાવ ખુદ જોધપુર રાજકુટુંબ પર પડ્યો છે.

જોધપુરના યુવરાજ પાશ્ચાત્ય સંસ્કૃતિવાળા વાતાવરણમાં ઉછેરાયા હોઈ સ્વામીજીના કહેવા પ્રત્યે પ્રથમ વિશ્વાસ બેઠો ન હતો પણ બધી ચીજો જણાવ્યા પ્રમાણે મળી જતાં યોગવિદ્યાના અસ્તિત્વનો કુમારશ્રીએ તુરતજ સ્વીકાર કર્યો હતો.

(નવાં હિંદી પત્રમિત્રો અનુ૦ પૃ.૧૦૩થી**)**

(૧૯૨) જે. એ. અજમેરા, મૅટ્રિકક્લાસ, હૅરિસ હાઇસ્કૂલ, પાલીતાણા; (૧૯૩) મીરાંબેન ર. વ્યાસ, મંગલ ભુવન, મોરબી; (૧૯૪) અનંત ર. વ્યાસ, પો. બૉ. નં. ૭૪૬ કલકત્તા—૧; (૧૯૫) કનુશાહ, પો. બૉ. નં ૧૪૧, અમદાવાદ; (૧૯૬) શશિકાન્ત ઘેલાભાઇ શાહ, મુ. કાંચોલ, સ્ટે. ડાંગરવા, તા. કડી; (૧૯૭) ફૈયાઝઅલી એચ. સૈયદ, સૈયદવાડા, પેટલાદ; (૧૯૮) ચન્દ્રવદન ભટ્ટ, મારફત ડૉ. અંબાશંકર એન. ભટ્ટ ૯૯૨ કૃષ્ણનગર, ભાવનગર; (૧૯૯) તરંગકુમાર ના. ત્રિવેદી, હરિયાળા પ્લૉટ નં. ૧, માણેકવાડી, સ્ટેશનરોડ, ભાવનગર; (૨૦૦) રસિક એસ. પરમાર, ટેકરીપોળ, કરમસદ; (૨૦૧) નલિન ચંદુલાલ શાહ, ચંદુલાલ છોટાલાલ શાહ મારફત, ૩૧૧ સૅન્ડહર્સ્ટ રોડ, પહેલો માળો, મુંબાઇ—૪; (૨૦૨) કૃષ્ણકાન્ત ભોગીલાલ શાહ, ભોગીલાલ માણેકલાલ શાહ મારફત, કાનજી મૅન્શન, સૅન્ડહર્સ્ટ રોડ, ૧લો માળો, મુંબાઈ—૪; (૨૦૩) ઈશ્વરચંદ્ર એન. મિસ્રી, તુલસીવાડી, મઝગામ ટ્રામટરમિનસ પાસે, મુંબાઇ—૧૦; (૨૦૪) રમણિકભાઇ હરિશંકર દવે, C/o સાઉથ ઇન્ડિયા સાઈકલ ઇમ્પોર્ટિંગ કં., ૭બી બ્રોડવે, મદ્રાસ; (૨૦૫) ડુંગરસિંહ દ્વારકાદાસ નયગાંધી, ધો. ૬, ગો. તે. મહાશાળા, માંડવી-કચ્છ; (૨૦૬) મણિલાલ પી. પટેલ, આર્ટિસ્ટ, કારકુન ચાલ, પીલાજી ગંજ, મહેસાણા; (૨૦૭) નટવર જાની, તખ્તેશ્વર પ્લૉટ, ભાવનગર; (૨૦૮) મિસ રંજના આર. પંડયા, ગુંદરિયાની પોળ, ખંભાત; (૨૦૯) જયંતીલાલ અંબાલાલ, મુ. જોટાણા—વાયા મહેસાણા.





ઉપરઃ પ્રસાધન (ટૉઇલેટ); નીચેઃ દક્ષિણ ગુજરાતમાં દીવાસાનો ઉત્સવ • કલાકાર શ્રી શ્યાવક્ષ ચાવડા (જુઓ–આ અંકમાં એમની કલાનો પરિચય)